પૂ. ગુરુદયાલ મલ્લિકજીનું
જીવન-આલેખન




# પ્રભુ
# કૃપા
# કિરણ

મુકુલ કલાથી
નિરંજના કલાથી

HASU

# પ્રભુકૃપા-કિરણ

[પૂજ્ય ગુરુદયાળ મલ્લિકજીનું જીવન-આલેખન]

तेरी कृपा ही मेरो आधार।
तेरी कृपा ही मेरो आहार।
शुक्र हो तेरा हजार बार॥


મુકુલ કલાર્થી
નિરંજના કલાર્થી



પ્રજ્ઞા સાહિત્ય પ્રકાશન
સરદારબાગ, બારડોલી – ૨

પ્રકાશક :
પ્રજ્ઞા સાહિત્ય પ્રકાશન વતી
મુકુલ કલાર્થી
સ્વરાજ્ય આશ્રમ,
સરદારબાગ, બારડોલી-૨

© મુકુલ કલાર્થી, નિરંજના કલાર્થી

મુદ્રક :
મોહન પરીખ
સુરુચિ છાપશાળા
બારડોલી - ૨

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૧૯૬૭, પ્રત ૨૦૦૦

કિં. : રૂ. ૫-૦૦

પ્રાપ્તિસ્થાન

મુકુલ કલાર્થી
સ્વરાજ્ય આશ્રમ
બારડોલી-૨


•

નવજીવન સાહિત્ય મંદિર
મહાત્મા ગાંધી રોડ
સુરત-૧

દત્તુભાઈ મહા
હરિજન આશ્રમ
અમદાવાદ-૧૩

•

'વત્સલ' કાર્યાલય
વાત્સલ્યધામ
મઢી



પૂજ્યશ્રી મોટા સાથે

हरिः ॐ

સાદર

અર્પણ

પરમ પૂજ્ય મોટાને

જેઓશ્રીનું જીવન

ઊંડી તેમ જ ઉજ્જવળ આધ્યાત્મિકતા

અને

સાર્થક વ્યવહાર-કુશળતાનો

સુંદર સંગમ છે.

ગુ. મ.

સુ.

નિ.

I bow to the Teacher, who pointed out the Path to me.
Who revealed to me the Law of Nature,
Who taught me the *Mantra* of Love,
Who brought me into touch with the Perfect Men.

I bow to the Teacher who taught me that the Heart of Man is the Temple Divine, and also the control of the mind which disturbs the peace and purity of that Temple.

I bow to the Teacher who taught me that there are not many races in the world but only one—the race of mankind—and who, thus, propagated the Principle of Brotherhood.

G. M.

ગુરુઃ ॐ

# ગુરુચરણકમળે

પરમ પૂજ્ય ગુરુદયાળ મલ્લિકજીને સૌ કોઈ 'ચાચાજી'ના વહાલસોયા નામથી ઓળખે છે. તેઓશ્રી અમારા જીવનમાં ગુરુસ્થાને વિરાજે છે.

પૂ. ચાચાજી વાતચીતમાં ઘણી વાર પોતાના જીવન-અનુભવો ટાંકતા હોય છે. એ સાંભળીને ઘણા લોકો તેઓશ્રીને કહે છે: 'ચાચાજી, આપ જો આપની આત્મકથા કે આપનાં સંસ્મરણો લખો તો સૌને તે પ્રેરણાત્મક થઈ પડે અને આપના જીવન વિશે પણ જાણવા મળે.'

પરંતુ ચાચાજી રહ્યા પ્રભુના નમ્ર ભક્ત. તેઓ તો મૌનમાં જ આ વાતનો જવાબ હમેશાં આપે. તેઓ એટલા નમ્ર છે કે પોતાના વિશે કશું કહેતા પણ ખૂબ ખૂબ સંકોચ અનુભવે, તો પછી પોતે પોતાના વિશે કશું લખે એ બને જ શી રીતે?

અમે પણ પૂજ્ય ચાચાજીને પ્રેમાળપણે ઘણી વાર તેઓશ્રીના જીવન વિશે પૂછતાં. પરંતુ તેઓ એ વાત ટાળતા અને કોઈ વાર મીઠી આંખો પણ બતાવતા. પરંતુ અમે તો વારંવાર નાનકડાં બાળકોની માફક પૂછતાં જ રહ્યાં અને પૂજ્ય કાકાસાહેબે પ્રસ્તાવનામાં લખ્યું છે તેમ, 'ભક્તો પોતાને વિશે ભાગ્યે જ વિશેષ બોલતા હોય છે.

પણ ભક્તના ભક્ત આગળ એવા લોકોનું કશું ચાલતું નથી. અને પ્રેમાળ પ્રશ્નોની અસર તળે તેઓ ખીલે પણ છે,' એટલે અમ જેવાં બાળકોની હદને દરગુજર કરી પૂજ્ય ચાચાજી ધીમે ધીમે અમારા પ્રશ્નોના જવાબ આપતા ગયા અને કોઈ કોઈ વાર વાતના સંદર્ભમાં બીજાં પણ સંસ્મરણો કહેતા ગયા. પૂ. ચાચાજી આમ તો છે સરહદના, એટલે મૂળ સ્થાનના અર્થને પણ તેમણે સાર્થક કર્યો છે — મતલબ કે તેઓ 'हद'ને પણ 'सर' કરી ગયા છે. તેથી પૂ. ચાચાજી જ્યાં જ્યાં જાય ત્યાંના જ તેઓ બની જાય છે. ગુજરાતીને તેઓ ગુજરાતી જ લાગે, સિંધીઓને તેઓ સિંધી જ લાગે — આમ દરેકને ચાચાજી પોતાના આત્મીયજન જ લાગે. આ નાતે અમારી સાથેની વાતચીતમાં તેઓ ગુજરાતીમાં જ ધીમે ધીમે બોલતા હતા. એટલે અમે લગભગ પૂ. ચાચાજીના જ શબ્દો લખી લેતાં હતાં. આમ, તેઓશ્રીનાં આ સંસ્મરણોમાં પૂ. ચાચાજીની ભાષા અને લઢણ અનાયાસે આવી ગયાં છે. તદુપરાંત, પૂ. ચાચાજી આખું લખાણ સાંભળી પણ ગયા છે. એક રીતે આ બધું લખાણ 'આત્મકથા'રૂપે જ લખાયેલું છે. એટલે પૂ. ચાચાજીના જીવનને થોડુંઘણું છતાં યથાતથ સમજવામાં આ સંસ્મરણો ઉપયોગી થઈ શકે એમ છે, એ આનંદની વાત છે.

ખરી રીતે પૂ. ચાચાજીનો પરિચય તો તેઓશ્રીના પ્રત્યક્ષ સમાગમથી જ આવી શકે. તેઓશ્રીનો બાલોચિત વિનોદ, બાળક જેવું તેઓશ્રીનું મુક્ત હાસ્ય, બાળકના જેવી તેઓશ્રીની મસ્તી, બાળકો વચ્ચે તેઓ બાળક બની જઈ નાચંનાચા અને કૂદંકૂદા પણ કરે, જાતજાતના ચાળા — હાવભાવ કરે અને બધે કિલ્લોલ કિલ્લોલ કરી મૂકે. બાળકોની દુનિયા એટલે એક જ દુનિયા. ત્યાં ન મળે કશો ભેદભાવ — રાયરંક, કાળાગોરા, ઊંચનીચ એવું ત્યાં કશું ન મળે. આપણે સૌ એક જ પિતાનાં સંતાનની ભાવના બાળકોમાં

સાકાર થયેલી જોવા મળે. એ જ ન્યાયે આપણા દેશમાં કે વિદેશમાં બાળકો ચાચાજીને જોતાં ઘેલાં ઘેલાં થઈ જાય. ચાચાજી ચાલતાં ચાલતાં આપણી સાથે કેટલીયે ગંભીર વાતો કરતા હોય, પણ કોઈ બાળક ચાચાજીને પસાર થતા જોઈને ઉલ્લાસમાં બોલી ઊઠે: ' ચાચાજી ! ' ત્યાં તો ચાચાજી સામો ટહુકો કરે: ' ઓ...! ' વળી કોઈ વાર એની પાસે જઈને તોફાન પણ કરવા લાગી જાય. ચાચાજીની વિદેશયાત્રામાં પણ બાળકોએ ચાચાજીને જ્યાં ત્યાં એવો જ ભાવભર્યો આવકાર આપ્યો હતો. અહીં એક પ્રસંગ પૂરતો થશે. એક વાર ફિલાડેલ્ફિયામાં ચાચાજી એક બાલમંદિરમાં ગયા હતા. જાનેવારી માસ હતો. ચાચાજી એક બાજઠ પર બેઠા. ત્યાં તો એક પછી એક બાળક આવીને ચાચાજીની રૂપેરી સુંવાળી દાઢી ખેંચે અને આશ્ચર્યમાં બોલી ઊઠે: ' Oh ! ' પછી છેવટે બધાં બોલી ઊઠયાં: ' Oh, Santa Claus, you are very late ! ' પાછળથી ચાચાજીને જાણવા મળ્યું કે ૨૫મી ડિસેમ્બરે નાતાલને દિને કેટલાક માણસો સાન્તા ક્લોઝની માફક ધોળી બનાવટી દાઢી લગાવી સ્વાંગ સજતા હોય છે. ચાચાજીની પણ સાન્તા ક્લોઝ જેવી ધોળી ધોળી દાઢી જોઈને બાળકોને થયું કે ચાચાજીની દાઢી પણ બનાવટી હશે. એટલે તેઓ કુતૂહલવશ થઈ દાઢી ખેંચતા હતાં અને ' અરે, આ તો સાચેસાચી દાઢી છે ! ' એની ખાતરી થતાં ' Oh' બોલી ઊઠતાં હતાં. અને ચાચાજી નાતાલ પછી શાળામાં ગયા હતા એટલે તેઓ બોલી ઊઠયાં, ' અરે, સાન્તા ક્લોઝ, તમે તો બહુ મોડા આવ્યા ! ' ચાચાજી આ પ્રસંગ વર્ણવતાં હસતા હસતા કહે: ' મને બરોબર યાદ છે કે મારી દાઢી ખેંચવાને લીધે ત્રણેક દિવસ તે અતિશય દુખી હતી ! '

કુટુંબમાં જાય તો ત્યાં પણ સંસારીની ગંભીરતા તેઓશ્રીની મસ્તીથી અને બાળક જેવા તોફાનથી ક્યાંની ક્યાં અદૃશ્ય

થઈ જાય. તેઓ સીધા રસોડા સુધી પહોંચી જાય અને પોતાની દાઢી આગળ કરીને કહે, ‘આ મુસલમાનને તમારા पाकिस्तानमां — (પાકનું સ્થાન—રસોડું) — દાખલ થવાની છૂટ છે ને? અભડાઈ તો નહિ જાઓ ને?’ અને તરત જ ખાંખાંખોળા કરવા લાગી જાય અને જે કંઈ હોય એ નાના બાળકની માફક માગીને ખાવા મંડી જાય — સૂકો બાજરાનો રોટલો હોય કે પછી ગરમાગરમ ભજિયાં! કોઈ મુખવાસમાં લવીંગ આગળ ધરીને કહે: ‘લો, ચાચાજી, લવીંગ.’ તો ચાચાજી એ શબ્દ પર શ્લેષ કરીને કહે: ‘હા, હા, Loving તો જોઈએ જ. એ વગર કેમ ચાલે?’ કોઈ વળી મુખવાસમાં એલચી આપે તો કહે: ‘હવે દુનિયામાં “એલચી” વગર રાજકારભાર ન ચાલે. માટે મારે પણ એલચીનું સ્વાગત કરવું જોઈએ.’ કોઈ કહે: ‘ચાચાજી, ચા લેશો?’ તો ચાચાજી કહે: ‘જરૂર. પણ હું રહ્યો “ચાચા” એટલે મારે તો બે પ્યાલા ચા જોઈશે.’ ચાચાજીને ખાવામાં મરચું લગારે ન ચાલે, અને ક્યાંક ખાવામાં મરચું આવી જાય, ત્યારે એમને આંખમાં તીખાશને લીધે આંસુ આવી જાય. એ જોઈને કોઈ કહે: ‘ચાચાજી, મરચું તો વધારે નથી પડ્યું ને?’ તો ચાચાજી હસતા હસતા કહે: ‘એ તો મારાં “સાસુજી” યાદ આવી ગયાં.’

પત્રોમાં પણ ચાચાજી એવો જ વિનોદ કરતા હોય. અહીં એક જ પત્ર ઉદાહરણ તરીકે બસ થશે. ૧લી એપ્રિલે તેઓશ્રીએ અમને એક વાર લખ્યું:

> ‘આજે “ઑલ ફૂલ્સ ડે”! (અર્થાત્ જે દિવસે બધા મૂર્ખ બની જાય છે કે બીજાને મૂર્ખ બનાવે છે?) તેથી મેં પ્રભુને પ્રાર્થના કરી: “પ્રભુ, મને મૂર્ખાઈ પ્રદાન કર. ચતુરાઈથી હું કંટાળી ગયો છું, પ્રભુ! મૂર્ખ બનીશ તો તને વધારે વહાલો લાગીશ.

> તેથી મને મૂર્ખાઈ પ્રદાન કર, કૃપાળુ પ્રભુ!"
>
> 'અને પછી મેં મારી શિક્લ અરીસામાં જોઈ અને ખૂબ હસ્યો. અને મેં બૂમ પાડી જેથી પ્રભુ સાંભળી લે: "હું મૂર્ખ છું! હું મૂર્ખ છું!"'

આવું આવું ઘણું બધું તેઓશ્રીના સંપર્કમાં — સમાગમમાં આવનારને જોવા — જાણવા મળે છે.

ચાચાજીનું સાચું સ્વરૂપ એ જ છે. તેઓશ્રી નાનાંમોટાં સૌના પ્રેમાળ વડીલ — ગુરુજન — ચાચાજી જ છે. તેથી સૌ કોઈ દુઃખમાં, સંકટમાં, મુશ્કેલીમાં, મૂંઝવણમાં, હતાશામાં, અકળામણમાં ચાચાજી પાસે દોડી જાય છે અને પોતાના હૈયાનું દુઃખ, અકળામણ, મૂંઝવણ તેઓશ્રી આગળ ઠાલવવા મંડી પડે છે અને પૂ. ચાચાજી પણ વહાલસોયી 'મા'ની માફક ધીરજથી, પ્રેમથી, સહાનુભૂતિથી, આંખમાં ઝળઝળિયાં સાથે બધું સાંભળે છે અને દુઃખીઓના દુઃખને, અકળામણને, મૂંઝવણને હળવી કરી દે છે. ચાચાજી આવે વખતે ભાગ્યે જ કશું બોલે છે કે માર્ગદર્શન આપે છે. પરંતુ તેમના ચહેરા પર સહાનુભૂતિભરી, સમસંવેદનાત્મક રેખાઓ અંકાઈ જાય છે, મુખમાંથી ઊંડો નિશ્વાસ નીકળી જાય છે અને તેઓશ્રીનું હૈયું ભગવાનને પ્રાર્થના કરતું થઈ જાય છે — એના પ્રભાવથી જ દુઃખી માણસને અંદરથી સાંત્વના મળી જાય છે.

ચાચાજીનું પોતાનું સૌથી મોટું પ્રેરકબળ પ્રભુપ્રાર્થના જ છે. આપણી વાત સાંભળીને તેઓ એમ જ છેવટે કહે: 'પ્રભુને હું પ્રાર્થના કરીશ કે તમારું દુઃખ દૂર કરે.', 'હું આજે પ્રાર્થનામાં તમને યાદ કરીને પ્રભુનાં ચરણમાં અરજ ગુજારીશ.' કોઈ કોઈ વાર ઊંડા નિશ્વાસ સાથે તેઓ ઘેરા અવાજે ફક્ત આટલું જ બોલી ઊઠે: 'મા!'

આમ, પૂ. ચાચાજીના વ્યક્તિત્વનો પરિચય આપવા બેસીએ તો પાર આવે એમ નથી. એટલે પૂ. કાકાસાહેબે યથાર્થપણે જ કહ્યું છે અને અમે પણ નમ્રપણે કબૂલીએ છીએ કે, 'ચાચાજીના આત્મચરિત્ર પર આ સંસ્મરણો એમના સંપૂર્ણ વ્યક્તિત્વની પૂરી ઝાંખી કરાવતા નથી.'

આમ હોવા છતાં પૂ. ચાચાજી જેવા નમ્ર, મૂક પ્રભુભક્તની પાસેથી આટલું પણ અમે મેળવી શક્યાં એ અમારું ધનભાગ્ય જ છે. અને આજે આ બધું અમે પ્રસિદ્ધ કરી શક્યાં છીએ એને પણ અમે પરમ સદ્‌ભાગ્ય જ સમજીએ છીએ. કારણ કે અમે જ્યારે જ્યારે આ સંસ્મરણોને છપાવવાની વાત પૂ. ચાચાજી આગળ મૂકતાં, ત્યારે ત્યારે તેઓ ના જ પાડતા અને કહેતા કે 'આમાં છપાવવા જેવું કશું નથી! મારી તો ઇચ્છા તમે એ ન છાપો એવી જ છે.' છતાં આ બાબતમાં પણ અમે બાળકની માફક હઠ લઈને બેઠાં અને બેએક વર્ષની તપસ્યા પછી તેઓશ્રી પાસેથી સંમતિ મેળવી શક્યાં છીએ.

અમે આ સંસ્મરણોનું નામ જુદી જુદી રીતે વિચાર્યું હતું. પરંતુ પૂ. ચાચાજીએ કહ્યું કે, 'મારા જીવનમાં જે કંઈ બનવા પામ્યું છે એ પરમકૃપાળુ પ્રભુની કૃપાના કિરણને જ આભારી છે. પૂ. ગુરુદેવ રવીન્દ્રનાથે "ગીતાંજલિ"માં ગાયું છે એમ હું તો કહું છું, "I am only a flute of reed, My Master." — હું તો માત્ર વાંસળી જેવો છું. એમાં સૂર પૂરનાર પ્રભુ જ છે. એટલે તમારે આ સંસ્મરણોને નામ આપવું હોય તો "પ્રભુકૃપા-કિરણ" આપી શકો એમ છો. પછી તમારી મરજી.' અમને પણ પૂ. ચાચાજીની વાત ગમી ગઈ અને આ પુસ્તકનું નામ અમે 'પ્રભુકૃપા-કિરણ' રાખ્યું.

વળી તેઓશ્રીની અને અમારી ઇચ્છાથી આ પુસ્તકને હરિઃ ૐ આશ્રમના પરમ પૂજ્ય મોટાના પવિત્ર ચરણકમળે અમે સાદર અર્પણ કરીએ છીએ.

*　　　*

કવર ઉપરનું સુશોભન સ્નેહીશ્રી હર્ષદભાઈ ભટ્ટે કરી આપ્યું છે, એમાં 'જયપ્રભુ'વાળો પૂ. ચાચાજીનો સંકેત રૂપાયતનવાળા સ્નેહીશ્રી ધીરેનભાઈ ગાંધીએ શાંતિનિકેતનમાં દોરેલો એ પરથી લીધો છે. પૂ. ચાચાજીનો ફોટો બોરિવલી — મુંબઈ —ના કલ્પના સ્ટુડિયોના સ્નેહીશ્રી બાબુભાઈએ ખેંચેલો છે અને પૂ. મોટા તથા પૂ. ચાચાજીનો સંયુક્ત ફોટો સ્નેહીશ્રી જગનભાઈ મહેતાએ ખેંચેલો છે. અહીં આ સૌ સ્નેહી ભાઈઓનો અમે આભાર માનીએ છીએ.

પૂ. ચાચાજીનાં હિંદી ભજનો અમે ઉતારી લીધાં. પરંતુ અમને હિંદી એટલું બધું સારું આવડતું નથી; એટલે ભાઈશ્રી સોમેશ્વરજી પુરોહિતજીએ એ ભજનોને જોડણીની દૃષ્ટિએ સુધારી આપ્યા; એ બદલ તેઓશ્રીનો અમે આભાર માનીએ છીએ.

સ્નેહીશ્રી મોહનભાઈ પરીખે પણ સુરુચિ છાપશાળામાં એ સુંદર રીતે છાપી આપવા કબૂલ્યું, એ બદલ તેઓશ્રીનો તેમ જ સુરુચિ છાપશાળાનો અમે આભાર માનીએ છીએ.

અને છેવટે, પરમ પૂજ્ય કાકાસાહેબે બધાં સંસ્મરણો વાંચી જઈને અમારી વિનંતીને સ્વીકારીને, જાપાનના પ્રવાસે જવાની ધમાલમાં હોવા છતાં વેળાસર વિસ્તૃત પ્રસ્તાવના લખી આપીને આ પુસ્તકની મૂલ્યવત્તા વધારી છે, એ બદલ તેઓશ્રીનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

*　　　*

અંતમાં, પૂજ્ય ચાચાજીએ અમારા જીવનઘડતરમાં પ્રેમાળ ‘ગુરુ’નું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓશ્રીનું અમારા પર જે ગુરુઋણ છે એ તો અનેક જન્મોમાં પણ ફેડી શકાય એમ નથી. પરંતુ હાલ પૂરતું તો ગુરુચરણકમળે નમ્રભાવે; ભક્તિભાવે અમારો આટલો અર્ઘ્ય — पत्रं, पुष्पं, फलं, तोयम् — ધરીને તેઓશ્રીને પ્રણામ કરીએ છીએ.

૧૬મી જુલાઈ ૧૯૬૭

મુકુલ કલાર્થી
નિરંજના કલાર્થી

**નમ્ર વિનંતી**

સ્નેહી-મુરબ્બી મિત્રોને નમ્ર વિનંતી કે, આ પુસ્તક અમે છપાવીને પ્રસિદ્ધ કર્યું છે. એ અંગે મૂડી-રોકાણ કરવું પડ્યું છે. તેથી કૃપા કરી આ પુસ્તકને ખપાવવામાં સહાય કરશો તો અમને મોટી રાહત મળી રહેશે.

# ધન્યવાદ

શ્રી ગુરુદયાળજી મલ્લિક ચાચા વિશે મેં કોઈને મોઢે કશું સાંભળ્યું ન હતું. એમના લેખો વાંચ્યા નહોતા કે એમનાં ગીતો સાંભળ્યાં નહોતાં. એવે વખતે એમનાં પ્રથમ દર્શન થયાં. તરત એમના પ્રત્યે આકર્ષાયો અને એનું કારણ શોધવા લાગ્યો. એમના સફેદ વાળ અને દાઢી આકર્ષક હતાં ખરાં, પણ તેટલું જ એ આકર્ષણ ન હતું. બીજો કોઈ શબ્દ જડતો નથી એટલે કહું છું કે એમના વ્યક્તિત્વનું એ આકર્ષણ હતું. અને ફૂલોમાંથી જેમ સુગંધ ચારેકોર ફેલાય છે તેમ એ વ્યક્તિત્વમાંથી એ આકર્ષણ ફેલાતું હતું. તેથી જ એમનો પહેલો મેળાપ રીતસરનો યાદ રહ્યો છે.

આજે જ્યારે અમારો મેળાપ થાય છે ત્યારે હું કાંઈક અકળાઉં છું. અને છતાં એ મેળાપને જીગરથી ચાહું છું. કારણ એ છે કે જ્યારે ચાચાજી મળે છે ત્યારે જબરદસ્તી મારો હાથ પકડી એ પોતાના માથા ઉપર રાખે છે. નમ્રતાની એમની એ સાધના હશે. પણ મને એની અકળામણ થાય છે. અને છતાં ચાચાજીનો પ્રસન્ન ચહેરો અને અકૃત્રિમ આત્મીયતા જોઈ રાજી પણ થાઉં છું.

એક વખતે અમે એમને થોડાં ભજનો ગાઈ સંભળાવવા કહ્યું. અને એમણે પણ મુક્ત મને કેટલાંયે ભજનો ગાઈ સંભળાવ્યાં.

ભજનોની ભાષા અથવા શૈલી હું બરાબર સમજું નહિ, એટલે સૂફી ભજનોથી હું ભાગ્યે જ ગદ્‌ગદ થાઉં છું. પણ ચાચાજીને તન્મય થઈને ગાતા જોઈ હું એ વાતાવરણમાં પહોંચી જાઉં છું. અને ભજનો થોભ્યા પછી પણ એમનું એ વાતાવરણ મને ઘેરી રહે છે.

પછી જ્યારે એમના કેટલાક લેખો અથવા ગદ્યગીતો અંગ્રેજીમાં મેં વાંચ્યાં, એમનું ભાષાપ્રભુત્વ અને એમની ભાવનાની ઉચ્ચ ભૂમિકાનો પરિચય થયો, ત્યારે ચાચાજીના વ્યક્તિત્વનો ઠીક ઠીક ખ્યાલ આવ્યો.

મેં પ્રારંભમાં કહ્યું કે ગુરુદયાળજીનાં પ્રથમ દર્શન થયાં તે પહેલાં મેં એમનું નામ પણ સાંભળ્યું ન હતું. પણ અત્યારે યાદ આવે છે કે ગુરુદયાળજી વિશે શ્રી જમનાલાલજી આગળ કાંઈક બોલતાં મેં દીનબંધુ ઍન્ડ્રૂઝને સાંભળ્યા હતા કે શાંતિનિકેતનમાં તેઓ એક શિક્ષક છે વગેરે. પણ એ વાતોની મારા ઉપર કશી અસર થયેલી નહિ.

ગુરુદયાળજી અધ્યાત્મમાર્ગના પથિક છે. એ માર્ગની એમણે ઠીક ઠીક યાત્રા કરી છે. મુકામે પહોંચ્યા પણ હશે; પૂરા પહોંચ્યા ન હોય તોયે મુકામની ઝાંખી એમને થઈ જ છે. કેમ કે એની મસ્તી એમના ચહેરા પર અને એમના વર્તનમાં દેખાઈ આવે છે.

પણ એવી મસ્તીથી આપણને શું ? એ જાણે અને એમનો એ આનંદ કે વિરહ જાણે. પણ ગુરુદયાળજી સ્વભાવે ભાવુક-ભક્ત છે. અને એમની એ ભક્તિ-ભાવના ખરેખર ચેપી છે. એ ભક્તિ-ભાવનાના વેગ અને આક્રમણ તળે એમની વિદ્વત્તા, એમનું જ્ઞાન અને દુનિયાનો વિશાળ અનુભવ બધું દબાઈ જાય છે, દટાઈ જાય છે અને કેવળ પ્રભુનો આશક — ભક્ત જ આગળ તરી આવે છે.

એવા ભક્તો પોતાને વિશે ભાગ્યે જ વિશેષ બોલતા હોય છે. પણ ભક્તના ભક્ત આગળ એવા લોકોનું કશું ચાલતું નથી. અને પ્રેમાળ પ્રશ્નોની અસર તળે તેઓ ખીલે પણ છે. ભાઈ મુકુલ કલાર્થી અને ચિ. નિરંજનાને ધન્યવાદ ઘટે છે કે તેઓ જાતજાતના પ્રશ્નો પૂછીને ચાચાજી પાસેથી આત્મચરિત્ર પર મજાની વિગતો મેળવી શક્યાં છે.

માણસ પોતાની મેળે આત્મકથા લખે છે ત્યારે અમુક ઢબે પોતાની જાતને ઓળખાવવા માગે છે. પણ જ્યારે પ્રશ્નોના જવાબમાં માણસ બોલે છે ત્યારે જેવા પ્રશ્ન પૂછનાર, તે જાતની માણસના જીવનની વિશિષ્ટ બાજુ પ્રગટ થાય છે. તેથી ચાચાજીના આત્મચરિત્ર પર આ સંસ્મરણો એમના સંપૂર્ણ વ્યક્તિત્વની પૂરી ઝાંખી કરાવતાં નથી.

ફૂલદાનીમાં ગોઠવેલાં ફૂલોના ગુચ્છા ઉપરથી આપણને માળીની અભિરુચિનો પરિચય થાય છે પણ સમસ્ત બગીચાનો નથી થતો, એવી જ રીતે અહીં થયું છે. પ્રશ્નકર્તાઓએ જે જાતની જિજ્ઞાસા સેવી તે જાતના અને તેટલા પૂરતા ચાચાજી અહીં દેખા દે છે. એમનું વ્યક્તિત્વ આથી વિશેષ છે. એટલું તો આપણે સહેજે જાણી શકીએ છીએ.

જ્યાં અધ્યાત્મના ક્ષેત્રની વાત આવી ત્યાં ગૂઢ અનુભવોનો ઉલ્લેખ આવવાનો જ. અને ગૂઢ અનુભવો પાછળ પાછળ ચમત્કારો તો આવવાના જ. અને આખી દુનિયામાં સામાન્ય માણસ એવું પ્રાણી છે કે એને અધ્યાત્મ કરતાં ચમત્કારનો જ વધારે રસ હોય છે. અને આગળ જતાં આવા ચમત્કાર મારફતે જ ભોળી દુનિયાને અધ્યાત્મનો પરિચય અને એની પ્રતીતિ થાય છે. ગમે તે ધર્મના મહાન ગ્રંથો લો, લેખકોને પોતાની અભિરુચિ પ્રમાણે જાતજાતના ચમત્કારો નોંધી રાખવાનું અથવા ઉપજાવી કાઢવાનું

મન થાય જ છે. અદ્દ્ભુત રસ વગર સામાન્ય માણસને ભક્તિની જાગ્રતિ થતી નથી અને રસની તૃપ્તિના ઓડકાર આવતા જ નથી. અધ્યાત્મના ક્ષેત્રે આ ચમત્કારોને કારણે માણસે જેટલું વેઠ્યું છે તેટલું નાસ્તિકતાને કારણે પણ ન વેઠ્યું હોય. અને તેથી જ અધ્યાત્મના અનુભવના અધ્યયન કરનાર સત્યના ઉપાસકોને ઘણી વાર કઠોર થઈને કહેવું પડે છે કે, 'ચમત્કાર અને અધ્યાત્મ અનુભવનો સંબંધ છે અને નથી. અધ્યાત્મની પાછળ પાછળ કોક કોક વાર ચમત્કારો આવે છે અથવા થાય છે એની ના નથી, પણ અધ્યાત્મના દરેક અનુભવી સાથે ચમત્કારો હોય જ છે એમ પણ કહી શકાય નહિ.' કેટલાક લોકોમાં કેટલીક ગૂઢ શક્તિઓ ખીલેલી હોવાથી તેઓ ચમત્કાર કરી બતાવે છે અને છતાં અધ્યાત્મ અનુભવની બાબતમાં તો શું, ચારિત્ર્યની નિર્મળતાની બાબતમાં પણ તેઓ આગળ વધેલા હોતા નથી. અને કેટલાક અનુભવી લોકો અધ્યાત્મને ટોચે પહોંચ્યા છતાં ચમત્કારથી અલિપ્ત જ રહ્યા છે.

એક અધ્યાત્મ પુરુષ વિશે હું જાણું છું જેમની એક ક્ષેત્રમાં થોડી પ્રગતિ થતાંવેંત એમણે ભગવાનની પ્રાર્થના શરૂ કરી કે, 'હે પ્રભો! મારે હાથે કોઈ કાળે કોઈ ચમત્કાર ન થાઓ. ચમત્કારથી મને શું મળવાનું હતું? નાહકનો અહંકાર અને વિક્ષેપ અડવાનો. અને પરિણામે દંભ પણ વહોરી લેવાનો. માટે ભગવાન, તારી કૃપા યાચું છું કે મારે હાથે જાણ્યે-અજાણ્યે એક પણ ચમત્કાર ન થાઓ.'

બુદ્ધ ભગવાને પણ પોતાના શિષ્યોને ભારપૂર્વક કહ્યું હતું કે, 'જાઓ, ધર્મનો પ્રચાર કરો, પણ ચમત્કાર મારફતે પ્રભાવ પાડવાનો પ્રયત્ન નહિ કરતા. તમારા ઉપદેશની અને ચારિત્ર્યની જે અસર થાય તે જ ખરી. તેટલાથી સંતોષ માનવો.'

એક ખ્રિસ્તી સંત વિશે એક આખ્યાયિકા છે. એણે ભગવાન પાસે માગી લીધું કે, 'ભગવાન! મારે હાથે ચમત્કાર થવાના જ

હોય તો હે ભગવાન! એટલું કરજે કે મને એની ખબર ન પડે.' આખ્યાયિકા કહે છે કે ભગવાને એમ ગોઠવ્યું કે એ સંત રસ્તા પરથી પસાર થતો હોય અને એની છાયા આગળ નહિ પણ પાછળ પડતી હોય ત્યારે એ છાયામાંથી પસાર થતા લોકો રોગમુક્ત થતા હતા. લોકો એ સંતની પ્રાર્થના અને સિદ્ધિ વિશે જાણતા હતા. તેથી ચુપચાપ એની પાછળ જઈને એની છાયામાંથી પસાર થતા; પણ થયેલા લાભ વિશે એ સંત આગળ ઉલ્લેખ સરખો કરતા નહિ. ભોળા ભક્તોના ખ્રિસ્તી સાહિત્યમાં લોકોએ પાડેલું એ સંતનું નામ નોંધાયું છે—'The Saint of the Holy Shadow.'

ખેર! પ્રસ્તુત સંસ્મરણોમાં ચાચાજીએ પોતાની પ્રારંભિક સ્થિતિ, આગળની અકળામણ અને છેલ્લો નિર્ણય સુંદર રીતે બતાવ્યો છે.

મલ્લિકજી એક સૂફી સંત પાસેથી ગૂઢ શક્તિઓ મેળવવાનો એક મંત્ર માગે છે. (પૃષ્ઠ ૬૩ જુઓ.) એ સાધના પોતે પૂરી કરી શક્યા નહિ છતાં થોડાક ચમત્કારો થવા લાગ્યા. એમાંથી અહંકાર પણ જાગ્યો. એટલે અકળાઈને એમણે એ શક્તિઓ મંત્રના સ્વામી ભગવાનને પાછી સોંપી દીધી. (હજી કાંઈ શક્તિઓ રહી હોય તો એ આપણા પવિત્ર છાયાના સંત જાણતા નથી!) ચમત્કારની બાબતમાં ચાચાજી જે નિર્ણય ઉપર આવ્યા છે તે ઘણું મહત્ત્વનું હોઈ એમના જ શબ્દોમાં અહીં ટાંકીશું:

'એક દિવસે એક ફકીર ઘર પાસેના રસ્તા પરથી ગીત ગાતો પસાર થયો. તે ગીતનો અર્થ હતો, "સાધકોની સિદ્ધિઓ એક નૃત્યકારનાં નખરાંઓ જેવી છે. તેથી તે પોતાનું બાહ્ય રૂપ દેખાડે છે. એવાં નખરાંઓ અને સાચા નૃત્યમાં જમીન-આસમાનનો ફેર છે."

'તે દિવસથી કદી પણ સિદ્ધિ મેળવવાની મેં ઇચ્છા નથી રાખી;

અને સિદ્ધિઓની કાંઈ વિશેષ અગત્યતા આધ્યામિક જીવનમાં નથી એ પણ હું સમજી ગયો છું.'

જ્યાં ઉત્કટ પ્રેમ અથવા અસાધારણ સહાનુભૂતિ છે ત્યાં બીજાના મનમાં શું ચાલી રહ્યું છે તે લગભગ યથાર્થ રીતે કેટલાક લોકો સમજી શકે છે. મારાં માસી જે સામાન્ય કોટિના જીવ ગામડામાં ઊછરેલાં, આધ્યાત્મિકતા અથવા ધર્મના સામાન્ય અનુભવો કે આદર્શોથી પણ અજાણ્યાં, રૂઢ ભક્તિમાં પણ રંગાયેલાં નહિ એવાં; એક વાર મારી સાથે વડોદરામાં રહેતાં હતાં. એક દિવસે સવારે ઊઠીને કહે છે કે, 'મારી સાવકી દીકરી મરી ગઈ છે. મરતી વખતે એણે મારું નામ લઈને ચીસ પાડી તે મેં સાંભળી. મારે તરત ઘેર જાવું છે. મને તરત જવા દો.' ઘેર એટલે બેલગામ પાસેના એક ગામડામાં, વડોદરાથી સેંકડો માઈલ દૂર. મેં કહ્યું કે, 'કેવળ સ્વપ્ન ઉપર કે એવા જ કોઈ અનુભવ ઉપર આધાર રાખીને આમ એકાએક જવાય નહિ.' માસી કેમે કરીને અસ્વસ્થતા છોડી ન શકે. જવાની તૈયારી કરતાં ત્રણચાર દિવસ ગયા તે પહેલાં બેળગુંદીથી એમની એ દીકરી ગુજરી ગયાના સમાચાર આપતો કાગળ પણ આવ્યો! મેં આ એક દાખલો આપ્યો છે, પણ એવા દાખલા અનેક લોકોના અનુભવમાં છે. ચાચાજીના જીવનમાં પણ એમની માતુશ્રીના અવસાન સંબંધી એવી જ આગાહી થઈ હતી. મનુષ્ય-માનસની શક્તિઓ વિશે આપણે બહુ ઓછું જાણીએ છીએ. આવા દાખલાઓ ઉપર અવિશ્વાસ પણ કરાય નહિ. અને એ દાખલાઓ ઉપરથી આધ્યાત્મિકતાનું આરોપણ પણ કરાય નહિ. છતાં આવા દાખલાઓનાં વર્ણનો જ્યાં પ્રામાણિક પ્રમાણે રજૂ કરેલાં જણાય છે તે નોંધી રાખવા જેવાં જરૂર હોય છે. ગૂઢ જ્ઞાન વિશે શોધખોળ કરનારને માટે તે ઘણાં ઉપયોગી છે.

આ સંસ્મરણોમાં ચાચાજીની ભાવનોત્કટતા ડગલે ને પગલે

દેખાય છે. એમની નિખાલસતા, એમની નમ્રતા અને સત્ય શું છે એનો નિર્ણય કરતી વખતે દરેક જાતની સાવચેતી રાખવાનો એમનો આગ્રહ, એ એમની સાધુતા સંત કોટીની છે એ વિશે શંકા નથી.

ચાચાજીની માતુશ્રીએ બીજી એક બહેનને બચાવવા માટે પ્રભુ પાસેથી પોતાનું મરણ માગી લીધું એ પ્રસંગ વાંચતાની સાથે યાદ આવ્યું કે દિલ્હીના બાદશાહ બાબરે પણ પોતાના દીકરા હુમાયુને બચાવવા સારુ એનું મરણ આ જ રીતે માગી લીધું હતું.

દરેક વાચક ગુરુદયાળજીના જીવનમાંથી બોધ અને પ્રેરણા લઈ શકે એવી કેટલીયે મહત્ત્વની વાતો આ સંસ્મરણોમાં છે. એ બધી અહીં તારવી આપવાની જરૂર નથી. વાચક ચાચાજીના શબ્દોમાં જ તે તે પ્રસંગના વાતાવરણમાં એ જોઈ લે એ જ બરાબર છે.

તેત્રીસમા પ્રકરણમાં એમણે પોતાની જીવન-સાધનામાં કામવિકાર ઉપર વિજય મેળવવાના પ્રયત્નમાં કેવા કેવા અનુભવો થયા એ નિખાલસતાથી લખ્યું છે. એમનું આખું જીવન જોતાં એ નિર્વિકારી, સીધું અને સરળ દેખાય છે. સામાન્ય માણસ કરતાં પણ એમની કામવાસના પ્રથમથી ઓછી હતી એ જ વસ્તુસ્થિતિ છે. એક જ વાર વિવાહ કરવાની ઇચ્છા થઈ હતી તે પણ પરોપકારને અર્થે! એ આપણે જાણીએ છીએ. એટલે જ કામવિજયની બાબતમાં એમણે જે પોતાનો અનુભવ રજૂ કર્યો છે તેનું વિશેષ મહત્ત્વ છે. બીજા એક સંતે પણ કહ્યું છે: 'જાતજાતના વિકારો ઉપર વિજય મેળવ્યા છતાં કામવિકાર સહેજે કાબૂમાં આવતો નથી.' અને શાસ્ત્ર તો કહે જ છે કે, બ્રહ્મપ્રાપ્તિમાં સૌથી મોટો અંતરાય કામવિકાર જ છે.

काम अेव मनुष्याणां पिधानं ब्रह्मबोधने।

( પિધાનં એટલે આડે આવનારી વસ્તુ; અંતરાય. )

અને એમાં આશ્ચર્ય શું? શરીરની ઉત્પત્તિ જ જન્મ આપનાર માબાપની કામવાસનામાંથી છે. ત્યારે એ શરીર કામોપભોગ માગે એમાં આશ્ચર્ય શું? પણ આશ્ચર્ય અને પ્રેરક વસ્તુ એ છે કે એ શરીરમાં વસતા આત્મા પાસે અદશ્ય કામવિકાર ઉપર પણ ખાતરીથી વિજય મેળવવાની અદ્‌ભુત શક્તિ છે. અને તે શક્તિ દેહદમનથી કેળવાય છે એમ નથી. 'સાધના અને શારીરિક બાધા' એ પ્રકરણ આ રીતે અત્યંત મહત્ત્વનું છે. અને મલ્લિકજી વિશે આદર ઉપજાવે છે.

કામવિકાર ઉપર વિજય મેળવવાનાં અસંખ્ય ફાંફાં માર્યા પછી જ્યારે તે દોહ્યલી સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે સાધક નમ્ર થઈ કહે છે કે, આ કંઈ મારી પોતાની શક્તિ નથી. એ તો કરુણાધામ ભગવાનની કૃપા જ છે. અનુભવી કહે છે કે એ કરુણામય ભગવાન આપણો પોતાનો અંતર્યામી જ હોય છે. એની જ કૃપાથી એ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કબીરે સહજ સમાધિનાં જે વર્ણન કર્યાં છે એવાં જ વર્ણનો સહજ નિર્વિકારિતાનાં કરી શકાય, એવો એ અનુભવ હોય છે. ભગવાન શુકદેવ અથવા ઈસા મસીહ જેવી વિરલ વ્યક્તિઓ તો જન્મતઃ જ નિર્વિકારી હોય છે, એ પણ નોંધવા જેવી વસ્તુ છે. શાસ્ત્રો એને અનેક-જન્મ-સંસિદ્ધ વસ્તુ કહે છે. એની બીજી ઉપપત્તિ નથી.

માણસને કેટલાક સંસ્કારો માબાપો પાસેથી અથવા કુળ-પરંપરામાંથી મળે છે. કેટલાક સંસ્કારો, આ જાતના નહિ પણ એના પોતાના પૂર્વજન્મના હોઈ, આત્મિક વારસામાંથી મળેલા ગણાય. કેટલાક સંસ્કારો કેળવણી દ્વારા અને આસપાસના સમાજ પાસેથી મળેલા હોય છે. અને કેટલાક સંસ્કારો તો અમુક સાધુ-સંતોએ અનુગ્રહ તરીકે બક્ષેલા હોય છે. ચાચાજીના અનુભવ-સમૃદ્ધ આધ્યાત્મિક જીવનમાં આવા સંસ્કારો ક્યાં ક્યાંથી મળ્યા

એ નક્કી કરવું મુશ્કેલ છે. અને એમણે પોતાની ઉત્કટ સાધના દ્વારા કયા કેળવ્યા એ તો તેઓ પોતે કહે જ નહિ. આપણે એટલું જ જાણીએ છીએ કે એમને સંતવાણીનો સમાગમ પ્રથમથી જ મળ્યો હતો. રવીન્દ્રનાથ અને ગાંધીજી જેવા યુગપુરુષોની અસર તળે તો ઘણા લોકો આવ્યા. જેની જેટલી અને જે જાતની શક્તિ હોય તેટલું જ તેમાંથી તેઓ મેળવવાના અને ખીલવવાના. એવો અનુગ્રહ આપણા ચાચાજીએ મુક્ત કંઠે સ્વીકાર્યો છે અને એમની વિશેષતા એ કે સંકુચિત ધર્માભિમાન અથવા એકાંગિતા ન હોવાથી એમણે સૂફી સંતો અને એમના તત્ત્વજ્ઞાનનો સંપર્ક પણ ખેડ્યો અને ખ્રિસ્તી સમાજના આધ્યાત્મિક લોકો સાથે પણ આત્મીયતા સાધી.

ઈસાઈ ધર્મના ક્વેકર લોકો શાંતતાવાદી અને અધ્યાત્મપરાયણ ખરા. ખ્રિસ્તીઓમાં જે સંકુચિતતા અચૂક હોય જ છે તે તેમનામાં પણ હતી. એમની એ પંથાગ્રહ અને પંથપરાયણતા ઓગળી નાંખવા જેટલી ઉત્કટતા ચાચાજીએ બતાવી એ કાંઈ નાનીસૂની સિદ્ધિ ન ગણાય. (મોરલ રી-આર્મામેન્ટવાળા ઑકસફર્ડ ગ્રૂપના ટોળામાં પણ પ્રથમ પ્રથમ ખ્રિસ્તી ધર્મ સુધી મર્યાદિત રહેવાની સંકુચિતતા હતી. પણ એમની પ્રચાર-પરાયણતા જ એમની મદદે આવી. અને હવે તેઓ ઈસાઈ ધર્મના કુંડાળાની બહાર આવીને વિશ્વધર્મી બન્યા છે. યુગસ્વામી ભગવાનની જ એ લીલા હોઈ શકે છે.)

જેઓ સાચા અધ્યાત્મમાર્ગી ભક્તો હોય છે તેમની ન્યાત હવે ધર્મના વાડાની અંદર રહી શકતી જ નથી. અમારી રૈહાના ચુસ્ત મુસલમાન છે. હજરત મહમ્મદ પયગંબરને પોતાના પિતા અને રહનુમા માને છે. પણ સાથે સાથે કહે છે કે, 'બાકીના બધા નબીઓ, પયગંબરો, પ્રોફેટો મારા ચાચા થાય છે. એમને હું પરાયા ગણી શકતી જ નથી. અને આ બધા રહનુમાઓ, એક કુટુંબી હોવાથી, એકબીજાના કાર્યમાં હંમેશાં મદદગાર હોય છે. એમનામાં આપ-

પરભાવ હોઈ જ ન શકે.' સ્વ-પર-ભાવ અને અધ્યાત્મ–જીવન બેનો મેળ ખાઈ જ ન શકે. અને તેથી જ રૈહાના પાસે સત્સંગ માટે જે કોઈ આવે છે તેમને તેમના જ તે તે ધર્મની સાધના તે સૂચવે છે.

મારો પોતાનો વિશ્વાસ છે કે અત્યાર સુધી ભગવાને દરેક દેશને અને દરેક જમાનાને એક એક રહનુમા આપ્યો. હવે ભગવાન એ બધાનું સંમેલન કરવા માગે છે. અભિમાની શિષ્યોએ પોતપોતાના ગુરુની ભક્તિ કરવા જતાં બીજાઓની ઉપેક્ષા કરી, અનાદર કર્યો. દયાળુ ભગવાને અત્યાર સુધી એ બધું દરગુજર કર્યું. આજની યુગપ્રેરણા કહે છે: 'મુક્તિ એટલે સર્વમુક્તિ, સાધના એટલે સર્વસાધના. અનુયાયી થવું હોય તો બધાના એકસામટા અનુયાયી થાઓ. બધાને ઓળખો. બધાને અપનાવો તો જ કૃતાર્થ થઈ શકો.'

આપણા ચાચાજીને એ જ દીક્ષા મળેલી છે. તેથી તેમની અસર શુદ્ધ અને યુગાનુકૂળ છે. અને તે વધવાની જ. આ સંસ્મરણોની ચોપડીમાં અને એને અંતે આપેલાં ભજનોમાં સર્વાનુકૂળ જીવન-પાથેય ભરેલું છે. વાચકોને એમની જીવનયાત્રામાં એ પાથેય પુષ્ટિ અને તુષ્ટિ આપો એ જ પ્રાર્થના.

૨૫–૬–૬૭ काका कालेलकर

Silence is a stream, not a statue.
Silence is a sign-post, not a shrine.
Silence is the language of the stars and the seas and the sky:
Silence is the unity of sensibility and the sensibility of unity.
Silence is the script of the Soul as well as her scripture.
Silence is the whisper of God's voice.
Silence is the hint of the hue and harmony of His vision.
Silence is the secret creation, the creation of the secret and the sacred.
Silence is the love of infinity, the infinity of love.
Silence is the Everlasting yea of the ages: 'I am.'
Silence is the warp and woof of the wisdom of the Spirit.
Silence is the shorthand of the splendour of the Soul.
Silence is Love's speech in code.
Silence is God's footstool as well as His face and His fane.

Silence is the transcript of the soul of Truth and of the truth of the Soul.

Silence is the lord of Logic and the logic of the Lord.

Silence is the empathy and embrace of the Eternal.

Silence is the song of the Spirit and the spirit of Song.

Silence is the burning bush wherein is revealed the light of Love and the love of Light.

Silence is the praise and prayer of Truth.

Silence is the science and art of aspiration and achievement.

Silence is the sunlight of the Soul, the shadow of the Oversoul.

Silence is the Himalayas of the Holy and the Whole.

Silence is the mother and matrix of Meditation, Maditation is the matrix and mother of Silence.

Silence is the spring and sustenance of simplicity, sincerity and self-reliance.

Silence is the 'Open Sesame' to self-effacement.

G. M.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ગુરુચરણકમળે | મુ. નિ. |
| ધન્યવાદ | કાકાસાહેબ કાલેલકર |
| Song of Silence | G. M. |


## પ્રભુકૃપા-કિરણ


| | | |
|---|---|---|
| ૧ | જન્મદિન અને પાવન સ્મૃતિ | ૧ |
| ૨ | બાના અવસાનની આગાહી | ૫ |
| ૩ | બાના અવસાનના સંસ્કાર | ૮ |
| ૪ | બાળપણનાં સંભારણાં | ૧૨ |
| ૫ | ‘એ પણ આપણા જેવો જ માણસ છે!’ | ૧૭ |
| ૬ | ‘तेरी इच्छा पूरण हो’ | ૧૯ |
| ૭ | ‘बाबुजी, मुझे तरबूज खाना है’ | ૨૨ |
| ૮ | એક કવિતાની અસર | ૨૬ |
| ૯ | દીનબંધુનો પ્રથમ પરિચય | ૨૮ |
| ૧૦ | પ્રોફેસરની ટકોર અને રમૂજી જવાબ | ૩૧ |
| ૧૧ | ગુરુદેવનું આકર્ષણ | ૩૩ |
| ૧૨ | પ્રાંતીયવાદનું ઝેર | ૩૫ |
| ૧૩ | લેખનનો પ્રારંભ | ૩૭ |
| ૧૪ | ‘કવિવર મારા ગુરુદેવ’ | ૩૯ |
| ૧૫ | બાપુજીની અહિંસાનો કીમિયો | ૪૩ |

| | | |
|---|---|---|
| ૧૬ | ગુરુદેવની ચેતનાનો સ્પર્શ | ૪૫ |
| ૧૭ | વિરાટની ઝાંખી | ૪૭ |
| ૧૮ | સૂફીઓ વિશે કંઈક | ૫૦ |
| ૧૯ | સૂફી ફકીર નસીર | ૫૪ |
| ૨૦ | અણજાણ સૂફી ફકીરનો આદેશ | ૫૯ |
| ૨૧ | સાધના અને સિદ્ધિ | ૬૩ |
| ૨૨ | कब तक रखोंगे दूर, प्रभुजी ! | ૬૮ |
| ૨૩ | બાઉલના સમાગમમાં | ૭૧ |
| ૨૪ | લગ્નનો વિચાર | ૭૫ |
| ૨૫ | દુઃખદર્દનું રહસ્ય | ૭૯ |
| ૨૬ | दर्दकी दवा दर्द | ૮૧ |
| ૨૭ | પ્રભુપ્રેમની બારી | ૮૪ |
| ૨૮ | શિક્ષણ અને સાહિત્ય વિષયક દૃષ્ટિ | ૮૭ |
| ૨૯ | આધ્યાત્મિક જીવન-સાધના | ૯૧ |
| ૩૦ | ગુરુદેવની કૃપા-પ્રસાદી | ૯૪ |
| ૩૧ | ભક્તિભાવભર્યાં ભજનો | ૯૮ |
| ૩૨ | મારાં ભજનો—પ્રભુના પ્રેમપત્રો | ૧૦૩ |
| ૩૩ | સાધના અને શારીરિક બાધા | ૧૧૧ |
| ૩૪ | ક્વેકર્સ સોસાયટીના સભ્ય | ૧૧૫ |
| ૩૫ | સ્વજનો વિશે થોડુંક | ૧૧૯ |
| ૩૬ | સ્ત્રીઓ પ્રત્યેનું વલણ | ૧૨૩ |
| ૩૭ | પુસ્તકોનો પ્રભાવ | ૧૨૬ |
| ૩૮ | શિક્ષક એટલે સાધક | ૧૨૮ |
| ૩૯ | જીવનની બે ધારાઓ | ૧૩૩ |
| ૪૦ | માન-આદરની કસોટી | ૧૪૧ |
| | **પુરવણી** વિદેશ-યાત્રા | ૧૪૩ |

| | | |
|---|---|---|
| | પૂ. ચાચાજીનાં ભજનો | ૧૫૫ |
| 1 | He who has effaced himself | 156 |
| १ | जिसने अपनी खुदी गवाँई | १५७ |
| 2 | Man is, indeed, foolish | 158 |
| २ | मूरख है रे बंदा | १५९ |
| 3 | Thou knowest all, O Divine Beloved | 160 |
| ३ | तूही सब कुछ जाने प्रीतम | १६१ |
| 4 | This ray of the sun | 162 |
| ४ | ये जो सूरजकी किरण | १६३ |
| 5 | The Lord is with thee, O man | 164 |
| ५ | श्वासोश्वास प्रभु तेरे संग है | १६५ |
| 6 | Tell me, O bird | 166 |
| ६ | अरे पक्षी ! ज़रा बता तो सही | १६७ |
| 7 | Day after day passes away | 168 |
| ७ | दिन पर दिन गुज़रे जाता | १६९ |
| 8 | To-day who has come to my door | 170 |
| ८ | आज मेरे घर कौन आया है | १७१ |
| 9 | God is an artist | 172 |
| ९ | प्रभु है एक कलाकार | १७३ |
| 10 | Recognise the Beloved, O my heart | 174 |
| १० | प्रीतमको पहिचान बंदे | १७५ |
| 11 | I am Sitting outside the door of Thy temple | 176 |
| ११ | बैठा हूँ मंदिरके बाहिर | १७७ |
| 12 | O Lord, I am steeped in the dark shadows of delusion | 178 |

१२ मैं तो हूँ एक नादान १७९
13 I have come today to kiss Thy feet 180
१३ मैं आया हूँ आज चरण चूमने १८१
14 The day has ended 182
१४ दिन अब खतम हुआ १८३
15 I am Thy servant, O Lord 184
१५ मैं तो तेरा दास १८५
16 Come into my home, my Krishna 186
१६ मुरली मनोहर प्रीतम प्यारे १८७
17 O Buddha, reveal Thy face once again 188
१७ जरा सूरत दिखा दोगे १८९
18 O Lord, make all the people of the world one 190
१८ इस दुनियाके लोगोंको १९१
19 Why is the moth mad after the light? 192
१९ शमा पे परवाना क्यूँ पागल होता है १९३
20 Enter once my heart, O Beloved 194
२० आजा आजा मेरे दिलमें १९५
21 I am off to Brindaban 196
२१ सखी, मैं ब्रिंदाबन चली १९७
22 I slept in the shadow of the wall of my house 198
२२ सोया था तले दीवार १९९
23 Who came to my door at dawn 200
२३ आज प्रभातमें कौन आया २०१
24 The Beloved has come to my courtyard 202
२४ मेरे घर प्रीतम आया २०३

25 O Divine Dyer, have compassion on me 204
२५ रंगवाले, कर कृपा, तू रंग दे २०५
26 To-day the Beloved has come to the door 206
२६ आज तेरे घर प्रीतम आया २०७
२७ मैं हूँ तेरा तू है मेरा २०८
२८ मैं कौन हूँ, मैं कौन हूँ २०९
२९ तेरी कृपा ही मेरो आधार २१०
29 God's grace is my sole support 210
ભજનોની ભૂમિકા ૨૧૧
Farewell, beloved Friends ! 221

# પૂ. ચાચાજીના ગુજરાતી હસ્તાક્ષર

પૂ. ચાચાજીમાં આત્મીયતાનો ભાવ અદ્‌ભુત છે. પત્રવ્યવહારમાં પણ તેઓ આત્મીયતા — સ્વજનભાવ જાળવવા માટે આપણી ભાષામાં જ ઘણું કરીને લખતા હોય છે. આમ, અમને તેઓ ગુજરાતીમાં પત્રો લખે છે. અહીં સામે પાને તેઓશ્રીના હસ્તાક્ષરમાં પત્ર આપ્યો છે. અમારી ચાર વર્ષની નાનકડી પ્રજ્ઞાને પણ બાળ-ભાષામાં કંઈક લખ્યું છે.

Kasauli (H.P.)
10.7.67

ચિ. વ્હાલી વ્હાલી મુન્ના, અને વ્હાલાં આપ સૌને મુન્નાનાં બા એમ જાયુ — સપ્રેમ નમસ્કાર. પ્રભુકૃપાથી આપ સૌ કુશળ હશો.


આપના પત્ર 4.7.67 ના અને સાથે "પ્રભુકિરણ" ના સાથ "ઊર્મી" અંક 8.7.67 એ મળ્યા. આનંદ! આભાર! એક-એ "ઊર્મી" વાંચી ગયો. આંખો મા આંસુ આવી ગયાં! "હું ક્યારે નહિ રોકી શકું" એમ કહીને પછી મેં "ઊર્મી" મૂકી દીધાં. આપની અગાધ ભક્તિ અને શ્રદ્ધા આ એક નમ્રભક્તિ માટે મારાં મુન્ની એ અમૂલ્ય બક્ષિસ છે, હું ધન્ય થયો.

પૂ. કાકાસાહેબે "પ્રભુકૃપાકિરણ" માટે મુબારકના લખી આપી છે, આ જ લખો છો. તેનાથી હું સાચે જ ધન્ય થયો.

લિ. ચાચાજી
ચિ. મુન્નાને પત્ર:

[signature]





## ૧

# જન્મદિન અને પાવન સ્મૃતિ

ચાચાજી, આપનો જન્મ ક્યાં અને કઈ સાલમાં થયો હતો? એ સમયની કોઈ વિશેષ સ્મૃતિ આપને યાદ છે ખરી?

મને કહેવામાં આવ્યું છે કે, મારો જન્મ સાતમી મે ૧૮૯૬ને રોજ હાલ પશ્ચિમ પાકિસ્તાનમાં આવેલા ડેરા ઇસ્માઈલખાનમાં થયો હતો.

પરંતુ બહુ ચોક્કસપણે હું નથી કહી શકતો કે, આ તારીખ સાચી છે. પણ મેં આ તારીખને સ્વીકારી લીધી છે.

તેનું એક વિશેષ કારણ છે.

જ્યારે હું અગિયાર વર્ષનો હતો, ત્યારે ૭મી મે ૧૯૦૭ના દિને મારાં માતુશ્રી પરલોક સિધાવ્યાં હતાં!

જે સંજોગોમાં મારાં બા પરલોકવાસી થયાં એની ઊંડી છાપ મારા જીવન પર પડેલી છે.

૧૯૦૭નો એપ્રિલ મહિનો હતો. હું અને મારી નાની બહેન અમારાં બા સાથે ડેરા ઇસ્માઇલખાનમાં

હતાં. મારા મોટાભાઈ પોતાની પરીક્ષા પાસ કરીને મારા મોટા કાકાને ત્યાં ગરમીની રજાઓ પસાર કરવા માટે વહેલા ચાલી ગયા હતા. તે વખતે મારા મોટા કાકા સિંધમાં આવેલા સિકારપુરમાં એક બૅંકના મૅનેજર હતા.

અચાનક એપ્રિલ માસની અધવચ્ચે શહેરમાં પ્લેગનું ભયાનક રૂપ ફાટી નીકળ્યું. આખું શહેર ખાલી કરવામાં આવ્યું. જે લોકો આજુબાજુનાં ગામોમાં અથવા નાનાં શહેરોમાં પોતાનાં સગાંવહાલાંઓ કે મિત્રોને ત્યાં રહી શકે એમ હતા તેઓ ત્યાં ચાલ્યા ગયા. દરદીઓ માટે શહેરથી સાત માઈલ દૂર એક કૅમ્પ ઊભો કરવામાં આવ્યો. દરેક દરદીની સાથે એક જ સગું રહી શકે એવો કૅમ્પનો નિયમ હતો.

મારાં નાનાં મામી આ ભયાનક રોગમાં સપડાઈ ગયાં. તેમને એક ધાવણું બાળક હતું.

'જો એની મા મરી જાય, તો એ નાના બચ્ચાની કોણ સંભાળ લેશે?' એવી ચિંતાથી મારા મામા બહુ દુઃખી થતા હતા.

આ જોઈને મારાં બાએ એમને કહ્યું :

'ભાઈ, આટલી બધી ચિંતા શું કામ કરો છો? તમે બાળકને લઈને આપણી મોટીબહેનને ત્યાં જાઓ. હું ભાભીની સેવાચાકરી કરવા માટે કૅમ્પમાં રહીશ. પ્રભુને હું રાતદિવસ પ્રાર્થના કરીશ કે, બાળકને ખાતર ભાભીને

કૃપા કરી જીવતાં રાખે અને મારી પ્રાર્થનાના બદલામાં પ્રભુ જો મારું પોતાનું જીવન માગે, તો એ હું ખુશીથી તેનાં ચરણકમળમાં ધરી દેવા સદા તત્પર રહીશ. મારાં બચ્ચાંઓ મોટાં થઈ ગયાં છે. તેથી જો હું મરી જાઉં તો તેમના બાપુને ખાસ કંઈ અગવડ નહિ પડે.'

બાનાં મોટાં બહેન એટલે કે મારાં મોટાં માસી ડેરા ઇસ્માઇલખાનથી લગભગ એકસો માઈલ દૂર આવેલા એક ગામમાં રહેતાં હતાં.

મારા મામાએ ત્યાં જવાનું કબૂલ્યું, એટલે મારાં બા કૅમ્પમાં રહેવા જવા તૈયાર થયાં. તેથી તેમણે મારી નાની બહેનને અને મને કોઈ સંગાથની સાથે સિકારપુર મોકલી દેવાનું ગોઠવ્યું.

બા અમને ડેરા ઇસ્માઇલખાન શહેરના છેડે સુધી મૂકવા આવ્યાં.

બાની વિદાય લેતી વખતે અમે રડવા લાગ્યાં, ત્યારે બાએ અમને બંનેને વળગી પડીને આશ્વાસન આપતાં કહ્યું :

'મારાં વહાલાંઓ, હું તમને પાછી જલદી મળીશ. તમારી મામી જેવી સારી થઈ જશે કે તરત જ હું સિકારપુર ચાલી આવીશ.'

અહીં હું કહી દઉં કે, મારા પિતાશ્રી* તે વખતે

* બાનું નામ શ્રી તેજસ્વીદેવી; પિતાશ્રીનું નામ શ્રી નારાયણદાસ.

બલુચિસ્તાનમાં આવેલા ક્વેટામાં સરકારી નોકર હતા. તેમનું કામ એવી જાતનું હતું કે તે કરવા માટે વરસમાં લગભગ દસ મહિના તેમને ઘોડા પર કે ચાલતાં મુસાફરી કરવી પડતી. તેથી બા અને અમે — બે ભાઈઓ અને બહેન — વધારે વખત ડેરા ઇસ્માઇલખાનમાં રહેતાં.

કૅમ્પમાં રહીને બાએ મામીની અજબ સેવા કરી. પરંતુ સેવા કરતી વખતે જેટલી વાર બનતું તેટલી વાર બા અંદર પોતાના હૈયામાં પ્રભુને એવી પ્રાર્થના કરતાં કે,

'હે કૃપાનિધાન! મારી ભાભીને તું દીર્ઘાયુષ બક્ષ. મને તું બેશક, જો તારી એવી ઇચ્છા હોય તો, બોલાવી લે!'

બાની આ પ્રાર્થના સફળ થઈ.

થોડા દિવસ પછી મામી સાજાં થઈને અમારી મોટી માશીને ઘેર ગયાં. પણ મારી બાએ પ્રાણ ત્યાગ્યો!

પ્લેગનો રોગ એમને લાગુ પડ્યો. એમની હાલત ત્રણચાર દિવસમાં જ બહુ ગંભીર થઈ ગઈ.

પરંતુ બા આટલાં બધાં બીમાર પડી ગયાં છે એની ખબર અમને સિકારપુરમાં કોઈને આપવામાં આવી નહિ. તેથી અમે બા આવતી કાલે આવશે એવી રોજ આશા રાખીને એમની આતુરતાથી રાહ જોયાં કરતાં હતાં.

## ૨

# બાના અવસાનની આગાહી

ચાચાજી, બાના અવસાનના સમાચાર આપને ક્યારે આપવામાં આવ્યા ?

**એની પણ વાત અજબ છે.**

મે મહિનામાં સિકારપુરમાં ગરમી બહુ સખત પડે છે. તે રાતે બધાં છત પર ખુલ્લામાં આકાશની નીચે સૂતાં હતાં.

સાતમી મેને દિવસે ઊઠતાં જ મને એમ લાગ્યું કે, મારી બા આ દુનિયામાં હવે નથી !

તેથી હું જોરશોરથી રડવા લાગ્યો.

મારું રુદન સાંભળીને મારા કાકાને ગુસ્સો આવ્યો અને તેમણે મને એક લપાટ મારીને કહ્યું : ‘ તું કેવો અપશુકનિયાળ છે! સવારે ઊઠતાં પ્રભુનું નામ લેવાનું હોય કે રડવાનું હોય ?’

પણ મારું રડવાનું કેમે કરી બંધ થાય જ નહિ.

એટલે કાકાએ ચિડાઈને પૂછ્યું: 'તો પછી છે શું? કંઈ પેટમાં-બેટમાં દુઃખે છે કે શું?'

રડતાં રડતાં મેં જવાબ આપ્યો:

'મારી બા ગુજરી ગઈ છે!'

એ સાંભળીને તેમણે મને બીજી એક લપાટ મારી. તેમણે કહ્યું:

'મને તો કોઈએ એવી ખબર નથી આપી કે તારી બા બીમાર છે અને તું કહે છે કે તે મરી ગઈ છે! છાનોમાનો સૂઈ જા. એવી અપશુકનભરેલી વાત કોઈ દિવસ કરતો નહિ.'

આ સાંભળીને હું ધ્રૂજતો ધ્રૂજતો અને ડૂસકાં ભરતો પાછો સૂઈ ગયો.

પણ પાંચ કલાક પછી મારા કાકા પોતાની ઑફિસમાં, જે ભોંયતળિયે હતી, અગિયાર વાગ્યાને શુમારે ગયા, ત્યારે તેમને એક તાર મળ્યો. એમાં એવું લખેલું હતું કે,

'ગુરુદયાલનાં બા આજ સવારે ગુજરી ગયાં છે.'

એ તાર મારા પિતાશ્રીએ ડેરા ઇસ્માઇલખાનથી કર્યો હતો.

જ્યારે બાની બચવાની આશા ન હતી, ત્યારે દાકતરોએ તાર કરીને મારા પિતાશ્રીને બોલાવી લીધા હતા.

જ્યારે ત્રણ દિવસની મુસાફરી પછી મારા પિતાશ્રી ડેરા ઇસ્માઇલખાન પહોંચ્યા, ત્યારે બાની નાડી બહુ જ ધીમી પડી ગઈ હતી!

પિતાશ્રીને જોઈને બાએ પિતાશ્રીનાં ચરણ સ્પર્શ્યાં અને કહ્યું:

'હું જાઉં છું. બચ્ચાંઓને સંભાળજો. જે કંઈ ભૂલ જીવનમાં મેં કરી હોય તો તે ક્ષમા કરજો.'

એટલું કહીને બાનો શ્વાસ બંધ પડી ગયો!

૩

# બાના અવસાનના સંસ્કાર

ચાચાજી, આપનાં માતુશ્રીના આવા અદ્‌ભુત અવસાનથી આપના જીવન પર કશા ખાસ સંસ્કાર પડચા છે ખરા?

બાના અવસાનથી બે વિચારો મને આવ્યા:

એક તો એ કે, સાચી લાગણીપૂર્વક કરેલી પ્રાર્થનામાં કેટલું બળ હોઈ શકે છે;

અને બીજું એ કે, માણસની અંદર એક એવી વિભૂતિ કે શક્તિ છે જે કાળ, સ્થાન વગેરેને પાર કરીને જે કંઈ થઈ રહ્યું છે તે જુએ છે અને જાણે છે.

એવી રીતે નાનપણથી પ્રભુ અને પ્રાર્થનામાં મારો વિશ્વાસ સરળતાથી દૃઢ થઈ ગયો.

એવા દૃઢ વિશ્વાસની જીવતી-જાગતી પ્રતિમા મારી બા હતી, તેથી જ એવા વિશ્વાસનું બીજ મારી ચેતનામાં સહેલાઈથી પડી ગયું એમ મને લાગે છે.

એક બીજો સંસ્કાર પણ માના અવસાન અને

એમના જીવનથી પડી ગયો છે. અને તે એ છે કે, સ્ત્રીના માતૃત્વમાં પ્રભુનું પ્રભુત્વ અને પ્રેમ બંને અસાધારણ રીતે પ્રતિબિંબિત છે.

તેથી દરેક સ્ત્રીમાં માનું રૂપ જોવાની દૃષ્ટિ મારી ખૂલે એવી પ્રાર્થના હું આજ સુધી કરતો આવ્યો છું. વારંવાર આ સત્યને દુર્બળતાને કારણે હું ભૂલી ગયો છું. પણ હું નમ્રતાપૂર્વક પ્રભુને સાક્ષી રાખીને જરૂર કહીશ કે, મારું ધ્યેય માતાના રૂપમાં પ્રભુને અને પ્રભુના રૂપમાં માતાને જોવાનું મારી આંતરિક ચેતનાથી કદી લુપ્ત નથી થયું.

એ જ કારણ હોઈ શકે છે કે, જ્યારે એક દિવસે લાહોરની એક નિશાળમાં જ્યાં હું ભણતો હતો, એના એક શિક્ષક બ્રહ્મચર્ય એ શું છે એ વિશે સમજાવતાં એવું એક વાક્ય બોલી ગયા કે, 'બચ્ચાઓ, તમે કોઈ દિવસ ભૂલતા નહિ કે સ્ત્રી તો એક શયતાન છે; તેથી તમે એના સંગથી સદા દૂર રહેજો.' ત્યારે હું એકદમ બોલી ઊઠ્યો હતો:

'ગુરુજી, પણ તમારી માનું શું? તેઓ પણ એક સ્ત્રી જ છે ને?'

મારો આ પ્રશ્ન સાંભળીને તે શિક્ષક ક્રોધમાં આવી ગયા અને તેમણે મને બહુ જ ક્રૂરતાથી ફટકાર્યો!

પરંતુ ત્રણ દિવસ પછી એવી ખબર પડી કે, તેઓ

નિશાળમાંથી રાજીનામું આપીને ઘર છોડીને ક્યાંક ચાલી ગયા છે.

આ ગુરુજીની સાથે લગભગ પચીસ વરસ પછી એક અજબ સંજોગોમાં મારો ભેટો થયો.

હું ગરમીની રજા પૂરી કરીને એક વાર કરાંચીથી પાછો શાંતિનિકેતન જતો હતો.

અમૃતસર સ્ટેશન પર જ્યારે ગાડી ઊભી રહી, ત્યારે ઉજ્જવળ, પ્રસન્ન અને શાંત મુખવાળી, ગેરુવા કપડાં પહેરેલી એવી એક વ્યક્તિ જે ડબ્બામાં હું બેઠો હતો એમાં પ્રવેશી.

પછી વાત વાતમાં તેમણે મને પૂછ્યું: 'તમે નાના હતા ત્યારે કઈ નિશાળમાં ભણતા હતા?'

જવાબમાં મેં લાહોરવાળી નિશાળનું નામ આપ્યું.

એટલે તેઓ બોલ્યા: 'ત્યારે એક અમુક નામનો શિક્ષક તમારી શાળામાં હતો ને?'

મેં જવાબમાં કહ્યું: 'હા જી.'

'તે શિક્ષક એ હું જ છું!' તેમણે કહ્યું.

એમ કહીને તેઓ મારે પગે પડ્યા અને બોલ્યા 'આધ્યાત્મિક જીવનના માર્ગ પર તું મારો પ્રથમ ગુરુ. તેથી હું તને પ્રણામ કરું છું.'

આ સાંભળીને હું તો આશ્ચર્ય પામ્યો. તરત જ

મેં તેમના પગ પકડી લીધા: 'તમે આ શું કહો છો? તમે મારા ગુરુ કે હું તમારો ગુરુ?'

પછી તેમણે મને બધી વાત કહી:

જ્યારે મેં એમને પ્રશ્ન પૂછ્યો હતો કે, 'જો બધી સ્ત્રીઓ શયતાન હોય તો પછી તેમનાં માનું શું?' તે વખતે તો તેમણે ક્રોધમાં આવીને મને માર્યો હતો.

પરંતુ જ્યારે તે ઘેર ગયા, ત્યારે તેમના મનમાં સંગ્રામરૂપે ભારે ગડમથલ ઊભી થઈ. તેથી ત્રણ દિવસ તે ઘરની બહાર નીકળ્યા જ નહિ અને નિશાળે પણ ન આવ્યા.

છેવટે આંતરિક અશાંતિ શમાવવા માટે તે હરદ્વાર ગયા. ત્યાં એક ગુરુ પાસેથી દીક્ષા લઈને તેમણે વર્ષો સુધી સાધના કરી.

પછી એક દિવસે પ્રભુની કૃપાથી તેમને પ્રભુનાં દર્શન થયાં અને તે માના રૂપમાં!

ત્યારથી દર વરસે તે પોતાની કુટિયામાંથી એક મહિના માટે બહાર નીકળીને જુદાં જુદાં સ્થળોએ પ્રવાસે જતા અને લોકોને સમજાવતા કે,

'પ્રભુને જોવા હોય તો મામાં જોવાની દૃષ્ટિ કેળવો. એના જેવી સહજ સાધના બીજી કોઈ નથી.'

## ૪
# બાળપણનાં સંભારણાં

ચાચાજી, બાલ્યકાળનાં બીજાં કોઈ સંસ્મરણો આપશ્રીને હજી યાદ છે ખરાં?

બાલ્યકાળની બેત્રણ બીજી સ્મૃતિઓ પણ આજ સુધી તાજી રહી ગઈ છે:

**૧ ગરીબનો અનાદર એટલે માનો અનાદર**

હું સાતેક વર્ષનો હોઈશ ત્યારે એક સાંજે ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. એક વયોવૃદ્ધ ભિખારણ ભિક્ષા માગવા આવી.

મેં તરત જ તેમને ઘરની અંદર બારણાની પાસે બેસવાનું કહ્યું અને પછી તેમને માટે થોડું ખાવાનું હું ઘરમાંથી લઈ આવ્યો.

તેમણે ઘણા પ્રેમથી ખાધું. તેમની આંખોમાં આનંદ અને આભારનાં આંસુ ઊભરાઈ આવ્યાં હતાં.

પછી ભગવાન જાણે મને શું થયું કે હું આવેશમાં આવી જઈને તેમને વળગી પડ્યો.

તે પણ મને વળગી પડ્યાં ને ઘણા વહાલથી 'મારો દીકરો!' એમ કહીને ત્યાં ને ત્યાં જ મરી ગયાં!

આનું રહસ્ય હું આજ સુધી સમજી શક્યો નથી. પરંતુ એવો સંસ્કાર આ બીનાથી મારા પર પડી ગયો કે, ગરીબોનો કોઈ દિવસ અનાદર નહિ કરવો. કારણ કે ગરીબનો અનાદર એટલે માનો અનાદર; અને માનો અનાદર એટલે પ્રભુનો અનાદર—આવો વિચાર મારા મનમાં ઠસી ગયો છે.

**૨ 'મારી માને આ ગમશે કે નહિ?'**

બીજો પણ એક એવો જ પ્રસંગ મને યાદ છે. તે વખતે હું અગિયારેક વરસનો હોઈશ. એક દિવસ હું રસ્તા પરથી પસાર થતો હતો. એવામાં એક ફકીરબાબા સામેથી આવ્યા.

તેમણે મને ઊંચકી લીધો અને મારી આંખમાં આંખ મિલાવીને બે ઘડી તે જોઈ રહ્યા. પછી મને નીચે મૂકી દીધો. ત્યાર બાદ તેમણે મને પાછો ઉપાડી લીધો અને એ પ્રમાણે જ નિહાળીને પાછો નીચે મૂકી દીધો.

આમ તેમણે ત્રણેક વાર કર્યું.

પછી ફકીરબાબાએ કહ્યું: 'બચ્ચા, મારી એક વાત

તું હમેશાં યાદ રાખજે. જ્યારે તું કંઈ પણ કરે, બોલે, વિચારે ત્યારે તારા દિલને એક સવાલ પૂછજે કે, "મારી માને આ ગમશે કે નહિ?"'

એટલું કહીને એ ફકીરબાબા ચાલ્યા ગયા. એ પછી મેં તેમને કોઈ વાર જોયા નથી.

તેમની એ શિખામણ મારા દિલમાં જડાઈ ગઈ છે. ત્યારથી મને એક ટેવ જ પડી ગઈ છે કે, કંઈ પણ હું બોલું, કરું અથવા વિચારું ત્યારે મારી આંખ સામે સવાલ આવીને ખડો થઈ જાય છે: 'મારી માને આ ગમશે કે નહિ?'

આ શિખામણથી હું ઘણા ઘણા દોષમાંથી બચી ગયો છું. માને હમેશાં મારી નજર સામે રાખવાની મને ટેવ પડી ગઈ છે, તેથી કંઈ અનિષ્ટ વિચારતાં, કરતાં કે બોલતાં મને શરમ અને સંકોચ થઈ આવે છે અને એ કુવિચાર, કુકર્મ કે કુવચનના દોષમાંથી હું બચી જાઉં છું.

સાથોસાથ મને પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમની રીત પણ યાદ આવે છે. ત્યાં બધે ઠેકઠેકાણે લખેલું હોય છે: 'મા જુએ છે.' એટલે ત્યાંના લોકો હમેશાં જાગ્રત રહે છે અને કંઈ પ્રમાદ કરતાં, આળસ કરતાં, અસાવધ બનતાં તેઓ અટકે છે.

જીવનમાં આપણા દિલમાં આ મંત્ર સદા જાગતો

રહેવો જોઈએ: 'મારી માને આ ગમશે કે નહિ?', 'મા જુએ છે.'

### ૩ બે પૈસાની અક્કલ!

બીજી એક સ્મૃતિ લગભગ હું સાતેક વર્ષનો હતો એ સમયની છે.

ગણિતમાં મને કોઈ દિવસ રસ નથી પડયો. નાનપણથી જ એની તરફ અતિશય અરુચિ રહી છે. તેથી નિશાળમાં મારા દાખલા કોઈ દિવસ ખરા પડતા ન હતા.

આ કારણે ગણિતના શિક્ષક મારાથી સદા નારાજ રહેતા. એક દિવસે તેમણે ગુસ્સામાં આવીને મને કહ્યું: 'તારામાં બિલકુલ અક્કલ નથી!'

મેં તરત જ પૂછયું: 'તો અક્કલ કયાંથી લઈ આવું એ મને કહેશો?'

મારા પ્રશ્નથી તેઓ વધારે ચિડાઈ ગયા અને બોલ્યા: 'બજારમાં અક્કલ મળે છે. ત્યાંથી લઈ આવ.'

બીજે દિવસે શિક્ષકની વાતમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને હું બે પૈસા લઈને બજારમાં અક્કલ લેવા ગયો.

દુકાને દુકાને જઈને હું કહેવા લાગ્યો:

'મને બે પૈસાની અક્કલ આપો.'

દરેક દુકાનદાર મારા પર હસે.

પણ એક ડોસો દુકાનદાર હતો. તેણે મારી પાસેથી એ પૈસા લઈ લીધા અને મને કહ્યું: 'હું તને અક્કલ આપું છું.'

પછી તેણે મારા ગાલ પર બે થપ્પડ મારી!

જ્યારે રડતો રડતો હું થોડી વાર પછી નિશાળે પહોંચ્યો, અને વર્ગમાં દાખલ થયો, ત્યારે શિક્ષકે મને પૂછ્યું:

'અલ્યા, આજે તારા ગાલ કેમ આટલા બધા લાલ છે?'

મેં જવાબમાં કહ્યું:

'માસ્તરજી, બે પૈસાની અક્કલ લઈ આવ્યો છું.'

મારો જવાબ સાંભળીને બધા ખડખડાટ હસી પડ્યા.

**૪ હિમાલયની સૌથી ઊંચી ચોટી!**

બીજા કોઈક દિવસે ભૂગોળના શિક્ષકે ભૂગોળનો પાઠ શીખવતાં મને પૂછ્યું:

'હિમાલયની સૌથી ઊંચી ચોટી* કઈ?'

જવાબમાં મેં મારા માથા પરની ટોપી કાઢીને એમને મારી ચોટી—ચોટલી—બતાવી!

આવા જવાબનું પરિણામ શું આવ્યું હશે એ તો સહેલાઈથી સમજી શકાશે. કારણ કે એ દિવસોમાં શિક્ષકની સાથે કોઈ મશ્કરી કરવાની હિંમત કરતું તો બદલામાં તેને માર જ મળતો.

* શિખર

## ૫

# 'એ પણ આપણા જેવો જ માણસ છે!'

પરંતુ તે દિવસનો માર તો હું બે ચાર દિવસમાં જ ભૂલી ગયો. પણ એક બીજા પ્રસંગે થોડા વખત પછી મને જે માર નિશાળના મુખ્ય શિક્ષકે મારેલો એને ભૂલતાં મને ઘણા મહિનાઓ લાગ્યા.

વાત એમ બની કે, એક મહિનાની પહેલી તારીખે નિશાળનો ભંગી પોતાનો પગાર લેવા આવ્યો હતો. તે હેડમાસ્તરની ઑફિસના બારણાની પાસે ઊભો હતો.

મને હેડમાસ્તરે અમુક કામ માટે બોલાવ્યો હતો. તેથી હું ત્યાં ગયો.

નિશાળના ભંગીને મેં અડીને હાથ જોડી કહ્યું: 'ભાઈ, જરા ખસો. મને અંદર જવા દો.'

આ જોઈને હેડમાસ્તર સાહેબનો મિજાજ ગયો.

તેઓ તરત જ ખુરશીમાંથી ઊઠ્યા; હાથમાં લાકડી લઈ મારી પીઠ પર ફટફટ ફટકારતાં તેમણે મને કહ્યું:

'તેં આજે હિંદુધર્મને કલંકિત કર્યો છે!'

અને પછી એ બિચારા ભંગી પર તેઓ તૂટી પડ્યા!

આ જોઈને હું ચીસો પાડવા લાગ્યો અને હેડમાસ્તર સાહેબને વારંવાર વિનંતી કરવા લાગ્યો કે,

'એને મહેરબાની કરીને નહિ મારો! નહિ મારો! એ પણ આપણા જેવો જ એક માણસ છે!'

આવી વિનંતીનું પરિણામ કેવળ એટલું જ આવ્યું કે, તે ભંગીને નિશાળમાંથી કાઢી મૂકવામાં આવ્યો અને મને પણ!

હું પછીથી બીજી નિશાળમાં જોડાયો જ્યાંના હેડ-માસ્તર એક મુસ્લિમ ભાઈ હતા.

પરંતુ હું એક ભંગીને અડ્યો હતો એ વાત જ્યારે અમારા નાના શહેરમાં ફેલાઈ, ત્યારે ઘણાં હિંદુ કુટુંબનાં માણસો મારી બાને માઠું કહેવા લાગ્યાં અને બોલ્યાં:

'મોટી વૈષ્ણવી પોતાને કહેવડાવે છે; મંદિરમાં જાય છે. પણ હિંદુધર્મનું તો કંઈ નથી સમજી! એ વૈષ્ણવ કેવાં જે વર્ણભેદ ન પાળે?'

પરંતુ મારી બાએ એક વાર પણ જવાબ ન આપ્યો; એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો.

## ૬

## 'तेरी इच्छा पूरण हो'

ચાચાજી, આપશ્રીની વાત પરથી અમને જાણવા મળ્યું છે કે, આપ નાનપણમાં અમુક વખત છાત્રાલયમાં રહીને ભણ્યા હતા. તો તે સમયનો કોઈ મહત્ત્વનો પ્રસંગ નોંધવા જેવો છે ખરો?

જી હા. બાલ્યકાળની એક બીજી ઘટના પણ છે ખરી, જેની છાપ મારા જીવન પર ઊંડી રીતે પડી છે.

માતુશ્રીના ગુજરી ગયા પછી મારા મોટાભાઈ અને હું એક છાત્રાલયમાં રહેવા લાગ્યા.

છાત્રાલયના ગૃહપતિ એક ચુસ્ત આર્યસમાજી હતા. તેઓ બ્રહ્મચારી પણ હતા.

શિયાળાની એક ઋતુમાં મેં એમને કહ્યું:

'બજારમાં તાજું કૉલિફ્લાવર આવ્યું છે. એનું શાક એક દિવસ છાત્રાલયમાં બધાને ખવડાવવામાં આવે તો બધા ખુશ થશે.'

'જરૂર,' એમણે જવાબમાં કહ્યું.

પણ બીજે દિવસે સવારે જમતાં પહેલાં છાત્રાલયના બધા વિદ્યાર્થીઓને હારબંધ ઊભા રાખીને તેમણે કહ્યું:

'છોકરાઓ, ગુરુદયાલે એવી ઇચ્છા પ્રગટ કરી છે કે, એને અને તમને બધાને કૉલિફ્લાવરનું શાક ખવડાવવું. તમને તો કોઈ બીજે દિવસે આ શાક ખવડાવીશ. પણ ગુરુદયાલને તો આજે ને આજે જ તમારી સામે કૉલિફ્લાવરનું શાક ખવડાવું છું.'

એમ કહીને ગૃહપતિજીએ મારા મોઢામાં મૂઠો ભરીને ક્વિનાઈન પાવડર ઠાંસી દીધો અને મને કહ્યું:

'લે; ખા કૉલિફ્લાવરનું શાક!'

તે દિવસથી અનિચ્છા-વૃત્તિ કેળવવાની સાધના શરૂ થઈ.

એ સાધના હજી પણ અધૂરી જ છે. પણ મનમાં એવો વિચાર અને વિશ્વાસ તો બેસી જ ગયો છે કે, જ્યાં સુધી ઇચ્છા કરવાની વૃત્તિ અથવા વાસના સંપૂર્ણપણે નાબૂદ નહિ થાય, ત્યાં સુધી મને પ્રભુ અથવા સત્યનું દર્શન નહિ થશે.

એ જ કારણ હોઈ શકે છે કે, આજ સુધી મારી ઇચ્છાશક્તિ બહુ જ નબળી રહી છે. જેથી કોઈ એકાદ વિશેષ ધ્યેય પણ જીવનમાં હું સફળ નથી બનાવી શક્યો.

પરંતુ કોઈ કોઈ વખતે એવો વિચાર જરૂર આવે છે કે, આવી દુર્બળતાની પાછળ રહીને મારો પ્રભુ મને

તેની પોતાની ઇચ્છા પર સંપૂર્ણ રીતે નિર્ભર રહેવાનું તો નથી શીખવી રહ્યો ને?

એમ કહીને, હોઈ શકે છે કે, ભ્રમવશ થઈને હું મારો પોતાનો ખોટો બચાવ કરતો હોઉં. પરંતુ હકીકત સાચી છે.

કારણ કે જીવનના કોઈ પણ ક્ષેત્રમાં—આર્થિક, બૌદ્ધિક, આધ્યાત્મિક—જેને સફળતા કહી શકાય એવું મેં નથી મેળવ્યું.

પણ અનિચ્છાની આરાધના તો ચાલુ જ છે.

એવો જ કંઈક વિચાર મારું એક ભજન જે મેં વર્ષો પહેલાં લખેલું એની પાછળ હશે:

जिसने अपनी खुदी गवाँई ।
उसने जानी सच्ची खुदाई ।।

ને એક બીજા ભજનની પાછળ પણ એવો જ વિચાર હોય:

मान-अपमान दोनोंमें, प्रीतम !
दुःखसुखमें भी मेरे ।
जनममरणमें भी, मेरे प्रीतम !
तेरी इच्छा पूरण हो ।।

## ૭

## 'बाबुजी, मुझे तरबूज खाना है'

ચાચાજી, આપે કૉલેજનો અભ્યાસ ક્યાં કર્યો હતો ? તે વખતના કેટલાક ખાસ પ્રસંગો આપ કહો તો સારું.

કૉલેજનો અભ્યાસ મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં થયો. તે કાળની પણ બેચાર વાતો યાદ રહી ગઈ છે. થોડી ગંભીર અને થોડી રમૂજી.

તે સમય હતો પ્રથમ વિશ્વ યુદ્ધનો. કૉલેજ એક વાગે બંધ થઈ જતી. તે વખતે હું કૉલેજના પ્રથમ વર્ષમાં હતો.

મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ સર નારાયણ ચંદાવરકરે તે વેળાએ એવી અપીલ બહાર પાડી હતી કે, લડાઈમાં ઘાયલ થઈને આવેલા સૈનિકોને છાપાંઓ વાંચી સંભળાવવા અને તેમની સાથે વાતચીત કરવા વગેરે માટે જો કૉલેજના વિદ્યાર્થીઓ પોતાનો થોડોઘણો સમય આપે, તો ઘાયલ સૈનિકોની મોટી સેવા થશે.

મેં તરત જ મારું નામ એવા સ્વયંસેવકોની યાદીમાં નોંધાવ્યું અને નિયમસર ઇસ્પિતાલમાં જવા લાગ્યો.

કૉલેજમાંથી બપોરે છૂટ્યા પછી બપોરના ચારથી સાંજે સાત વાગ્યા સુધી હું ઘાયલ સૈનિકોની જે ઇસ્પિતાલ હતી તેમાં જતો. આપણા હિંદુસ્તાની ભાઈઓને તેમનાં કુટુંબીઓ પર પત્ર લખી આપતો; દૈનિક છાપાંઓ અને વાર્તાઓની ચોપડીઓ પણ વાંચી સંભળાવતો.

એ લોકોનું શારીરિક કષ્ટ અને માનસિક વ્યથા જોઈને મને વારંવાર એવો વિચાર આવતો કે, દેશ દેશ વચ્ચે, જાતિ જાતિ વચ્ચે, પરિવાર પરિવાર વચ્ચે, વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, અશાંતિ અને ઝઘડા કેમ ઊભાં થતાં હશે? આપણે પ્રેમ અને સહાનુભૂતિથી સાથે હળીમળીને રહેવાની અને કામ કરવાની કળા કેમ નથી શીખતા? એવી કળા જો કૉલેજમાં, જ્યારે માણસની બીજી વૃત્તિઓ અને શક્તિઓની સાથે એનો 'અહમ્' પણ વિકસે છે ત્યારે, વિદ્યાર્થીઓને શીખવવામાં આવે તો કેવું સારું?

એક વાર એ ઘાયલ સૈનિકોની ઇસ્પિતાલમાં એક એવો સૈનિક આવ્યો જેના બે પગ અને એક હાથ કપાઈ ગયા હતા. એ બિચારાને ખૂબ જ પીડા થતી હતી! એને જોઈને મને લાગતું હતું કે એ બાપડો વધારે દિવસ નહિ કાઢે. હું રોજ એની પથારી પાસે જતો.

એક દિવસે તેણે મને પોતાની પાસે બોલાવ્યો.

હું ધીમેથી તેની નજીક ગયો. મેં કહ્યું : 'ભાઈ, તમારે કંઈ કહેવું છે?'

તેણે ધીમે પણ બહુ આર્ત અવાજે કહ્યું :

'બાબુજી, મુઝે તરબૂજ ખાના હૈ!'

એ સાંભળીને હું તો સ્તબ્ધ બની ગયો! તેને કેટલી બધી ભયંકર પીડા થઈ રહી હતી; લગભગ તે મરણને આરે આવી પહોંચ્યો હતો અને તેને ફક્ત તડબૂચ જ ખાવાની ઇચ્છા થાય છે!

તેના મનમાં ઓછું ન આવે એ રીતે મેં પ્રેમથી તેને કહ્યું : 'હું અહીંના દાક્તરને પૂછી જોઉં છું. તે જો હા કહેશે તો હું તમને એક નહિ પણ બે તડબૂચ ખવડાવીશ.'

મેં દાક્તરને પૂછી જોયું. એ સાંભળીને દાક્તર અને નર્સ બંને મારા પર નારાજ થઈ ગયાં અને ગુસ્સે થઈને બોલી ઊઠ્યાં કે, 'આવી ગંભીર હાલતમાં દરદીને તડબૂચ અપાય ખરું? કોઈ આપણને મૂરખ જ કહે!'

હું ભોંઠો પડીને ત્યાંથી પાછો ફર્યો.

બીજે દિવસે ઇસ્પિતાલમાં જઈને જોઉં છું તો એ દરદીની પથારી ખાલી હતી!

હું સમજી ગયો કે, તે ભગવાનની પાસે પહોંચી ગયો છે.

મેં બાજુની પથારીમાં સૂતેલા સૈનિકને પૂછ્યું: ‘આ ભાઈનું શું થયું?’

તેણે કહ્યું: ‘તે તો કાલે જ ગુજરી ગયો! પરંતુ મરતાં મરતાં તે બોલ્યો હતો કે, બાબુજીને કહેજો કે એમણે મને તડબૂચ નહિ જ ખવડાવ્યું!’

એ સાંભળીને મને ભારે દુઃખ થયું. અરેરે, એ બાપડાની આખરી ઇચ્છા પણ મેં પૂરી નહિ કરી! મેં છાનામાના તડબૂચ લાવીને એને ખવડાવી દીધું હોત તો કેવું સારું થાત! એમાં દાક્તર અને નર્સને પૂછવાની શી જરૂર હતી? બિચારાની અંતિમ ઇચ્છા મારા કારણે અધૂરી રહી ગઈ!

પરંતુ આવો શોક કરવો વ્યર્થ છે. પ્રભુની ક્યારે શી ઇચ્છા છે એ આપણે સમજી શકતા નથી અને બધો ભાર આપણે આપણા માથા પર વહોરી લઈએ છીએ અને દુઃખી થઈએ છીએ.

મને ઘાયલ સૈનિકોની એવી નજીવી સેવા કરતાં કરતાં એક બહુ જ મોટો લાભ થયો. મારો ‘અહમ્’ ધીરે ધીરે થોડો થોડો ઓછો થતો ગયો.

અને જે કંઈ સેવાવૃત્તિ મારામાં રહેલી છે એની પાછળ મારી માનું સેવાભાવી જીવન પણ હોઈ શકે. અને આ સેવાવૃત્તિમાં જ મને ભગવાને જીવનમાં શાંતિ મેળવવાની અને ફસાવાની ચાવી નહિ સૂચવી હોય?

## ૮

# એક કવિતાની અસર

કૉલેજના એ દિવસો દરમિયાન એક બીજો પણ બહુ મોટો લાભ મને થયો.

જસ્ટિસ ચંદાવરકર તે દિવસોમાં દર રવિવારે સાંજે ગીરગામમાં પ્રાર્થના સમાજમાં મુંબઈની જુદી જુદી કૉલેજોના થોડા વિદ્યાર્થીઓને અંગ્રેજ કવિ બ્રાઉનિંગની કવિતાઓ સમજાવતા.

એક કવિતા છે, જેનું શીર્ષક છે: Rabi Bin Ezra (રબિ બિન એઝરા).

એ કવિતામાં એક ઠેકાણે એવા શબ્દો આવે છે:

The best is yet to be (આના કરતાં પણ ઉત્તમ તો હજી બાકી છે).

સર નારાયણ ચંદાવરકરે આખી કવિતાનો મર્મ જે

રીતે સમજાવ્યો એનાથી મારા સ્વભાવમાં ઘણો ફેરફાર થઈ ગયો.

હું આશાવાદી બની ગયો. તેથી જ્યારે પણ કોઈ ઘોર નિરાશામાં હું સપડાઈ જાઉં છું, ત્યારે અંદરથી કોઈ મને આશ્વાસન આપતાં કહે છે:

The best is yet to be.'

—જીવનમાં જે કંઈ ઉત્તમ છે એનું દર્શન કરવાનું હજી તો બાકી છે.

## ૯

# દીનબંધુનો પ્રથમ પરિચય

એ જ દિવસોમાં એક રવિવારે સાંજે સર ચંદાવરકર પ્રાર્થના સમાજમાં મોડા આવ્યા.

પરંતુ જ્યારે તેઓ દાખલ થયા, ત્યારે એમની સાથે દીનબંધુ સી. એફ. ઍન્ડ્રૂઝ હતા.

સર નારાયણે અમારી ઓળખાણ તેમની સાથે કરાવી.

દીનબંધુને જોઈને જ હું તેમની તરફ ખૂબ આકર્ષાયો. મેં જ્યારે એમને નમસ્કાર કર્યા ત્યારે હું બોલી ઊઠ્યો :

'Sir, India is grateful to you for what you are doing for her children at home as well as abroad.'

—સાહેબ, આપ ભારતમાં તેમ જ ભારતની બહાર વસતા ભારતવાસીઓ માટે જે કંઈ કરી રહ્યા છો એ બદલ ભારત આપનું ઋણી છે.

તેમણે મને સામા નમસ્કાર કરીને નમ્રતાપૂર્વક જવાબ આપ્યો :

'It is I who am grateful to India for what she has taught me.'

—ભારતે મને જે કંઈ શીખવ્યું છે એ બદલ હું જ ભારતનો ઋણી છું.

આ શબ્દોથી પહેલી વાર જ મારામાં સાચું દેશાભિમાન કેળવવાની વૃત્તિ જાગી.

કારણ કે સરહદમાં અને પછી પંજાબમાં રહીને મારા મનમાં ત્યાંના હાકેમોએ અને શિક્ષકોએ એવો વિચાર ઠસાવી દીધો હતો કે, 'જે કંઈ જગતમાં અને જીવનમાં સારું છે અને શીખવાલાયક છે તે ઇંગ્લેંડમાં જ છે. અને આપણો દેશ તો અજ્ઞાનના અંધકારમાં પડેલો છે.'

તેથી જ્યારે દીનબંધુએ કહ્યું કે, તેઓ આપણા ભારત-દેશ પાસેથી ઘણું શીખ્યા છે, ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે, આપણા દેશમાં પણ શીખવાલાયક કંઈ છે ખરું.

એ દિવસથી જ મેં શ્રીરામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ, કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની કૃતિઓ વાંચવાનું શરૂ કર્યું.

અને બીજું, દીનબંધુની અતિશય નમ્રતાનો થોડોઘણો

અંશ મારા જીવનમાં ઊતરે એવી પ્રાર્થના અને પ્રેરણા તે વખતે મને થઈ.

પછી તો થોડાં વર્ષ બાદ દીનબંધુની સાથે પ્રભુકૃપાથી મને રહેવાની અને કામ કરવાની સુવર્ણ તક મળી. અને એવી રીતે મારામાં સેવા અને નમ્રતાની વૃત્તિનાં રોપેલાં બીજોને વેગ અને પુષ્ટિ મળ્યાં.

## ૧૦

# પ્રોફેસરની ટકોર અને રમૂજી જવાબ

ચાચાજી, કૉલેજ–જીવનનો કોઈ રમૂજી પ્રસંગ આપને યાદ હોય તો કહો.

ચાલો ત્યારે, એક રમૂજી વાત પણ કહી દઉં. હું પહેલા વર્ષમાં જ હતો.

મારી દાઢી ઊગવાની શરૂ થઈ ગઈ હતી. પણ હું કેવો દેખાઉં છું, મેં કેવો પોશાક પહેર્યો છે, આવી આવી બાબતો તરફ નાનપણથી જ હું જરા બેદરકાર રહ્યો છું. તેથી અઠવાડિયાં સુધી હું દાઢીના વાળ કાતરથી કાપતો પણ નહિ અથવા અસ્ત્રાથી હજામત પણ કરતો નહિ.

એક વાર અમારા અંગ્રેજીના પ્રોફેસરે મારી દાઢી જોઈને વર્ગમાં બધા વિદ્યાર્થીઓની વચ્ચે મને કહ્યું :

'Mr. Mallik, you look very ugly with that unkempt growth on your cheeks!' (મલ્લિક, તમારા ગાલ પર આ બધું જેમ તેમ ઊગી નીકળ્યું છે એનાથી તમે ખૂબ જ બેડોળ લાગો છો!)

એ સાંભળીને મને ઘણો ગુસ્સો આવ્યો. પણ હું તે વખતે ગુસ્સો ગળી ગયો અને મેં કંઈ જવાબ ન આપ્યો.

પણ થોડા દિવસ પછી મેં કાતરથી દાઢીના વાળ જરા ટૂંકા કરી દીધા. પરંતુ ફરીથી જૂની ટેવને વશ થઈને મેં બેદરકારી રાખી અને દાઢીના વાળ પાછા વધી ગયા.

મારા એ પ્રોફેસરનું ધ્યાન એક દિવસ ફરીથી એ તરફ ખેંચાયું. અને તેઓ કંઈ કહેવા જતા હતા એ પહેલાં જ હું ઊભો થઈ ગયો અને મોટેથી બોલી ઊઠ્યો :

'Reverend father, let beard grow from more to more, but more of reverence in you dwell.' (માનનીય સાહેબ, મારી દાઢી વધારે ને વધારે વધતી રહો અને એની સાથોસાથ તમારામાં અન્ય પ્રત્યે જે આદર હોય એ પણ વધતો રહો.)

કવિ ટેનિસનની એ લીટીઓમાં જરા ફેરફાર કરીને મેં એનું અનુકરણ કર્યું. મૂળમાં beard — દાઢીની જગ્યાએ Knowledge — જ્ઞાન શબ્દ છે.

આ સાંભળીને બધા ખૂબ હસ્યા.

ત્યાર પછી કોઈ દિવસે મારા એ પ્રોફેસરે દાઢીનો ઉલ્લેખ કરીને મારી મશ્કરી નહિ કરી.

## ૧૧

# ગુરુદેવનું આકર્ષણ

ચાચાજી, કૉલેજ-જીવન દરમિયાનની કોઈ અગત્યની હકીકત રહી તો નથી જતી ને ?

હાં, એક અગત્યની વાત કહેવાનું તો હું ભૂલી જ ગયો !

૧૯૧૪માં જ આ પ્રસંગ બન્યો.

એક દિવસે કૉલેજ હૉસ્ટેલમાં મેં 'બૉમ્બે ક્રૉનિકલ' નામના છાપામાં પહેલી જ વાર ગુરુદેવ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની છબી જોઈ અને તેમના સંબંધમાં કંઈક જાણ્યું.

એ છબી જોતાં જ અંદરથી મને કોઈ એમ જાણે કહેતું હોય કે, આ વ્યક્તિની સાથે આ જીવનમાં તારો વિશેષ સંબંધ ઘટશે.

મેં તો એમને પત્ર લખી પુછાવ્યું પણ ખરું કે, મને શાંતિનિકેતનમાં રાખવાની કૃપા કરશો ?

તે વખતે ગુરુદેવે જવાબ આપ્યો હતો કે, તમારો અભ્યાસ પૂરો કર્યા પછી અમને જણાવજો. અમારો એવો નિયમ છે કે, કોઈને અમે શાંતિનિકેતનમાં એકદમ દાખલ કરી દેતા નથી. આવનાર વ્યક્તિએ થોડા દિવસ અહીં રહેવું જોઈએ. અહીંનું વાતાવરણ એને અનુકૂળ થશે કે નહિ? અમને એ વ્યક્તિ અનુકૂળ થશે કે નહિ? એ બધાનો વિચાર કર્યા પછી જ એ વ્યક્તિને શાંતિનિકેતનમાં રાખવાનું નક્કી કરવામાં આવે છે. પરંતુ એ તો તમે તમારો અભ્યાસ પૂરો કરો ત્યાર પછી વિચારીશું.

એટલે ગુરુદેવને મળવાની શુભ ઘડી તો પાંચ વર્ષ બાદ જ આવી. એની વાત પછીથી કહીશ.

## ૧૨

# પ્રાંતીયવાદનું ઝેર

ચાચાજી, આપ મુંબઈમાં કૉલેજ-હૉસ્ટેલમાં રહેતા હતા, એનો કોઈ અનુભવ કહો.

જ્યારે હું કૉલેજ-હૉસ્ટેલમાં દાખલ થયો, ત્યારે શરૂના બેચાર મહિના મને પ્રાંતીયવાદના ઝેરનો ઘૂંટડો પીવો પડ્યો હતો.

હૉસ્ટેલમાં જમવાની જુદી જુદી સ્વતંત્ર ક્લબો હતી: પારસી, ગોવાની, ઇસ્લામી, સિંધી, ગુજરાતી અને દક્ષિણી.

ગુજરાતી અને દક્ષિણી ક્લબોમાં માંસમચ્છી રાંધવામાં નહોતાં આવતાં. અને હું શાકાહારી હતો. તેથી એ બંને ક્લબોને મેં અરજી કરી કે, મને એમાં દાખલ કરો.

પરંતુ એ લોકોએ મને દાખલ ન કર્યો, કારણ કે હું ખમીસ ને લેંઘો પહેરતો હતો અને સરહદથી આવેલો હતો. તેથી તેમને વિશ્વાસ ન બેઠો કે હું હિંદુ હોઈ શકું.

એ કારણે મને ઘણી અગવડ પડી અને મહિનાઓ સુધી ગરમીમાં, વરસાદમાં બહાર દરરોજ કોઈ એક વિશ્રાંતિ-ગૃહમાં જમવું પડતું.

એક વાર ગુજરાતી ક્લબના મંત્રીએ મારા પર દયા ખાઈને મને ક્લબમાં દાખલ કર્યો.

પણ જ્યારે મેં જોયું કે, મારો પાટલો જુદો અને દૂર મૂકવામાં આવતો અને બધા જમી રહે પછી જ મને મહારાજ છેટે રહીને પીરસતો, ત્યારે મને જરા આઘાત લાગ્યો !

મેં કશો વિરોધ ઉઠાવ્યો નહિ, પણ એક મહિના પછી મેં એ ક્લબમાં જમવાનું બંધ કર્યું.

આખરે સિંધી ક્લબવાળાઓએ મને દાખલ કર્યો. જોકે, એ ક્લબના બધા જ મેમ્બરો માંસમચ્છી ખાતા હતા, છતાં તેમણે કૃપા કરીને મારા માટે નિરામિષ ખોરાકનો પ્રબંધ કરી આપ્યો.

## ૧૩
# લેખનનો પ્રારંભ

ચાચાજી, આપે લેખનનો પ્રારંભ ક્યારે કર્યો? કૉલેજ-જીવન દરમિયાન કે એ પછી?

મારામાં લખવાની વૃત્તિ છે એનું ભાન મને કૉલેજના દિવસોમાં થયું.

મારા નિબંધોથી કોઈ કોઈ વાર મારા અંગ્રેજીના પ્રોફેસર પ્રસન્ન થઈ જતા.

એ વાત એક અંગ્રેજી સાપ્તાહિકના સંપાદકને પહોંચી. તે સાપ્તાહિક ગોવાની લોકો ચલાવતા હતા. સંપાદકે તેથી મને એક સંદેશો મોકલાવ્યો કે, મારે દર અઠવાડિયે અડધોએક કૉલમ જેટલું લખાણ જે વિષય મને ગમે એ વિષય પર લખીને તેમને મોકલી આપવું.

મેં મહિનાઓ સુધી એ પ્રમાણે કર્યું.

પછી કવેટા જ્યાં હું ગરમીની રજાઓમાં મારા પૂજ્ય

પિતાશ્રીને મળવા જતો ત્યાં એક અંગ્રેજી સાપ્તાહિકના સંપાદકે તેની પત્રિકા માટે નિયમિત એક કોલમ જેટલો અગ્રલેખ રાજનીતિના વિષય સિવાય બીજા કોઈ પણ વિષય પર લખી મોકલવા મને કહ્યું.

આ પત્રિકાની સાથે મારો સંબંધ વર્ષો સુધી રહ્યો.

## ૧૪
# 'કવિવર મારા ગુરુદેવ'

ચાચાજી, કૉલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી આપનું કાર્યક્ષેત્ર ક્યાં ગોઠવ્યું? શાંતિનિકેતન ક્યારે ગયા?

કૉલેજમાં ભણવાનું પૂરું થયું અને મેં શાંતિનિકેતન ગુરુદેવ કવિવરનાં દર્શન માટે જવાની મારી ઇચ્છા પિતાજી આગળ વ્યક્ત કરી.

પરંતુ પિતાજીએ કહ્યું કે, 'પહેલાં તું કરાંચી જા.'

ત્યાં મારા મોટાભાઈએ પોતાનો એક સ્વતંત્ર ધંધો શરૂ કર્યો હતો. તેમને મદદ કરવા માટે મારે જવાની જરૂર છે, એમ પિતાશ્રીએ સૂચવ્યું.

પછી ૧૯૧૯માં મે મહિનામાં હું બહુ સખત બીમાર પડી ગયો. મારી બચવાની આશા પણ નહોતી.

ત્યારે મને પિતાજીએ એક વાર પૂછ્યું:

'તારી કંઈ અંતિમ ઇચ્છા છે, જે અમે પૂરી પાડી શકીએ?'

મેં જવાબ આપ્યો :

'પિતાજી, જો હું જીવતો રહું તો આપ કૃપા કરીને મને શાંતિનિકેતન મોકલવાનો પ્રબંધ જરૂર કરજો.'

પ્રભુકૃપાથી હું બચી ગયો. અને જ્યારે હું તદ્દન પાછો સ્વસ્થ થઈ ગયો, ત્યારે ગુરુદેવને મેં એક તાર કર્યો. તેમાં મેં પુછાવ્યું કે, 'હું શાંતિનિકેતન આપનાં દર્શન માટે આવી શકું છું?'

ગુરુદેવે જવાબમાં જણાવ્યું : 'તમે ખુશીથી આવો.'

પછી હું શાંતિનિકેતન ગયો.

પાંચ દિવસની લાંબી મુસાફરી હતી. પણ મને જરાયે થાક ન લાગ્યો. એટલું જ નહિ પણ મારા હૈયામાં અતિશય ઉમંગ અને આનંદ હતા. મને એમ લાગ્યું કે, શાંતિનિકેતનની આ યાત્રા મારા જીવનને એક વિશેષ વલણ આપશે.

હું જ્યારે શાંતિનિકેતન પહોંચ્યો, ત્યારે ગુરુદેવ શાંતિનિકેતનમાં ન હતા. તેઓ માંદગીને કારણે મારા પહોંચવાના બેચાર દિવસ પહેલાં જ કલકત્તા સારવાર માટે ગયા હતા.

પરંતુ દીનબંધુ ઍન્ડ્રૂઝે ઘણા વહાલથી મારું સ્વાગત કર્યું અને આશ્રમમાં શિક્ષકોની સાથે મને રાખ્યો.

દશ દિવસ પછી ગુરુદેવ પાછા શાંતિનિકેતન આવ્યા.

અને બીજે જ દિવસે—જે મારો ત્યાં રહેવાનો છેલ્લો દિવસ હતો—દીનબંધુએ મને ગુરુદેવનાં દર્શન કરવાની ગોઠવણ કરી આપી.

જોકે, દીનબંધુએ મને કહ્યું કે, 'ગુરુદેવ હજી બહુ અશક્ત છે. તેથી તેઓ તમને પાંચ મિનિટથી વધારે વખત નહિ આપી શકે.'

જ્યારે ગુરુદેવની ઓરડીમાં—જે એક મકાનના પહેલા માળ ઉપર હતી—હું દાખલ થયો, ત્યારે પદ્માસનમાં બેસીને તેઓ બારીની બહાર જોઈ રહ્યા હતા.

મેં પ્રણામ કર્યા અને હું ઊભો રહ્યો.

એક—બે—ત્રણ—ચાર મિનિટ પસાર થઈ ગઈ!

તેઓશ્રીએ મને ન તો બેસવા માટે કહ્યું, ન તો કંઈ વાત કરી!

તેથી મને મનમાં પાર વિનાનું દુઃખ થયું.

પછી સમય લગભગ પૂરો થવા આવ્યો હતો, એટલે ગુરુદેવ પાસેથી વિદાય લેવા માટે મેં તેમને પ્રણામ કર્યા.

અને ચમત્કાર થયો!

કવિશ્રીએ પોતાનો જમણો હાથ મારા માથા પર મૂક્યો અને મારી આંખોમાં જોઈને કહ્યું:

'હું તમને જન્મજન્માન્તરથી ઓળખું છું. મારા

આશ્રમમાં તમારા માટે એક આસન ખાલી છે. તમે હવે એના પર બેસી જાઓ.'

આ શબ્દો સાંભળીને હું ઘણો આશ્ચર્ય પામ્યો. અને ફરીથી આ વખતે મેં ગુરુદેવને સાષ્ટાંગ પ્રણામ કર્યાં.

પ્રણામ કરતી વખતે મને એમ લાગ્યું કે, મારા હૈયાનાં દ્વાર ચારે દિશાઓમાં ઊઘડી ગયાં છે અને વિશાળ જગતે તેમાં પ્રવેશ કર્યો છે. જગત અને મારી વચ્ચે કોઈ જાતની દીવાલ હવે નથી રહી; એટલું જ નહિ પણ જગત અને મારી વચ્ચે તથા જગતના સર્જનહાર અને મારી વચ્ચે પ્રીતિનો પુલ બંધાઈ ગયો છે.

એ શુભ મુહૂર્તમાં હું સદા માટે ભૂલી જ ગયો કે, હું સરહદી કે પંજાબી કે ભારતવાસી છું; અને મને એમ લાગ્યું કે, હું બધાંનો છું અને બધાં મારાં છે. તે દિવસથી હું સંકીર્ણતારહિત માનવી બની ગયો અને કવિવર મારા ગુરુદેવ બની ગયા.

આ શુભ ઘટનાના થોડા વખત પછી જ હું શાંતિનિકેતનમાં એક શિક્ષક તરીકે જોડાયો.

૧૫

# બાપુજીની અહિંસાનો કીમિયો

ચાચાજી, મહાત્મા ગાંધીજી સાથે આપનો પ્રથમ પરિચય ક્યારે અને કયા સંજોગોમાં થયો?

જલિયાનવાલા બાગ અને બીજી દુઃખભરેલી જે ઘટનાઓ આપણા દેશમાં બની હતી એ વેળાએ.

શાંતિનિકેતનમાં ગુરુદેવને મળ્યા પછી હું કરાંચી જવા નીકળ્યો, ત્યારે દીનબંધુ ઍન્ડ્રૂઝે મને લાહોર થોભવાનું કહ્યું અને પંજાબમાં જલિયાનવાલા બાગ અને બીજી કરુણ ઘટનાઓ બની હતી એ સંબંધી પૂછપરછ કરવાનું જે કામ તેમણે સ્વેચ્છાએ ઉપાડ્યું હતું તેમાં એમને સહાય કરવાનું મને જણાવ્યું.

જ્યારે આ કામ પૂરું થયું, ત્યારે ગાંધીજી લાહોર આવ્યા.

મેં ગાંધીજીનાં પ્રથમ દર્શન ત્યાં કર્યાં.

પરંતુ તેમના આવ્યા પછી હજી એક દિવસ પણ

ન થયો ત્યાં તો તેમણે નક્કી કર્યું કે, સરકારની નિમાયેલી હંટર કમિટીની સમક્ષ પ્રજાએ કોઈ જાતની સાક્ષી નહિ પૂરવી.

ગાંધીજીના આવા નિર્ણયથી મને ચીડ ચડી.

અને બીજે દિવસે જ્યારે ગાંધીજીએ મને કહ્યું કે, ટાઉન હોલ જ્યાં હંટર કમિશન પોતાનું કામ તે દિવસે શરૂ કરવાનું હતું ત્યાં જઈને મારે લોકોને કમિશનની સમક્ષ સાક્ષી આપવાનું બંધ રાખવા માટે સમજાવવા, ત્યારે તો મને ખૂબ જ ગુસ્સો આવ્યો!

ગાંધીજીનો આદેશ તો મેં પાળ્યો.

પણ મનમાં એક નિર્ણય પણ કરી લીધો કે, હું ત્યાર પછી કોઈ દિવસ ગાંધીજીનું કાંઈ પણ કામ નહિ કરું!

અને તે જ સાંજે ગાંધીજી ફરતા ફરતા જે ઘરમાં હું રહેતો હતો ત્યાં આવી પહોંચ્યા.

મારું ઉદાસ મોં જોઈને તેમણે ઘણા વહાલથી મારી પીઠ પર એક ધપ્પો માર્યો અને એક ક્ષણમાં તેમની અહિંસાના કીમિયાથી મારો બધો રોષ પ્રેમ-આદરભરી લાગણીમાં બદલાઈ ગયો!

૧૬

## ગુરુદેવની ચેતનાનો સ્પર્શ

ચાચાજી, શાંતિનિકેતનમાં આપ ઘણાં વર્ષો રહ્યા, એ દરમિયાન ગુરુદેવ સાથે આપે ખૂબ નીકટનો પરિચય સાધ્યો હશે.

**શાંતિનિકેતનમાં હું ઘણાં વર્ષો સુધી રહ્યો, પણ ગુરુદેવના નીકટમાં કોઈ દિવસ નહિ આવ્યો. એમની સાથે વાતચીત પણ ખૂબ જ ઓછી થઈ છે.**

**જેમ સૂરજના ઉપાસકો સૂરજને દૂરથી પણ શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રણામ કરે છે, તેમ મારા જીવનના સૂરજને — રવિને — હું વારંવાર દૂરથી શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રણામ કરતો.**

**જ્યારે ગુરુદેવ મને કંઈ પૂછતા, ત્યારે તેનો જવાબ હું આપતો. પણ મેં પોતે કોઈ દિવસ એમને કોઈ પ્રશ્ન નથી પૂછ્યો.**

**એમ હોવા છતાં મને એવું સદા લાગ્યું છે — આમાં મારી ભ્રમણા પણ હોઈ શકે છે — કે, પ્રભુની કૃપાથી**

ગુરુદેવની ચેતનામાં ને તેમના હૈયામાં મને એક સ્થાન મળ્યું હતું.

એનું પ્રમાણ તો હું એક જ આપી શકું: જ્યારે જ્યારે શરૂઆતનાં થોડાં બેચાર વર્ષોમાં મને એવી તક મળતી તો, તેઓ જ્યારે વહેલી સવારે ધ્યાનમાં બેસતા, ત્યારે હું તેમની ખુરશીની પાછળ ચુપચાપ તેમના જાણ્યાં વિના ધ્યાનમાં બેસી જતો અને એક જાતની અદ્ભુત તાદાત્મીયતા અનુભવતો.

## ૧૭
# વિરાટની ઝાંખી

ચાચાજી, શાંતિનિકેતનમાં આપશ્રીને કોઈ આધ્યાત્મિક અનુભવ થયો હતો એવું અમે સાંભળ્યું છે. એ અનુભવ વિશે આપ જણાવશો ?

જેમ ગુરુદેવને પહેલી વાર જ મળીને મારું અંતર વિશાળ અને સર્વદિશાભિમુખ બની ગયું હતું, તેમ એક બીજા અનુભવથી જીવન અને જગત તેમ જ પ્રભુની વિશાળતાનો મને અનુભવ થયો.

એક શુક્રવારે (તે વખતે હું દર શુક્રવારે ચોવીસ કલાકનો નિરાહાર અને નિર્જળ ઉપવાસ કરતો હતો.) બપોરનો સમય હતો.

હું આશ્રમની બહાર એકાંતમાં એકલો બેઠો હતો. મન શાંત હતું અને હૃદય પ્રફુલ્લિત હતું.

અચાનક મારી આંખોની સામે એક જ્યોતિર્મય સ્તંભ ( Pillar of Light ) દેખાયો !

પછી તે પ્રચંડ પ્રકાશનો સ્તંભ હાલવા લાગ્યો.

મને એમ લાગ્યું કે, આ તો કોઈ વિરાટ વ્યક્તિ છે જેનું માથું આકાશને અડી રહ્યું છે અને પગ પૃથ્વીને અડી રહ્યા છે!

પછી તરત જ એ જ્યોતિર્મય સ્તંભ અદૃશ્ય થઈ ગયો.

મારામાં તીવ્ર વિરહની ભાવના જાગી ઊઠી.

મારો પ્રીતમ આવ્યો અને ચાલી પણ ગયો! એવો વિચાર મને ખૂબ સતાવવા લાગ્યો.

એવી સ્થિતિમાં હું સાંજ સુધી બેસી રહ્યો.

પછી હું કાંઈ ગણગણવા લાગ્યો. અને મને એક ગીત સ્ફૂર્યું, જે મારા જીવનનું પ્રથમ ગીત કહી શકાય.

એ ગીતના શબ્દો છે :

सोया था तले दीवार,
जब आये तुम दरवाज़े ॥
नींद खुली नहीं,
दरवाज़ा बंद रहा।
फिरके चले गये तुम,
जीवननाथ मेरे॥
जाग पड़ा जब नींदसे,
सुनी मैंने कदमोंकी आवाज़ ।
जान लिया तब मैंने,
आये थे तुम दरवाज़े ॥

જગત અને જીવનની આ વિશાળતાથી અથવા કોઈ વિશાળ વ્યક્તિથી હું જુદો પડી ગયો છું, એવી વિરહ-ભાવના મને આજ સુધી સતાવ્યા કરે છે.

પણ એ વિરહ-ભાવનાની સાથે એ વિશાળતાની કે વિશાળ વ્યક્તિની કોઈ કોઈ વખતે પ્રભુકૃપાથી મને ઝાંખી મળી છે. એનું એ જ કારણ છે કે મારી ભક્તિની વેલ હજી સુધી તદ્દન સુકાઈ નથી ગઈ અને મરી નથી ગઈ.

ટૂંકમાં કહું તો, મારો જીવનમંત્ર કે સાધનામંત્ર વિશાળતા અને વિરહની ભાવનાઓને દૃઢ કરવામાં રહ્યો છે.

હું વિરહમાં કોઈ કોઈ વાર ખૂબ રડું છું. પણ મારાં આંસુ એક વિશાળ રામ-ધનુષ એવું રચી દે છે, કે તે રામ-ધનુષની પાછળ વિરાટ રામ ઊભો છે, એવો અનુભવ મને થાય છે.

આ બધું કેવળ કલ્પના તો નહિ હોય? રામ જાણે! પણ જે કાંઈ મને વર્ષોથી અનુભવાયું છે એનું વર્ણન મારી તૂટીફૂટી ભાષામાં મેં આપ્યું છે.

## ૧૮
# સૂફીઓ વિશે કંઈક

ચાચાજી, આપે આપના એક અંગ્રેજી પુસ્તક 'The Divine Dwellers in the Desert' (ધ ડિવાઇન ડ્વેલર્સ ઇન ધ ડેઝર્ટ)માં સૂફીઓનો પરિચય આપ્યો છે. વળી આપના જીવન ઉપર પણ સૂફીવાદની અસર પડેલી છે એવું અમે સાંભળ્યું છે. તો સૂફીઓ વિશે ટૂંકમાં કંઈક ખ્યાલ આપશો? અને આપ એવા કોઈ સૂફી સંત-ફકીરોના સમાગમમાં આવ્યા છો ખરા?

ચાલો ત્યારે, અહીં સૂફીઓ સંબંધી થોડુંક કહી દઉં.

ઇસ્લામ ધર્મના કેટલાક અનુયાયીઓ પોતાના ધર્મ-ગ્રંથ કુરાનમાં પેગંબર સાહેબે જે નિયમો લખ્યા છે તે પ્રમાણે પોતાના અંતરની સફાઈ કે શુદ્ધિ કરીને પોતાના દિલને એક દર્પણ જેવું બનાવી દે છે અને તે દર્પણમાં તેઓ દિલદારને અર્થાત્ પ્રીતમ પ્રભુને સતત જોઈ શકે છે. આ લોકો સૂફીઓ કહેવાય છે.

દિલમાં દિલદારને જોવો એટલે જીવ અને જગતના

સારને પારખવો અને જોવો અને પોતાની જિંદગીમાં ઉતારવો.

જ્યારે આ સાર અથવા રહસ્ય અનુભવાય છે, ત્યારે દ્વૈતભાવ નથી રહેતો. સર્વત્ર એક જ જીવન અને એક જ જ્યોત દેખાય છે.

કુરાને શરીફમાં લખ્યું છે :

'પ્રભુનો ચહેરો દરેક ઠેકાણે ચમકે છે. જગત અસાર અને દ્વૈતભાવથી ભરેલું છે.'

તેથી સૂફીઓ જગત તરફ અથવા જગતની વસ્તુઓ અને વાસનાઓ તરફ વિમુખ થઈ જાય છે. તેઓમાં એક જાતની ઉદાસીનતા ઉદ્ભવે છે. આ ઉદાસીનતા અલૌકિક હોય છે.

એ લોકો સૂફ—એક જાતના કાળા કાપડ—નો બનાવેલો પોશાક પહેરે છે. તેથી પણ એ લોકોને સૂફી કહેવામાં આવે છે.

વર્ષોથી આ શબ્દનો અર્થ, જોકે એ એટલો પ્રચલિત નથી, આમ પણ થાય છે :

એમ કહેવાય છે કે, જ્યારે પેગંબર સાહેબે કાબાની મસ્જિદ બાંધી ને પોતાના અનુયાયીઓને કહ્યું, 'અલ્લાહની આરાધના આપણે હવે અહીં કરીશું,' ત્યારે તેમના કેટલાક અનુયાયીઓએ પેગંબર સાહેબને કહ્યું, 'આપે અમને શીખવ્યું છે કે, અલ્લાહ દરેક ઠેકાણે છે, તે

લાહ માહદુદ—હદ્દ વિનાનો—છે, તો પછી આ ચાર દીવાલોની હદ્દમાં, આ મસ્જિદમાં જ જાણે અલ્લાહ હોય એમ આ સ્થાનને અલ્લાહની આરાધનાનું સ્થાન બનાવવું શું કામ?'

તેથી જ્યારે બીજા અનુયાયીઓ મસ્જિદની અંદર નમાઝ પઢવા ગયા, ત્યારે એ લોકો, જેમણે વિરોધ ઉઠાવ્યો હતો તેઓ, મસ્જિદની બહાર 'સોફા' ઉપર બેસી રહ્યા. તે ઉપરથી તેઓ 'સૂફી' કહેવાયા.

સૂફી માટે પ્રભુની પૂજાનું સૌથી શ્રેષ્ઠ અને સાચું સ્થાન પોતાનું દિલ છે.

તેથી સિંધના ઊંચી શ્રેણીના સૂફીઓમાં એક એવો મંત્ર છે:

कुलबु अंदर काबो दीठो सी, मक्के वंजणजो केडो जरूर?

—મારા દિલમાં મેં કાબા જોયો છે, તો પછી મક્કે જવાની શી જરૂર?

સૂફીઓની જેમ જીવ અને જગતનો સાર સમજનારા અને અનુભવનારા ભક્તો લગભગ દરેક ધર્મમાં હોય છે. તેથી સૂફીવાદ ફક્ત ઇસ્લામ ધર્મની સ્થાપના પછી ફેલાયો, એવું આપણે નથી કહી શકતા.

દરેક ધર્મની અંદર વૈવિધ્યમાં કે વૈચિત્ર્યમાં એકને જોવો એવી શિખામણ છે; અને જે કોઈ આ એકતાને

અનુભવે છે અને કોઈ જાતના ભેદભાવ વિના જીવનમાં વર્તે છે તે સૂફી છે.

આ એકતા જેમ જુદાં જુદાં ફૂલોને એક હારના —માળાના આકારમાં ગોઠવવા માટે સૂત્ર—દોરી હોય છે, તેના જેવી છે.

જે સત્ય, જે પરમ શક્તિ કે જે મહાન વિભૂતિ આ જગત, જીવ તથા જુદી જુદી પ્રવૃત્તિઓને કેંદ્રિત કરે છે, તે જ સાચી અને સાર્વભૌમિક એકતા.

૧૯

# સૂફી ફકીર નસીર

શાંતિનિકેતનથી લગભગ દર વરસે ગરમીની રજાઓમાં હું કરાંચી જતો.

ત્યાં જ્યારે જ્યારે મને ખબર પડતી કે, શહેરમાં કોઈ સૂફી ફકીર આવ્યા છે, તો હું એમનાં દર્શને જતો.

એવી રીતે જુદી જુદી જાતના સૂફીઓના સમાગમમાં આવ્યો. ચમત્કાર કરી શકે એવા સૂફીઓ ઘણા મળ્યા. પણ પ્રભુના પ્રેમમાં એકદમ તલ્લીન થયેલા વિરલે જ કોઈક વાર મળી આવતા.

એનું કારણ એક એવું હોઈ શકે છે કે એવા મસ્ત ઓલિયાઓ શહેરમાં બહુ જ ઓછા આવે છે. તેઓ તો એકાંતમાં રહેવાનું સાધારણ રીતે પસંદ કરે છે.

પરંતુ એક સૂફી ફકીરની છાપ મારા જીવન પર કોઈ દિવસ ન ભૂંસાય એવી પડી છે.

તેમનું નામ ફકીર નસીર.

છ ફૂટથી વધારે ઊંચા; આંખો જાણે કે દયાનો સાગર; અતિશય મૌનપ્રિય; કોઈ કોઈ વાર બોલે; પણ જે કંઈ બોલે એનો ભાવ અને એનો અર્થ વીજળીની શક્તિ સમાન હતો. બોલવાની પદ્ધતિ સરળ અને ધીરે ધીરે.

જ્યારે બોલતા ત્યારે એમ લાગતું કે, તેઓ ધીમે ધીમે અને ધીરે ધીરે એટલા માટે બોલતા હશે કે, પ્રીતમની હાજરીમાં પ્રીતમની વાત બહુ જ ઓછી કરવી જોઈએ. ફક્ત પ્રીતમનાં દર્શનમાં જ મગ્ન અને મૌન રહેવું જોઈએ.

હું તેમને બે કે ત્રણ જ વાર મળ્યો. પણ ફક્ત એક જ વાર તેમને મેં થોડાક શબ્દો બોલતા સાંભળ્યા.

સાંજ પડી હતી. ચારપાંચ ભાઈઓ તેમની આસપાસ બેઠા હતા. હું તેમની પાછળ બેસી ગયો. અમે બધા તેમના ઉજ્જ્વળ ચહેરા તરફ જ જોતા હતા.

તે વખતે તેમની આંખો બંધ હતી.

એટલામાં ઓચિંતો ટીપું ટીપું વરસાદ પડવા લાગ્યો.

ટપટપ પડતા પાણીનો અવાજ તેમના કાનોમાં તેમના પ્રીતમનાં ચરણોની ધ્વનિ સમાન તેમને લાગ્યો હશે, એવું મેં અનુમાન કર્યું. કારણ કે તેઓ તરત જ આવેશ અને આનંદમાં આવી ગયા.

પણ તેમનું મૌન તો ચાલુ જ રહ્યું.

લગભગ એક કલાક એવી રીતે પસાર થઈ ગયો.

પછી ધીરે ધીરે અતિશય મીઠા અવાજમાં તેમણે બોલવાનું શરૂ કર્યું:

'સાગરને કાંઠે શતાબ્દીઓથી એક છીપ પ્રાર્થના કરતી રહી છે.

'આજે તેની પ્રાર્થના સફળ થઈ છે.

'તેના ઉઘાડેલા મુખમાં આજે એક આલોકમય જગતના પાણીનું એક બુંદ પડયું છે અને તે આજે એક અમૂલ્ય મોતીમાં બદલાઈ ગયું છે.

'મારા વહાલાઓ, તમારું હૈયું સદા ખુલ્લું રાખજો. તેમાં એક દિવસ પ્રીતમનું આગમન થશે. અને તમારું હૈયું એક અદૃશ્ય અને અદ્‌ભુત આલોકથી ઝગમગી ઊઠશે. ત્યાર પછી અંધકાર ક્યાંય નાસી જશે.

'ત્યાર પછી તો સર્વત્ર સર્વ દિશામાં સર્વ રૂપમાં પ્રીતમનો જલવો (નૂર) અને જલાલ (જોત) જોવામાં આવશે.'

આટલું કહીને પછી તેઓ ચૂપ થઈ ગયા.

તેમના શબ્દો સાંભળીને મને અંદરથી એક પ્રબળ પ્રેરણા થઈ કે, હું મારી આંતરિક અને ઊંડી કૃતજ્ઞતા ફકીરસાહેબને એક ગઝલ જે મેં નાનપણમાં લાહોરમાં

એક મુસ્લિમ ફકીરને મોઢે સાંભળી હતી, તે ગાઈને વ્યક્ત કરું.

તે ગઝલ નીચે મુજબ છે; અને આજ સુધી જ્યારે જ્યારે તે ગઝલ હું ગાઉં છું, ત્યારે ત્યારે ફકીર નસીરની આલોકમય — પ્રકાશમય — આકૃતિ મારી આંખો સામે તરી આવે છે :

जहाँ नज़र पड़ती हैं,
तू रूबरू है।
मेरी जश्ममें क्या है ?
तेरा तसवर।
मेरे दिलमें क्या है ?
तेरी आरज़ू है।
सदा पर्देये साज,
ये तो नहीं है।
कोई पर्दमें
गुफ्तगू कर रहा है।
__झफर__ आपको ढूँढ़,
ना ढूँढ़ उसको।
वो तुझमें है,
जिसकी तुझे जुस्तजू है !

[જ્યાં મારી નજર પડે છે, ત્યાં તું મારી સામે જ છે.
મારી આંખોમાં શું છે ?

તારી છબી.

મારા દિલમાં શું છે?

તને મળવાની તીવ્ર અભિલાષા.

તારી વાણી કોઈ સંગીતના સાજ — વાદ્ય — ના સ્વર જેવી નથી.

તે તો કોઈ પડદાની પાછળ ઊભું રહીને બહુ જ ધીમેથી કંઈ વાતચીત કરી રહ્યું હોય એવી છે.

કવિ ઝફર કહે છે કે,

ઓ માનવી, તું તારી પોતાની અંદર શોધ કર.

કારણ કે જેને તું શોધે છે તે તારી પોતાની અંદર જ છે.]

૨૦

## અણજાણ સૂફી ફકીરનો આદેશ

એક ચમત્કારી સૂફીની વાત પણ અહીં કહી દઉં.

ગરમીની ઋતુ હતી. હું ઘરની બહાર સૂતો હતો.

એક દિવસે મધરાતે કોઈએ મારી પાસે આવીને જોરથી કહ્યું :

'ઊઠો !'

મેં આંખ ઉઘાડી અને જોયું તો, એક પઠાણ જેવો, રેશમી કપડાં પહેરેલો, છ ફૂટ ઊંચો, માથા પર સાફો પહેરેલો એક માણસ ઊભો છે !

મેં અર્ધી ઊંઘમાં પૂછ્યું : 'શું કામ છે ?'

તેમણે જવાબ આપ્યો :

'ઊભા થાઓ. અમુક મારકીટની પાસે એક મકાન છે. તેના ત્રીજે માળે એક જુવાન બહેન આપઘાત કરવાની તૈયારી કરી રહી છે. તમે જઈને તેને અટકાવો.'

'પણ,' મેં જવાબ આપ્યો, 'ભલા સાહેબ, તે બહેન કોણ છે? મધરાતે હું તેને ઘેર જાઉં અને તે મારું સાંભળે કે નયે સાંભળે. ઊલટું મારા પર પાડોશીઓ અને પોલીસવાળા મધરાતે કવેળાએ હું ત્યાં જાઉં, તો જાતજાતની શંકા કરે! માટે મને માફ કરો. હું આપના આદેશનું પાલન કરી શકું એમ નથી!'

પણ તેમણે ગુસ્સામાં આવીને મોટેથી મને કહ્યું:

'જવું જ પડશે.'

પછી હું ચાલવા લાગ્યો.

એક તરફ મનમાં બીક અને બીજી તરફ ઘણું જ આશ્ચર્ય કે, એ માણસ કોણ હશે? કરાંચીમાં જ્યાં લાખો માણસો રહે છે ત્યાં મને જ કેમ આવું કરવાનું કહ્યું? અને ત્રીજી વસ્તુ એ કે, જો હું જે બહેન આપઘાત કરવા બેઠી છે તેના ઘેર પહોંચીને જોઉં તો તે આરામથી ઊંઘે છે, તો હું પોતાની જાતે જ પોતાને ગધેડો કહેવડાવીશ! એવા એવા વિચારોનો સંગ્રામ મારી અંદર ચાલવા લાગ્યો.

આખરે હું તે બહેનને ઘેર પહોંચ્યો.

મેં બારણું ઠોકયું—આસ્તે આસ્તે.

એક ડોસીમાએ બારણું ઉઘાડયું.

તેઓ મને જોઈને ગભરાયાં. પછી ભગવાન જાણે કેમ તેઓ મને એક ખુરશી પર બેસાડીને કહેવા લાગ્યાં:

'એમ લાગે છે કે, ભગવાને જ તમને મારી એકની એક દીકરીને બચાવવા માટે નિમિત્ત બનાવીને અમારે ઘેર મોકલ્યા છે.'

પછી તેમણે તેમની દીકરીના દુઃખની વાત કહી. અને તરત જ મને તેમની દીકરીની ઓરડીમાં તેઓ લઈ ગયાં.

તે વખતે તેમની દીકરી પોતાના ગળામાં એક દોરી જોરથી બાંધી રહી હતી, જેનાથી તેનો શ્વાસ રૂંધાઈ જાય ને હૈયું બંધ પડી જાય!

આ જોઈને હું એ બહેનને વળગી પડયો અને મેં કહ્યું:

'મારાં વહાલાં બહેન, અમુક વ્યક્તિએ તમને છોડી દીધાં છે, પણ તમારાં માએ તો તમને નથી છોડી દીધાં ને? અને ભગવાન તો કદી તમને છોડશે જ નહિ. આપઘાતનો વિચાર જ તમે છોડી દો.'

પછી મેં દોરી ઢીલી કરી.

એ બહેન રડી પડયાં.

ત્યાર બાદ તેમણે અમુક કામ શીખી લીધું અને નવેક મહિનામાં તો પોતાના પગ પર તે ઊભાં થઈ ગયાં અને પોતાનું તેમ જ પોતાની માનું પોષણ કરવા લાગ્યાં.

તે છેવટ લગી પરણ્યાં નહિ અને દરરોજનું કામ

પૂરું કરીને નિયમિત નામસ્મરણ કરતાં તથા ગરીબોની સેવા કરતાં.

પ્રભુના જે દૂતે, જે સૂફી ફકીરે મને આ બહેનને બચાવવા માટે મોકલ્યો હતો તેમનાં દર્શન એક વાર ફરીથી વર્ષો પછી પાંચ મિનિટ માટે ઓચિંતાં મુંબઈમાં જૂહુના દરિયા કિનારે થયાં હતાં.

તે વખતે તેમણે મને બીજું તો કંઈ નહિ કહ્યું, પણ એટલું તો તેઓ બોલ્યા :

'अल्लाहकी बात कभी जूठी नहीं होती है !'

## ૨૧
## સાધના અને સિદ્ધિ

એક વાર એક ચમત્કારી સૂફી ફકીરને મેં એવી વિનંતી કરી કે, તેઓ મને થોડી સિદ્ધિઓ મેળવવાનો માર્ગ બતાવે.

તેમણે કહ્યું :

'અમારા સૂફીઓમાં સિદ્ધિઓ મેળવવા માટે સેંકડો વર્ષોથી એક મૂળ મંત્ર પર ભાર મૂકવામાં આવ્યો છે: गोसबंध, चश्मबंध, लबबंध — કાન બંધ રાખો, આંખો બંધ રાખો, હોઠ બંધ રાખો.

'એવી રીતે ધ્યાનમાં રોજ રોજ જેટલા વખત સુધી બને તેટલો વખત બેસો. અને ખાવાપીવાનું તથા ઊંઘવાનું જેટલું ઓછું બને તેટલું કરો. એક વર્ષ સુધી એવી રીતે તમે અભ્યાસ કરો; પછી મારી પાસે આવજો અને મને કહેજો કે, તમને કોઈ જાતનો અનુભવ થયો છે કે નહિ.'

હું વરસ સુધી અભ્યાસ ચાલુ ન રાખી શક્યો. કારણ કે તે દિવસોમાં મારે ઘણું કામ રહેતું; અઢાર કલાક દરરોજ. તેથી થોડા જ મહિનાઓ પછી મેં એ અભ્યાસ છોડી દીધો.

પણ પ્રભુકૃપાથી બેચાર એવા અનુભવો થયા જેનાથી એ સૂફી ફકીરના બતાવેલા મૂળ મંત્રમાં વિશ્વાસ બેસી તો ગયો.

અનુભવની એક વાત ઉદાહરણ રૂપે કહી દઉં.

તે વખતે મારા એક મિત્ર પેશાવરની પાસે નવશેરા શહેરમાં રહેતા હતા. એમણે નવી મોટર લીધી હતી. એમની પત્ની મોટર હાંકવાનું શીખતી હતી.

આ બધી વાતની મને બિલકુલ ખબર નહોતી. કારણ કે અમારા વચ્ચે પત્રવ્યવહાર બહુ ઓછો હતો.

એક દિવસે હું સાંજે કામ કર્યા પછી ઘેર પાછો આવતો હતો. પ્રભુ જાણે કેમ, કરાંચી શહેરના એક મોટા રસ્તાની અધવચ્ચે ઓચિંતા મારા બે હાથ આગળ કરીને મેં બૂમ પાડી :

'પ્રભુ! મારા મિત્રની પત્નીને બચાવો!'

જ્યારે હું આ શબ્દો બોલ્યો, ત્યારે મારી આંખો સામે એક દૃશ્ય ખડું થઈ ગયું :

રસ્તાના એક વળાંક પાસેથી એક મોટર પસાર થઈ

રહી છે. મારા મિત્રની પત્ની તે ચલાવી રહી છે. મોટર અડધી ઊંધી જેવી દેખાય છે; પછી એકદમ સીધી થઈને રસ્તા પર ચાલવા લાગે છે.

ચાર દિવસ પછી મારા એ મિત્રનો પત્ર મને મળ્યો. એમાં તેમણે જણાવ્યું હતું કે,

તેમની પત્ની એક સાંજે (જે સાંજે મને પેલું દૃશ્ય દેખાયું હતું) અકસ્માતમાંથી બચી ગઈ. પણ આશ્ચર્યની વાત તો એ હતી કે, જ્યારે અકસ્માત થવાનો હતો તે વખતે તેમની પત્નીએ મને રસ્તાના વળાંક પાસે બે હાથ પ્રસારીને ઊભેલો જોયો. જ્યારે મોટર ફરીથી સીધી થઈ ગઈ, ત્યારે તે મોટરમાંથી ઊતરીને મને ભેટી પડી અને તેણે મને કહ્યું: 'भाईसाहब, आज तो आपने मुझे खतरेसे बचा लिया!' પછી તે મોટરમાં બેસીને ઘેર પાછી ગઈ.

એવા બીજા થોડા અનુભવો પણ થયા.

પણ એક વાર મારા એક મિત્રની ગંભીર માંદગી લેવાનો મેં પ્રયત્ન કર્યો. મારા મિત્ર તો બચી ગયા. પણ હું સખત તાવમાં સપડાઈ ગયો.

એક બાજુ આ શારીરિક પીડા અને બીજી બાજુ માનસિક પીડા જે મારા એવા એક અહંકારભરેલા વિચારથી પેદા થઈ હતી કે મારામાં પણ કેવી અદ્ભુત શક્તિ જન્મી છે! આમ બે પીડા વચ્ચે હું સૂડી વચ્ચે

જેમ સોપારી કપાય છે એમ કપાવા લાગ્યો. આ પ્રમાણે અતિશય કષ્ટ ભોગવતાં ભોગવતાં એક અઠવાડિયું પસાર થઈ ગયું.

એવામાં એક દિવસે એક ફકીર અમારા ઘર પાસેના રસ્તા પરથી એક ગીત ગાતો ગાતો પસાર થયો. તે ગીત ફક્ત બે લીટીનું હતું અને સિંધીમાં હતું. તેનો અર્થ એવો થાય છે:

'સાધકોની સિદ્ધિઓ એક નૃત્યકારનાં નખરાંઓ જેવી છે. તેથી તે પોતાનું બાહ્ય રૂપ દેખાડે છે. એવાં નખરાંઓ અને સાચા નૃત્યમાં જમીન-આસમાનનો ફેર છે.'

આ સાંભળીને મનમાં વિચાર આવ્યો કે, જેણે મને થોડીઘણી સિદ્ધિઓ આપી હતી તેને એ પાછી આપી દઉં.

તેથી એક રાતે પૂર્ણિમાને દિવસે, થોડા દિવસ પછી જ્યારે હું સ્વસ્થ થઈ ગયો ત્યારે, હું શહેરની બહાર એકલો એક નાનકડી ટેકરી તરફ ગયો અને ત્યાં ધ્યાનમાં બેઠો.

આકાશ તે વખતે તદ્દન સ્વચ્છ; ક્યાંયે વાદળનું નામ નહિ. પણ લગભગ બ્રાહ્મ મુહૂર્તના સમયે સવારે ચાર વાગ્યે આકાશમાં એક સુંદર સફેદ વાદળ દેખાયું. તેનો આકાર એક મહાત્માના ઉજ્જવળ મુખ જેવો હતો.

આ જોઈને હું જોરથી રડવા લાગ્યો અને મારા બે હાથ વડે કોઈ વસ્તુ નાખી રહ્યો હોઉં એવી રીતે મારા હાથ હલાવવા લાગ્યો.

મેં એ વાદળરૂપી મહાત્માને અરજ કરી:

'લઈ લો; લઈ લો! આ બધું મને નથી જોઈતું; નથી જોઈતું!'

પછી એ વાદળ વિખેરાઈ ગયું.

હું ઊઠ્યો. મારું મન ફૂલ જેવું હળવું થઈ ગયું ને હું પાછો ઘેર આવ્યો.

તે દિવસથી કદી પણ સિદ્ધિ મેળવવાની મેં ઇચ્છા નથી રાખી; અને સિદ્ધિઓની કાંઈ વિશેષ અગત્યતા આધ્યાત્મિક જીવનમાં નથી એ પણ હું સમજી ગયો છું.

## ૨૨

# कब तक रखोंगे दूर, प्रभुजी !

એ જ સમયનો એક વિશેષ અનુભવ કહેવાની પ્રેરણા થાય છે.

કોણ જાણે કેમ એક વાર પાંચછ મહિના સુધી દરરોજ સવારના ચાર વાગે મને અંદરથી આદેશ થતો કે,

'ઊઠો, તમારો એકતારો લઈને આ લત્તામાં કે પેલા લત્તામાં જઈને ભજન કરી આવો અને પાંચ વાગ્યા પહેલાં લોકો હજી સૂતા હોય ત્યારે પાછા ઘેર આવી જજો.'

મેં એ આદેશનું પાલન કર્યું.

લગભગ દરરોજ કોઈ નવું ગીત સ્ફૂરી આવતું અને હું એક કલાક સુધી એ ગાતો રહેતો. પણ એકેય ગીતની નોંધ મેં નહિ રાખી.

એક દિવસે આદેશ થયો કે,

'તે લત્તામાં જઈને ગીત સંભળાવ જ્યાં સમાજથી

દુઃખ પામેલાં બહેનો પોતાનું ગુજરાન ચલાવવા માટે પોતાના શરીરનો સોદો કરે છે.'

આ આદેશ સામે પહેલાં તો મને ઘણો સંકોચ થયો. પણ પછી ભગવાનનું નામ લઈને હું ત્યાં ગયો.

જ્યાં સુધી મને યાદ છે એ મુજબ તે દિવસે જે ગીત મને સ્ફૂર્યું હતું તેની બેત્રણ લીટીઓ આ પ્રમાણે હતી :

कब तक रखोंगे दूर, प्रभुजी !
दुनियाके दु:खदर्दोसे,
मैं हुआ हुं, चिकनाचूर, प्रभुजी !

આ ગીત ગાતો ગાતો હું તે લત્તામાંથી બહાર નીકળી રહ્યો હતો, એવામાં કોઈએ મારા પગ પકડી લીધા!

મેં જોયું કે, જેમણે મારા પગ પકડ્યા હતા, તે વીસેક વરસની ઉંમરનાં એક બહેન હતાં.

એ બહેન મને ઘણા જ દુઃખથી કહેવા લાગ્યાં :

'भाईसाहब, अब मैं नहीं इस आगमें रहूँगी ! आप मुझे यहाँसे जरूर ले जाओ !'

આ સાંભળીને મેં તરત જ એક ગાડીવાળાને બોલાવ્યો અને પછી એ ગાડીમાં બેસાડીને એ બહેનને ત્યજાયેલાં બહેનો માટેનો એક આશ્રમ હતો ત્યાં હું રાખી આવ્યો.

પછી લગભગ છ મહિના ગુજરી ગયા. તે બહેનના પતિનાં નામ-સરનામાની ખબર મેળવી. એ ભાઈની માએ એની પત્નીને એક વાર ગુસ્સામાં આવીને ઘરમાંથી બહાર કાઢી મૂકી હતી. અને જ્યારે તે બિચારી એકલી રસ્તા પર ચાલી જતી હતી, ત્યારે એક માણસ તેને ફસાવીને શહેરના લાલ લત્તામાં લઈ ગયો હતો!

એ બહેનના પતિને મેં બધું સમજાવ્યું; તેમને વિનંતી કરી. તેમણે પોતાની પત્નીને પાછી ઘેર બોલાવી. તેમનું કૌટુંબિક જીવન ફરીથી આનંદમાં ચાલવા લાગ્યું.

અને એ બહેને ગુજરી જતાં પહેલાં શહેરમાં થોડી બહેનોની એક એવી મંડળી ઊભી કરી કે, જ્યારે જ્યારે તે મંડળીના કોઈ સભ્યને એવી ખબર પડતી કે અમુક કુટુંબમાં કોઈ બહેન પર કોઈ જાતનો જુલમ થઈ રહ્યો છે, ત્યારે ત્યારે ત્યાં જઈને તેઓ કુટુંબમાં એકબીજાને સમજાવી આવતાં અને તે લોકો ફરીથી શાંતિમાં રહે એવી ગોઠવણ કરી આપતાં. દર વખતે તેમનો પ્રયત્ન સફળ નહોતો થતો. પણ પ્રયત્ન તેઓ દર વખતે જરૂર કરતાં.

## ૨૩
# બાઉલના સમાગમમાં

ચાચાજી, આપશ્રી શાંતિનિકેતન રહ્યા હતા એ દરમિયાન આપ કોઈ બાઉલના પરિચયમાં આવ્યા હતા ખરા કે?

ચાલો ત્યારે, બાઉલ વિશે પણ થોડુંક કહી દઉં.

સૂફીઓની જેમ પૂર્વ બંગાળના બાઉલો પણ સર્વ-વ્યાપી એકતામાં માનનારા છે. જેવી રીતે વાયુનો પ્રવાહ સર્વત્ર છે, તેવી રીતે પ્રભુ અથવા 'એકતા' સર્વત્ર છે.

બાઉલ શબ્દ 'વાયુ' પરથી છે.

એવા એક બાઉલને મળવાની તક વર્ષો પહેલાં મને મળી હતી.

બાઉલ લોકો સાધારણ રીતે અતિશય મૌનપ્રિય હોય છે.

પણ જ્યારે કંઈ અંદરથી તેને સ્ફુરે છે ત્યારે તે એને એક પક્ષીની જેમ ગીતનો આકાર આપે છે.

આવી સ્ફુરણાને પરિણામે જે બાઉલને હું મળ્યો હતો તેમણે એવું એક ગીત ગાયું જે સાંભળીને મને સંપૂર્ણ રીતે અંદરથી એવો વિશ્વાસ બેસી ગયો છે કે, જીવનમાં નિષ્ફળતા—Frustration—જેવી હકીકતમાં કોઈ વસ્તુ જ નથી.

એ ગીતનો ભાવાર્થ નીચે મુજબ છે:

'પ્રભુ, આજે હું તને એક પ્રશ્ન પૂછું છું. એનો જવાબ તારે આપવો જ પડશે, આપવો જ પડશે.

'આ છે મારો પ્રશ્ન:

'મારા જીવનમાં કેટલીયે વાર મેં નિરાશા અને નિષ્ફળતા અનુભવીને અનેક આંસુ સાર્યાં છે.

'હવે હું જાણવા માગું છું કે,

'મારાં એ બધાં આંસુ ક્યાં ગયાં? અને તેનું શું થયું?

'પ્રભુ જવાબ આપે છે:

'તું પહેલાં મારી પાસે આવીને ઊભો રહે;

'પછી જ્યાં તારાં આંસુઓ છે ત્યાં નજર કર. અને પછી જોઈને કહે કે, તારાં આંસુઓનું શું થયું.

'જ્યારે પોતાનાં આંસુઓ તરફ ભક્ત પ્રભુની દૃષ્ટિએ જુએ છે તો એનાં તે આંસુઓ કમળ-પુષ્પોમાં બદલાયેલાં દેખાય છે!'

એવી જ રીતે એ બાઉલને પોતાનાં આંસુઓ કમળ-પુષ્પમાં રૂપાંતરિત થયેલાં દેખાયાં.

માણસની નિરાશા અને નિષ્ફળતાને આશા અને સફળતામાં બદલી શકે એવો કીમિયાગર કોઈ હોય તો તે પ્રભુ જ છે.

એક બીજા સાચા બાઉલ ભક્તને મળવાની તક મને યુક્ત પ્રાંતમાં મળી.

જે ગીત તેમણે ગાયું એની છાપ પણ મારા પર બહુ ઊંડી પડી છે. આ ગીત તેમનું પોતાનું રચેલું ન હતું, પણ મધ્યયુગના એક ભક્તનું હતું.

તે ગીતનો ભાવાર્થ આ પ્રમાણે છે:

'ઓ પક્ષી,

'રાતે જ્યારે તું પોતાના માળામાં હતું, ત્યારે તું એકદમ ચૂપ હતું. તેં કોઈ ગીત પણ ન ગાયું.

'પરંતુ સવાર થતાં જ તું તારા માળામાંથી બહાર નીકળીને આકાશમાં ઊડવા લાગ્યું છે અને આખું આકાશ તારા ગીતથી ગૂંજી ઊઠ્યું છે.

'પણ તને તો લેશમાત્ર પણ એવો વિચાર નથી આવતો કે, આકાશમાં ડગલે ને પગલે ભય ભરેલો છે; કારણ કે ત્યાં કોઈ પણ સ્થિર સ્થાન આરામ કરવા માટે નથી.

'પરંતુ મને તો સમજાતું જ નથી કે, તું તારા માળાને મૂકીને શું કરવા આ ભયથી ભરેલા અનંત આકાશમાં ઊડવા લાગ્યું છે! તારા માળામાં તને જે કંઈ ખાવાનું કે પીવાનું જોઈએ, જે સુરક્ષિતતા અને શાંતિ જોઈએ એ બધું જ છે. તો પછી જાણી જોઈને ભયમાં પડવું જ શું કામ?

'પક્ષી જવાબ આપે છે:

'તારી વાત સાચી છે.

'પરંતુ જ્યાં સુધી હું માળામાં રહું છું, ત્યાં સુધી મને ભોગ કરવા માટે ઘણું બધું મળે છે.

'પરંતુ આત્મજ્ઞાન અને આનંદ તો મને કેવળ ત્યારે જ મળે છે જ્યારે હું માળાની હદમાંથી—સીમામાંથી નીકળીને આકાશની અહદતા—અસીમતામાં પ્રવેશ કરું છું.'

આ ગીતથી હું શીખી ગયો છું કે, જીવનનો સાચો અને સાત્ત્વિક આનંદ ભૂની અથવા વિરાટની આરાધના અને આકાંક્ષામાં છે. જે કંઈ વસ્તુ અથવા વિચાર માણસને अहद અથવા असीम તરફ લઈ જવામાં મદદ કરે છે, તે જ સાચો આનંદ માણસને આપી શકે છે.

પ્રેમ, પ્રકાશ, પ્રજ્ઞા, પવિત્રતા, પુણ્યતા આ સર્વ असीम તરફ લઈ જનારાં છે.

## ૨૪
# લગ્નનો વિચાર

ચાચાજી, આપના જીવનની એ બાજુ અંગે જાણવા મળે એ દૃષ્ટિએ એક નાજુક પ્રશ્ન પૂછવાનું મન થાય છે. અવિવેક થાય તો ક્ષમા કરશોજી. આપને ગૃહસ્થ જીવનનો વિચાર કદી આવ્યો હતો ખરો ?

મને મારા પિતાજીએ બેત્રણ વાર લગ્ન કરવા માટે કહ્યું હતું.

પણ લગ્ન કરવાની મારી ઇચ્છા કોઈ દિવસ કેવળ પ્રબળ જ ન બની, પણ એવો વિચાર સુધ્ધાં ભાગ્યે જ આવતો.

પરંતુ એક વાર લગ્ન કરવાનો વિચાર જરૂર આવ્યો હતો.

અને તે કેવી રીતે?

જે વખતની આ વાત છે તે દિવસોમાં હું કરાંચીમાં દરરોજ સાંજે હરિજનવાસમાં જતો હતો. અને કોઈ

માંદુંસાજું હોય તેની ખબર પૂછતો અને જે દવાદારૂની જરૂર હોય તે પહોંચાડી આવતો.

એક વાર એક હરિજન ભાઈ બહુ જ બીમાર પડી ગયા. મને રાતે તેમની પાસે મોડે સુધી બેસવાનું થયું.

જ્યારે તેમની સ્થિતિ બહુ ગંભીર થઈ ગઈ અને તેમને લાગ્યું કે, તે લાંબા વખત સુધી જીવી શકશે નહિ, ત્યારે તેમણે મને કહ્યું :

'દાક્તરસાહેબ, (આ નામથી હરિજનવાસમાં લોકો મને ઘણા વહાલથી બોલાવતા.) મારે આપને એક વાત કહેવી છે. મારી પત્ની મારાં બચ્ચાંઓને લઈને થોડા દિવસો પહેલાં ઘેરથી ચાલી ગઈ છે. અમારી વચ્ચે એક નજીવી વાત પર ઝઘડો થયો હતો. અને તે ગુસ્સામાં ચાલી ગઈ. મેં તેને ઘણું સમજાવ્યું, પણ તેણે મારું ન જ માન્યું! આખરે મને એકલો મૂકીને બચ્ચાંઓને લઈને તે ચાલી ગઈ! તેને આપ મહેરબાની કરીને બોલાવી લાવો. તે અહીંથી પાસેના એક લત્તામાં અમુક ભાઈની સાથે રહે છે. હું તેની માફી માગવા ઇચ્છું છું. કારણ કે હું શાંતિથી મરવા માગું છું. આ ઝઘડાની વાત હું ક્યાં પરલોક મારી સાથે લઈ જાઉં?'

એ ભાઈને આશ્વાસન આપતાં મેં કહ્યું : 'હું હમણાં જ જાઉં છું અને બહેનને બોલાવી લાવું છું.'

પછી હું બહેનને બોલાવવા ગયો.

પણ જ્યારે હું ત્યાં પહોંચ્યો ત્યારે બધાં સૂતેલાં હતાં.

મેં હાક મારી.

ત્યાંના ભાઈએ જવાબમાં મને થોડી ગાળો ચોપડી! મને એમ લાગ્યું કે, ત્રે વખતે એ ભાઈએ દારૂ પીધેલો હતો.

પછી તે બહેનને મેં મારી સાથે આવવા વિનંતી કરી. પણ તેમણે પણ મને લૂખો જવાબ આપ્યો અને તે મારી સાથે ન આવ્યાં!

હું પેલા બીમાર ભાઈ પાસે ગયો અને બહેને આવવાની ચોખ્ખી ના પાડી દીધી એ વાતનો આઘાત તેમને ન લાગે એ માટે મેં તેમને કહ્યું: 'એ લોકો બધા સૂઈ ગયા છે; એટલે બહેન નથી આવ્યાં.'

પછી એક પાડોશીને તે ભાઈની પાસે બેસાડીને હું મારે ઘેર ગયો.

રસ્તામાં વારંવાર મને એક વિચાર આવ્યો:

'જો એક બહેને આપણા હરિજન ભાઈની પત્નીને એવી વિનંતી કરી હોત કે તે પોતાના ધણીની પાસે જાય, તો કદાચ તે સમજી ગયાં હોત. એક બહેન બીજી બહેનની વાત સહેલાઈથી સમજી શકે છે અને સ્વીકારી શકે છે. તેથી જો મારા સમાજસેવાના કામમાં મારી સાથે કોઈ એક બહેન મને મદદ કરતાં હોત, તો આજે મારો પ્રયત્ન નિષ્ફળ નીવડત નહિ. પણ

કોઈ બહેન એવી રીતે મારી સાથે કામ કરવા જો તૈયાર પણ થઈ જાય, તો સમાજના લોકો અમને બંનેને સાથે મળીને કામ કરવા દેશે ખરા? ને જો ન કરવા દે તો શું મારે સેવાકાર્ય કરવા ખાતર કોઈ બહેનની સાથે લગ્ન કરવાં જોઈએ?'

આવા આવા વિચારો મારા મનમાં ઊઠતા હતા.

જ્યારે હું ઘેર આવ્યો, ત્યારે ખૂબ થાકેલો હતો. એટલે હું તરત જ સૂઈ ગયો.

પરંતુ હજી એક કલાક પણ ન થયો હશે ત્યાં તો બહારથી કોઈએ બૂમ પાડી :

'દાક્તરસાહેબ, દાક્તરસાહેબ, પેલા હરિજન ભાઈ ગુજરી ગયા!'

આ સાંભળીને હું જાગી ઊઠ્યો અને પાછો હરિજન-વાસમાં તે ભાઈનાં અંતિમ દર્શન કરવા માટે ગયો.*

* આ વાતને આધારે આપણા જાણીતા વાર્તાકાર શ્રી ગુલાબદાસ બ્રોકરે 'પંડિતજી' નામની વાર્તા લખી છે. સુ૦ કુ૦

## ૨૫
## દુઃખદર્દનું રહસ્ય

અમુક વખતે અમુક સંજોગોમાં અમુક ગીત કે શબ્દોની એક વિશેષ છાપ જીવનમાં માણસ પર પડી જાય છે. એનું રહસ્ય આજ સુધી મને નથી સમજાયું.

ઘણી વાર અમુક શબ્દો અતિસાધારણ હોવા છતાં તેની અસર કાયમ માટે રહી જાય છે. આવી છાપ પડવી એ પ્રભુની કૃપાનું એક પ્રત્યક્ષ પ્રમાણ છે, એમ મને વારંવાર લાગ્યું છે. અહીં એક અનુભવની વાત કહી દઉં.

ઘણાં વર્ષો પહેલાં એક રાતે મને મારો પાડોશી બોલાવવા આવ્યો. તેમણે મને કહ્યું કે, તેમની પત્નીને કંઈ તકલીફ છે, તેથી દાક્તરને બોલાવી લાવો. હું તરત જ દાક્તરને બોલાવી લાવ્યો.

દાક્તરે ઘરમાં દાખલ થતાં જ મારા પાડોશીને પૂછ્યું :

'Is she feeling acute pain?' — તમારી પત્નીને ખૂબ દુખાવો થાય છે કે?

પાડોશીએ હકારમાં જવાબ આપ્યો.

એટલે દાક્તરે કહ્યું:

'Then there is hope.' — તો આશા છે ખરી.

આ બધા સામાન્ય શબ્દો જ હતા. પણ એ સાંભળીને મને તરત જ સમજાઈ ગયું કે, જીવનમાં દુઃખદર્દનું એક વિશેષ મૂલ્ય છે.

કોઈ પણ જાતનો દુખાવો આપણને એવું સૂચવે છે કે, ક્યાંક વિસંવાદ કે અસામંજસ્ય કે અસમન્વયતા છે. પછી તેને દૂર કરવા માટે આપણે તાલાવેલી અનુભવીએ છીએ. શારીરિક કષ્ટ હોય, તો દવાદારૂ કરવા લાગીએ છીએ; માનસિક અથવા આધ્યાત્મિક પીડા હોય, તો જ્ઞાન અથવા ગુરુને પામવાનો પ્રયત્ન કરીએ છીએ.

આવી રીતે દુઃખદર્દ માણુંસને જડ કે પાષાણ જેવો બની જતો બચાવે છે. તેથી દુઃખ પણ પ્રભુની એક વિશેષ કૃપાની નિશાની છે. કારણ કે પ્રભુ અથવા તેની કૃપાનો અર્થ એટલો જ કે જીવ સામંજસ્ય અથવા સમન્વયતાનો સ્વાદ પામે છે; અને એવા સ્વાદથી તેને શાંતિ તેમ જ આનંદ મળે છે.

તેથી જ તો ભક્તો દુઃખદર્દને હમેશાં સત્કારે છે અને તેને પ્રભુની કૃપા પામવા માટેનું એક વિશેષ નિમિત્ત સમજે છે.

## ૨૬

## दर्दकी दवा दर्द

દુઃખદર્દ દુઃખદર્દથી જ મટે છે.

આ સત્ય મેં મારા માનનીય અને મુરબ્બી મિત્ર પરલોકવાસી જમશેદજી નસરવાનજી મહેતા (જેમની ગાંધીજીએ એક વાર 'એક સાચો દેશભક્ત' એવા શબ્દોથી પ્રશસ્તિ કરી હતી.) પાસેથી જ શીખ્યો.

એક સાંજે તેઓ પોતાનું પ્રવચન કરાંચીની થિયૉસૉફીકલ સોસાયટીમાં પૂરું કરીને નીકળવા જ જતા હતા અને તેમની વિશેષ વ્યાધિએ તેમને સતાવવાનું શરૂ કર્યું. તેથી તેઓ સોસાયટીના એક ઓરડામાં આરામ માટે પાછા અંદર ચાલી ગયા.

હું એ વખતે તેમની સાથે જ હતો.

તેમની પીડા વધતી જ ગઈ. તેથી મેં નમ્રતાપૂર્વક પૂછ્યું:

'હું કોઈ દાક્તરને બોલાવી લાવું?'

તેમણે ના પાડી.

થોડા વખત પછી મેં મારી વિનંતી ફરીથી કરી.

તે વખતે રાતના લગભગ અગિયાર વાગ્યા હતા. પછી તેમણે કહ્યું: 'ચાલો.'

તેથી અમે બંને મોટરમાં બેસી ગયા.

ડ્રાઇવરને તેમણે કહ્યું: 'ઇસ્પિતાલ તરફ લઈ જાઓ.'

દસેક મિનિટમાં અમે ઇસ્પિતાલ પાસે આવી પહોંચ્યા.

પછી તેઓ મને લઈને ઇસ્પિતાલના તે ભાગમાં ગયા જ્યાં એવા દરદીઓ હતા જેમને કોઈ ને કોઈ મોટું ઑપરેશન કરવામાં આવ્યું હતું.

દરેક દરદીની પાસે જઈને તેમણે ઘણા વહાલ અને સહાનુભૂતિથી તેમની તબિયતના સમાચાર પૂછ્યા.

તે દરદીઓમાં એક પઠાણ હતો. તેનો એક આખો પગ કાપવામાં આવ્યો હતો. તેની પીડાનો પાર નહોતો! એવું હોવા છતાં તે દરેક શ્વાસે કહી રહ્યો હતો:

'अल्लाहका शुक्र है!'

પછી જમશેદજી અને હું બહાર આવ્યા અને મોટરમાં બેઠા. તેમણે ડ્રાઇવરને ઘેર લઈ જવા માટે કહ્યું.

મેં રસ્તામાં પૂછ્યું: 'જમશેદજી, આપને હવે કેમ લાગે છે?'

તેમણે જવાબમાં કહ્યું:

'હૉસ્પિટલમાં પેલા દરદીઓની પીડા જોઈને મારી પોતાની પીડા કોણ જાણે ક્યાંય જતી રહી!'

આ જવાબથી હું ઘણો પ્રભાવિત થયો.

સૂફી ફકીરોએ સાચું જ કહ્યું છે:

'दर्दकी दवा दर्द है।'

ભલે તે દર્દ દિલનું હોય કે મનનું હોય કે શરીરનું હોય. કારણ કે બીજાના દર્દમાં સાચી સહાનુભૂતિ હોય તો માણસ પોતાનાં દુઃખદર્દ ઘણીય વાર ભૂલી જાય છે.

જમશેદજીના થિયોસૉફીકલ સોસાયટીના ઉજ્જવળ સિદ્ધાંતો તરફ હું આકર્ષાયો હતો અને સમાજસેવાના કામમાં તેઓ મારા એક વડીલ ગુરુ સમાન હતા.

## ૨૭

# પ્રભુપ્રેમની બારી

ચાચાજી, આપ બીજા મહાનુભાવોના સમાગમમાં પણ આવ્યા હશો. એનો થોડોઘણો પરિચય આપી શકશો? તેઓની આપના જીવન પર કોઈ ખાસ અસર પડી હોય તો એ પણ જણાવો તો સારું.

એવી વ્યક્તિઓ ગણાવવા બેસું તો પાર ન આવે. કારણ કે આમ જોવા જાઉં તો નાનામાં નાના બાળકથી માંડીને વયોવૃદ્ધ ભાઈબહેનોની મારા જીવન પર એક યા બીજી રીતે અસર પડી જ છે. એક રીતે કહું તો હું સમગ્ર માનવજાતનો ઋણી છું.

પરંતુ અહીં કેટલીક વ્યક્તિનો ઉલ્લેખ કરી લઉં.

સૂફીઓનો પરિચય પહેલી વાર મને સિંધમાં મારા પરલોકવાસી મિત્ર શ્રી જેઠમલ પરશરામ ગુલરાજ દ્વારા થયો.

અને બાઉલ તેમ જ ઉત્તર ભારતના ભક્તોની ઓળખાણ શાંતિનિકેતનના આચાર્યશ્રી ક્ષિતિમોહન સેન મહાશયે પહેલી વાર મને કરાવી.

તેથી હું આ બંને સજ્જનોનો ઋણી છું. તેમનો સત્સંગ પણ પ્રભુની કૃપાના પરિણામે મને થયો, એમાં મને રતિભાર પણ શંકા નથી.

એવી રીતે આ બે વડીલોએ પણ મને મારા આધ્યાત્મિક જીવનને ઘણી પ્રેરણા આપી છે.

* * *

અહીં એક બીજી વ્યક્તિનો પણ ઉલ્લેખ કરવાનું મને ઘણું મન થાય છે.

પોતાના કામમાં અને જીવનમાં એક અલૌકિક પ્રમાણુતા જો મેં જોઈ હોય તો તે શ્રી મોતીલાલ ચીમનલાલ સેતલવાડ, જેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ એટોર્ની જનરલ નિમાયા હતા, તેમનામાં મેં જોઈ છે.

પ્રભુકૃપાથી જ મારો સંબંધ તેમની સાથે અને તેમનાં કુટુંબીઓ સાથે થયો. તેમણે ઘણાં વર્ષો સુધી મને પોતાના ઘરમાં એક કુટુંબીજનની જેમ રાખ્યો.

તેમનો પિતૃવત્ પ્રેમ અને તેમનાં ધર્મપત્ની સૌ૦ વિમળાબહેનનો માતૃવત્ પ્રેમ મારા જીવનમાં સદાય એક નિરંતર આશીર્વાદરૂપે રહ્યો છે. તેઓ બંને 'योगः कर्मसु कौशलम्' આ વાક્યનાં ઉજ્જ્વળ ઉદાહરણો છે.

એ રીતે તેઓને સાચી મહેનતથી જે આવક થઈ હોય અને એ આવક પોતાની અંગત અગત્યની જરૂરિયાતથી વધારે હોય તો એ વધારાની દોલતનાં

તેઓ એકલાં ભોગવનાર નથી, પણ ટ્રસ્ટીઓ છે, એ સિદ્ધાંત પણ મેં તેમના જીવનમાં જ્વલંત જોયો છે.

* * *

મારા આધ્યાત્મિક જીવનના માર્ગ પર પ્રભુકૃપાથી વારંવાર મને પ્રભાવશાળી વ્યક્તિઓ મળી છે, તેઓમાંની જે વ્યક્તિઓએ એક ઊંડી છાપ મારા પર પાડી છે તે છે સંત લક્ષ્મણસિંહજી, સંત ગુલાબસિંહજી, અને ઓમ બાબા (આ ત્રણે પંજાબના છે) અને શ્રી મોટાના નામથી ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણમાં ઓળખાય છે તેઓશ્રી, શ્રી અરવિંદના પત્રો, માતાજીની પ્રાર્થનાઓ, મહર્ષિ રમણનાં સૂત્રો, સ્વામી રામદાસની પ્રભુના નામમાં અગાધ શ્રદ્ધા અને મા આનંદમયીની પ્રભુ માટેની અનંત અખૂટ પ્યાસ—આ બધાંથી હું ઘણો પ્રભાવિત થયો છું.

તેઓના પ્રકાશમાં મારા આત્માનું કમળ પાંખડી પાંખડીએ ખીલ્યું છે, એવો મારો વિશ્વાસ છે.

મારા માટે તેઓ સૌ પ્રભુના પ્રેમની અને પ્રભુની કૃપાની બારીઓ સમાન છે.

કેવી બારીઓ?

એવી બારીઓ જે મીરાંએ બતાવી હતી:

'बिच बिच राखूँ बारी।<br>
साँवरियाके दरसन पाऊँ,<br>
पहिर कुसुम्बी सारी।'

## ૨૮

# શિક્ષણ અને સાહિત્ય વિષયક દૃષ્ટિ

ચાચાજી, આપે શાંતિનિકેતનમાં અધ્યાપનનું કાર્ય કર્યું છે; વળી આપે સાહિત્યસર્જન પણ કર્યું છે. તેથી શિક્ષણ અને સાહિત્ય અંગેના આપના વિચારોનો ખ્યાલ આપશો?

જ્યારથી હું કૉલેજમાં હતો ત્યારથી એક શિક્ષક અથવા લેખક બનવાની મને ઇચ્છા રહી છે.

પરંતુ જીવનમાં વિશેષ સંજોગોને પરિણામે ન તો હું શિક્ષણના ક્ષેત્રમાં કે ન તો સાહિત્યસર્જનના ક્ષેત્રમાં તલ્લીનતાથી સાધના કરી શક્યો છું, જેનાથી મારી ઇચ્છા સફળ થઈ હોય અથવા મને સંતોષ થયો હોય. પણ જેવી અને જે કંઈ પ્રવૃત્તિ આ બંને ક્ષેત્રોમાં મારે રહી છે તેનાથી મને આનંદ તો ઘણો જ મળ્યો છે.

પ્રભુકૃપાએ હું સ્વભાવથી બાળકોને અતિશય જ ચાહું છું.

અને આ ચાહવાને કારણે જ જ્યાં જ્યાં મેં શિક્ષણનું કામ કર્યું છે, ત્યાં ત્યાં મને આનંદ મળ્યો છે.

વિદ્યાર્થીઓને વિશેષ જે કાંઈ શીખવ્યું હોય એમાં મારી કશી ખાસ કુશળતા નથી રહી. આધુનિક યુગમાં ભણાવવાના જે ખાસ સિદ્ધાંતો અથવા તેને લગતી પદ્ધતિઓ છે તેમનાથી હું નાવાકેફ છું. પણ વિદ્યાર્થીઓ સંબંધે મારા જીવનમાં વારંવાર એક અજબ વાત બની છે.

આમ તો પ્રભુકૃપાથી લગભગ બધા વિદ્યાર્થીઓ મને ખૂબ ખૂબ વહાલ આપે છે. વળી જે વિદ્યાર્થીઓની તેમના ભણવાના કાળમાં બીજાઓએ ટીકા કરી હોય કે કોઈ રીતે તેમને નીચા પાડ્યા હોય અથવા તેમની ઘૃણા કરી હોય તેઓ આજ સુધી પણ જ્યારે જ્યારે મને મળે છે, ત્યારે ત્યારે મને અતિશય પ્રેમથી ભેટે છે.

એનું કારણ એક જ છે કે, જ્યારે જ્યારે તેઓ દુઃખી થતા અથવા મૂંઝાયેલા રહેતા, ત્યારે ત્યારે તેઓ મારી પાસે વધારે આવતા અને હું તેમને બીજું તો કંઈ નહિ આપી શકતો; ફક્ત માતૃવત્ સત્કાર, સહાનુભૂતિ અને પ્રેમ.

તેથી વારંવાર મેં પ્રભુનો પાડ માન્યો છે.

સાહિત્યસર્જનના ક્ષેત્રમાં જેને આપણે સાધના કહી શકીએ તેવી સાધના મેં કોઈ દિવસ નથી કરી. જ્યારે

જ્યારે કોઈ વખતે અમુક વિચાર અથવા દૃષ્ટિબિંદુથી પ્રેરાઈને મારા પોતાના કંઈક પ્રયત્ન અથવા ઇચ્છા વિના, મને અંદરથી પ્રબળપણે કંઈ પ્રેરણા થઈ છે ત્યારે જ મેં કંઈ લખ્યું છે. તેથી મારાં લખાણોમાં કોઈ જાતનું પાંડિત્ય અથવા વિદ્વત્તા નથી હોતાં.

મારા સ્વભાવની જેમ મારાં લખાણો પણ ભાવના-પ્રધાન હોય છે.

પરંતુ જે સરળતા અને ઝડપથી લગભગ દરેક વખતે મારાથી લેખ લખાય છે અને એક અલૌકિક આનંદ હું અનુભવું છું, એ ઉપરથી મને ખાતરી થઈ ગઈ છે કે, જ્યારે પ્રભુની કૃપા થાય છે ત્યારે તે મારી ચેતનામાં એક મુહૂર્ત માટે બેસીને કંઈક લખાવે છે.

મારી કલમ આમ તો પ્રભુપ્રેરિત ચેતનાની ગતિની સાથે નથી ચાલી શકતી; તોપણ જે કંઈ અને જેવું લખાય છે તેનાથી મારો વારંવારનો એવો અનુભવ છે કે, વધારે નહિ તો બેચાર જણાઓ જેમને હું નથી ઓળખતો અને જેઓ જુદી જુદી ભૂમિકાઓના હોય છે, તેમને પણ મારું એ લખાણ ગમ્યું છે.

તેથી મને ખાતરી થાય છે કે, જ્યારે જ્યારે કોઈ એક વિચાર કે દૃષ્ટિથી કોઈ બીજાની કોઈ રીતે જરા પણ સેવા થઈ શકે છે, ત્યારે ત્યારે જેવો હું છું અને જેવી મારી લાયકાત છે એ મુજબ પરમકૃપાળુ મારો

પ્રભુ મને એક નમ્ર નિમિત્તરૂપે વાપરે છે અને એ રીતે મને માન આપે છે.

કેવું મારું સદ્‌ભાગ્ય!

વ્યાખ્યાન કરતી વખતે પણ એવું જ કંઈક બને છે. વ્યાખ્યાન શરૂ કરવાના થોડા વખત પહેલાં જ જે વિષય પર મારે બોલવાનું હોય છે એ સંબંધી સૂત્રરૂપે એક શબ્દ અથવા નાનકડું વાક્ય સ્ફુરે છે. પછી તેના પર વિસ્તારથી બોલવાનું ઘણી સરળતાથી થઈ જાય છે. મને તો લાગે છે કે, એ સૂત્રરૂપી શબ્દ અથવા વાક્ય પ્રભુપ્રેરિત પ્રજ્ઞા દ્વારા મારી સામે સ્ફૂટ થાય છે.

૨૯

## આધ્યાત્મિક જીવન-સાધના

ચાચાજી, આધ્યાત્મિક જીવન ઘડવામાં આપે કોઈ નિશ્ચિત સાધનાઃ-પદ્ધતિ અપનાવેલી છે ખરી?

જેવી રીતે શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં મેં કોઈ વિશેષ સાધના કોઈ દિવસ નથી કરી, તેવી જ રીતે આધ્યાત્મિક જીવનમાં પણ મેં કોઈ ખાસ સાધનાની પદ્ધતિ કે પ્રણાલીને નથી અપનાવી.

હું નાનપણથી જ મૌનપ્રિય રહ્યો છું. તેથી દિવસના ચોવીસ કલાકમાં થોડા વખત માટે મૌનમાં બેસું છું.

આટલાં વર્ષોના અભ્યાસથી હવે પ્રભુકૃપાથી એટલું તો જરૂર થયું છે કે, દરેક વખતે નહિ તોયે ઘણી વાર, જ્યારે હું મૌનમાં બેઠેલો હોઉં છું, ત્યારે મને એમ લાગ્યા કરે છે કે, હું કોઈ એક અદૃશ્ય પણ સર્વવ્યાપી વિરાટ વિભૂતિનાં ચરણોમાં બેઠો છું; અને તેની પ્રકાશમય ચરણ-છાયામાં મારો વિકાસ ધીરે ધીરે થઈ રહ્યો છે.

કોઈ અમુક સાધનાને કોઈ ક્ષેત્રમાં મેં નથી અપનાવી.

તેનું કારણ આળસ તો નહિ હોય? કે અશ્રદ્ધા તો નહિ હોય? કે નિર્ણય કરવાની શક્તિનો અભાવ તો નહિ હોય?

કોઈ વખતે એમ લાગે છે કે, કોઈ મોટી ત્રુટિ મને નડે છે.

નિર્ણય કરવાની શક્તિનો અભાવ તો હું લગભગ દરરોજ અનુભવું છું. એક નજીવી વાત સંબંધી પણ હું જલદીથી નક્કી કરી શકતો નથી. હું વાટ જોયા જ કરું છું કે, અંદરથી કોઈ મારા માટે નક્કી કરીને મને ધક્કો મારે અને જે સંજોગોમાં જે કંઈ કરાવવું હોય તે કરાવી લે.

મારી પોતાની ઇચ્છા પ્રમાણે કોઈ દિવસ કોઈ વાત ધરાવવાનો પ્રયત્ન નથી કરતો અને કોઈ વખતે કોઈ ઇચ્છા ઉદ્‌ભવી પણ હોય, તો તેને સફળ બનાવવાની કોશિશ હું નથી કરતો.

ટૂંકમાં કહું તો, જીવનમાં કોઈ જાતનાં જપતપ કરીને કોઈ જાતનું બળ મેળવવાની અને તે બળથી જીવનને મારા પોતાના અમુક આદર્શ અનુસાર ઘડવાની વૃત્તિ નથી.

વર્ષો પહેલાં મને એક ગીત સ્ફુરેલું, તેની એક જ લીટી યાદ રહી ગઈ છે. તેમાં જે કાંઈ હું ઉપર કહી ચૂક્યો છું એનો ભાવ પ્રતિબિંબિત છે. એ લીટીના શબ્દો છે:

'जिसमें रीझे मेरा राम,
वोही मुझे कबूल।'

એવી જ વૃત્તિને પરિણામે મારામાં એક બીજી પણ વિશેષ ત્રુટિ છે. કોઈને કંઈ કહેવું હોય, ખાસ કરીને જે બીજાને રુચે નહિ અથવા જેનાથી બીજાને દુઃખ થવાનો સંભવ હોય, તે હું એકદમ સીધી અને સંપૂર્ણ રીતે નથી કહી શકતો. જે મારે કહેવાનું હોય છે તે હું કહી તો દઉં છું, પણ 'હોમિયોપેથિક ડોઝીઝ'માં અથવા થોડું થોડું કહીને અને જેટલું તે વ્યક્તિ એ વખતે સહેલાઈથી ઝીલી શકે.

એમ કરતાં કોઈ કોઈ વાર અમુક જાતની અતિશયોક્તિ થઈ જાય છે અને તે અતિશયોક્તિ બીજાની નજરમાં અસત્યનું રૂપ ધારણ કરી લે છે, એમ મને લાગ્યા કરે છે.

હું મારો બચાવ નથી કરતો; પણ મારી એવી અતિશયોક્તિની પાછળ ફક્ત એક જ હેતુ રહેલો હોય છે અને તે એ કે, મારા શબ્દોથી બીજી વ્યક્તિને જેટલું ઓછું દુઃખ થઈ શકે તેટલું થાય, જો મારા શબ્દોથી દુઃખ થવાનું હોય જ તો.

બીજા શબ્દોમાં કહું તો, મારામાં સત્યનું કડકપણું નથી અને એવું કડકપણું કેળવવાનું મને લેશમાત્ર પણ ગમતું નથી.

## ૩૦

# ગુરુદેવની કૃપા-પ્રસાદી

ચાચાજી, આપ ગુરુદેવ સાથે બહુ જ ઓછું બોલ્યા છો, એ વાત ખરી; પરંતુ તેઓ સાથેના એવા કોઈ વિશેષ પ્રસંગો બન્યા છે ખરા, જેની અસર આપના પર ઊંડી પડી હોય?

જેવી રીતે ગુરુદેવ કવિવરનાં પ્રથમ દર્શનથી મારા જીવન પર એક ઊંડી અસર થઈ હતી, એવી જ રીતે તેઓ જ્યારે સાતમી ઑગસ્ટ ૧૯૪૧માં ગુજરી ગયા એના થોડા વખત પહેલાં બેએક વાર તેમને મળવાનું થયું એ પણ નથી ભુલાતું.

જાન્યુઆરી ૧૯૪૧માં ગુરુદેવના પરમ પૂજ્ય પિતાશ્રી મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરની પુણ્યતિથિ હતી.

લગભગ દર વરસે તે દિવસે ગુરુદેવ આશ્રમમાં હાજર રહેતા અને મહર્ષિ સંબંધે એક પ્રેરક પ્રવચન આપતા.

પરંતુ તે વર્ષે ગુરુદેવની તબિયત નાદુરસ્ત હોવાથી તેમણે મને એવો આદેશ કર્યો કે, શાંતિનિકેતન મંદિરમાં એમના પિતાશ્રીની પુણ્યતિથિને દિને મારે પ્રવચન આપવું.

તેમનો આ આદેશ સાંભળીને મને ઘણો સંકોચ થયો. મેં નમ્રતાપૂર્વક કહ્યું :

'ગુરુદેવ, હું એવું કરવાને બિલકુલ લાયક નથી! આપ મને કૃપા કરીને ક્ષમા કરશો.'

મારા આ શબ્દોથી તેઓ અપ્રસન્ન થયા, એમ મને લાગ્યું. જ્યારે મેં તેમના મુખ તરફ જોયું, ત્યારે ગુરુદેવે જવાબ આપ્યો :

'જેવી તારી ઇચ્છા! પણ મારી પોતાની તો એવી ઇચ્છા છે કે, તું આ વખતે પ્રવચન કરે.'

પછી મેં ગુરુદેવનો આદેશ માથે ચડાવ્યો અને પુણ્યતિથિને સાંજે જેવી પ્રભુએ પ્રેરણા આપી એમ એક નાનકડું પ્રવચન મેં કર્યું.

મંદિરમાં ઉપાસના પૂરી થતાં બધા લોકો પોતપોતાને નિવાસસ્થાને પાછા ચાલી ગયા અને હું મારી કુટિયામાં પાછો ફર્યો. ત્યાં એકલો બેસીને મહર્ષિના મહાન આત્માનું સાન્નિધ્ય અનુભવી રહ્યો હતો.

લગભગ સાડાનવ વાગે રાતે ગુરુદેવે મને પોતાના નિવાસસ્થાને બોલાવ્યો.

હું ત્યાં તરત જ ગયો.

જ્યારે મેં તેમને પ્રણામ કર્યા, ત્યારે તેમણે મારી તરફ જોયું પણ નહિ. થોડા વખત સુધી તેઓ તદ્દન શાંત જ રહ્યા. પછી તેઓ બોલ્યા :

'તેં જે કંઈ મંદિરમાં મારા પિતાશ્રી સંબંધે કહ્યું એનો અહેવાલ મને મળી ગયો છે. તેનાથી હું ખૂબ ખુશી થયો છું.'

આ સાંભળીને મેં ગુરુદેવને ફરીથી પ્રણામ કર્યા અને કહ્યું :

'તો ગુરુદેવ, હું ધન્ય થયો. પ્રભુની કૃપા અને આપના આશીર્વાદના બળે જ હું પ્રવચન કરી શક્યો છું.'

પછી ગુરુદેવે પોતાના એક સેવકને એમના કબાટમાંથી ખાદીનો એક ઝભ્ભો જે તેઓ કોઈ કોઈ વાર પહેરતા તે લાવવા કહ્યું.

જ્યારે સેવક ઝભ્ભો લઈ આવ્યો, ત્યારે ગુરુદેવે પોતાના કમલવત્ હાથોથી એ ઝભ્ભો મને આપ્યો. અને મારા આનંદનો પાર ન રહ્યો.

કૃતજ્ઞતાપૂર્વક ઝભ્ભો સ્વીકારતાં મને એમ લાગ્યું કે, સૂર્ય ભગવાન કૃપા કરીને મને પોતાના પ્રકાશની એક કણી આપી રહ્યા છે. અને મારો વિશ્વાસ છે કે, એ પ્રકાશની કણી, રેડિયમની એક કણીની જેમ, મારા અંતરમાં ઘોર અંધારાં હોવા છતાં તેને ઉજ્જવળ રાખવામાં ઘણી ઉપયોગી નીવડે છે.

* * *

બીજો પ્રસંગ ૨૪મી જુલાઈ ૧૯૪૧નો છે.

ગુરુદેવની તબિયત બહુ જ બગડી ગઈ હતી. તેથી

એમ નક્કી કરવામાં આવ્યું કે, બીજે દિવસે એમને કલકત્તા ખસેડવામાં આવશે ને ત્યાં ઑપરેશન કરવું પડશે.

તેથી ૨૪મીની સવારથી ગુરુદેવ એક પછી એક શિક્ષકને બોલાવીને કંઈ ને કંઈ કહેવા લાગ્યા.

સાંજે કલાચાર્ય નંદલાલ બસુ અને મને તેમણે યાદ કર્યા.

અમે બંને એક સાથે ગુરુદેવને પ્રણામ કરવા ગયા.

તે વખતે ગુરુદેવ બહુ અશક્ત હતા. ધીરે ધીરે ગુરુદેવે થોડા શબ્દો કહ્યા :

'હું હવે એક લાંબી રજા પર જાઉં છું. પણ નંદ, (નંદલાલબાબુને સંબોધન કરીને) કોઈ કોઈ વાર જ્યારે તું નવું ચિત્ર બનાવશે, ત્યારે હું જરૂર જોવા આવીશ.

'અને ગુરુદયાલ, કોઈ કોઈ વખતે જ્યારે તું ભજન ગાતો હોઈશ, ત્યારે હું એ સાંભળવા જરૂર આવીશ.

'વર્ષો પહેલાં જ્યારે તું પહેલવહેલો શાંતિનિકેતનમાં રહેવા આવ્યો અને સવારે દરરોજ લગભગ ચાર વાગ્યે એકલો મારા ઘરના બહારના રસ્તા પરથી પસાર થતાં તું ભજન લલકારતો, એની સ્મૃતિ મારા મનમાં સદા તાજી છે.'

એમ કહીને તેઓ એકદમ શાંત થઈ ગયા. કારણ કે તેમને આખા દિવસનો બહુ જ થાક લાગ્યો હતો.

પછી નંદબાબુ અને મેં આંસુભરેલી આંખોએ ગુરુદેવને પ્રણામ કર્યા.

## ૩૧

# ભક્તિભાવભર્યાં ભજનો

ચાચાજી, આપનાં ભજનો વિશે થોડુંક કહો. અમે જ્યારે જ્યારે આપનાં ભજનો સાંભળીએ છીએ, ત્યારે ત્યારે દિવ્ય આનંદનો અનુભવ કરીએ છીએ. એ જ રીતે બીજા લોકોને પણ આપનાં ભજનોની અસર થઈ જ હશે.

ભજન ગાવાની મારી વાત કરતાં મને ગાંધીજીની યાદ આવે છે.

ગાંધીજીને પણ મારું ભજન ગાવાનું ગમતું. તેથી હું મારી જાતને ધન્ય માનું છું.

કોઈ કોઈ વાર ગાંધીજીના મૌનના દિવસે હું તે વખતે તેમની પાસે હોઉં ત્યારે, અથવા કોઈ કોઈ વખતે સમૂહ-પ્રાર્થનાને સમયે તેઓ મને ભજન ગાવા માટે જણાવતા. તેમનું એક અતિશય પ્રિય ભજન 'तेरा मकान आला'* એ સિંધી ભજન હતું.

* જુઓ 'આશ્રમભજનાવલિ'.

એક વાર ગાંધીજીએ મને કહ્યું:

'गुरुदयाल, तुमारे गानेमें मीठाससे ज्यादा दर्द है, जो मुझे बहुत भाती है।'

આ સાંભળીને હું ગદ્‌ગદ થઈ ગયો.

મારાં ભજનો સંબંધે એક વાત જો અહીં કહી દઉં, તો અનુચિત નહિ ગણાય.

મેં થોડાંક ભજનો જુદા જુદા સમયે રચ્યાં છે. એમ કહું તો ઠીક લાગશે કે, ભજનો મને અંદરથી સ્ફુર્યાં છે. મને શાસ્ત્રીય સંગીતનું જ્ઞાન જરાયે નથી. જ્યારે મને કોઈ ભજન સ્ફુરે છે તે પહેલાં થોડા વખત સુધી હું કંઈ ગુણગુણ કરું છું. એ ગુણગુણાતમાં કોઈ ગીત ક્યારેક સાંભળ્યું હોય તેનો આભાસ હશે એમ મને લાગે છે.

મને પોતાને મારાં ભજનોથી, તે જેવાં છે તેવાંથી, એક વિશેષ સંતોષ એટલા માટે થયો છે કે, જ્યારે જ્યારે તે મેં બીજાને સંભળાવ્યાં છે (અને મેં ભારતવર્ષમાં મુસાફરી બહુ કરી છે), તો દરેક વખતે કોઈ એક કે બેના હૃદયને મારાં ભજનોએ થોડા વખત માટે સ્પર્શ કર્યો છે. ફક્ત એટલું જ નહિ, પણ કોઈ કોઈ વાર વિદેશના લોકોને પણ મારાં ભજનો, જોકે તેઓ ભજનની ભાષા ને રાગરાગિણીથી તદ્દન અપરિચિત હોય છે તોપણ, સ્પર્શ કરી શક્યાં છે.

ગાંધીજીએ એક વાર મિસ મોરિયર લેસ્ટરને (જેમને ત્યાં બીજી રાઉંડ ટેબલ કૉન્ફરન્સ વખતે લંડનમાં ગાંધીજી ગયા હતા.) એક એવો પત્ર લખ્યો, જ્યારે એક વાર મિસ મોરિયર લેસ્ટર અમુક બહેનોનું ડેલિગેશન લઈને ભારત થઈ ચીન જતાં હતાં:

'તમે બધાં શાંતિનિકેતન જશો એ જાણ્યું. ત્યાં તમને ઘણું જોવાનું અને શીખવાનું મળશે. પણ તમે એક વાત નહિ ભૂલતાં. તમે ગુરુદયાલને કહેજો કે તે તમને બધાંને એકબે ભજનો જરૂર સંભળાવે.'

ગાંધીજીના આદેશ અનુસાર ડેલિગેશનનાં સભ્યોને મેં ભજન સંભળાવ્યાં. એ સાંભળ્યા પછી ઘણો વખત સુધી તેઓ બધાં તદ્દન શાંતિ અને પ્રાર્થનામાં બેસી ગયાં.

મારાં ભજનો ગાવા સંબંધી એક બીજો પ્રસંગ યાદ આવે છે.

એક વાર જ્યારે હું શાંતિનિકેતનમાં હતો, ત્યારે થોડા મહિનાઓ સુધી દરરોજ વહેલી સવારે આશ્રમ-વાસીઓ જાગે એ પહેલાં શાંતિનિકેતન મંદિરમાં હું એકલો નિયમિત ભજન કરતો.

એક દિવસે ભજન પૂરું કરીને હું મંદિરની બહાર આવ્યો, ત્યારે કલકત્તામાં તે વખતે જે જર્મન કાઉન્સલ હતા તેમને મેં બહાર ઊભેલા જોયા. તેઓ આગલી

રાતે સાડાદશ વાગ્યાની ગાડીમાં કલકત્તાથી આશ્રમ જોવા આવ્યા હતા. પણ મને આ વાતની ખબર નહોતી. તેઓ જર્મન કાઉન્સલ હતા એ વાતની તો પછીથી મને ખબર પડી, જ્યારે તેમણે મને પોતાની ઓળખાણ આપી.

મંદિરની બહાર તેમને મેં જ્યારે ઊભેલા જોયા, ત્યારે તેમની આંખોમાં આંસુ હતાં.

મેં એમને નમસ્કાર કર્યા.

તેમણે મારા હાથ પોતાના હાથમાં લઈને કહ્યું :

'તમારા ગીતે મને ઊંડાણમાં સ્પર્શ કર્યો છે. હું એનો અર્થ તો જરાયે નથી સમજ્યો; પણ જ્યારે તમે ગીત ગાતા હતા, ત્યારે હું કોઈ અદ્‌ભુત આંતરિક સૂક્ષ્મ ચેતનામય જગતમાં પ્રવેશ કરવા લાગ્યો. તેથી મને લાગે છે કે, જ્યારે તમે ગાતા હતા, ત્યારે પ્રભુ હાજર હશે.'

મેં કેવળ માથું નમાવીને એમને ફરીથી નમસ્કાર કરીને એટલું જ કહ્યું :

'જે કંઈ આપને થયું તે તો પ્રભુકૃપાથી થયું. જો મારું ભજન એને માટે એટલું નિમિત્ત થયું, તો હું સાચે જ ધન્ય થયો!'

આવા આવા અનુભવો જ્યારે મને થયા છે, ત્યારે મને લાગ્યું છે કે, બીજું જે કાંઈ મેં લખ્યું છે, તેની અસર જ્યારે જ્યારે કોઈના પર જો પડી હોય, તો તે

થોડા વખત માટે જ પડી હશે. પણ ભજનોની અસર જરા વધારે પડી હશે, કારણ કે જેમ ભજનો દ્વારા જ્યારે પ્રભુની કૃપા મારા પર ઊતરી છે, કોઈ કોઈ વાર તેનાં ચરણકમળ સ્પર્શ્યાં છે, તો એવી રીતે જ મારા ભજનનાં સાંભળનારાંઓને કોઈ કોઈ વખત એમ લાગ્યું હશે કે તે વેળાએ પ્રભુની કૃપા તેમના પર પણ ઊતરી રહી છે.*

* પૂ. ચાચાજીનાં કેટલાંક ભજનો આ પુસ્તકના બીજા ખંડમાં આપ્યાં છે.

## ૩૨
# મારાં ભજનો—પ્રભુના પ્રેમપત્રો

મારા પોતાને માટે તો મારાં ભજનો પ્રભુના પ્રેમપત્રો છે. અને દરેક ભજનની પાછળ આંતરિક જીવનનો કોઈ ને કોઈ સુખમય અથવા દુઃખમય અનુભવ છે અને તે અનુભવ દ્વારા મને શી શિખામણ મળી તે મારાં ભજનોમાં સચવાઈ છે.

મારાં ભજનોએ મારા જીવનમાં ગુરુજનોની જગ્યા લીધી છે; એનો અહેવાલ એક વાર મેં એક લેખમાં* આપેલો, તે અહીં ટૂંકમાં આપી દઉં.

એમ કહેવાય છે કે, એક વાર સંત કબીરને કોઈ જિજ્ઞાસુએ પૂછ્યું:

'આપને કોઈ ખાસ મુહૂર્તે સત્યના માર્ગ પર ચાલવાની દીક્ષા અને શિક્ષા આપવામાં આવી છે ખરી?'

* જુઓ 'Hound of the Heart' એ પુસ્તકમાંનો 'Song-way of the Spirit' નામનો લેખ.

કબીરજીએ જવાબ આપ્યો:

'એ સૌભાગ્ય અને સુખ મને આપવામાં આવ્યાં હતાં, જ્યારે બ્રહ્માએ હજી આવરણ પહેર્યું ન હતું.'

એવી જ રીતે આપણે એમ કહી શકીએ છીએ કે, માણસનો આત્મા ને એનું આર્યત્વ તેના શરીરના આવરણ પહેલાં સર્જવામાં આવ્યાં હતાં.

પરંતુ એ આર્યત્વનો વિકાસ જન્મજન્માન્તરમાં થાય છે અને તેનું પ્રમાણ ફક્ત ત્યારે જ આપી શકાય છે જ્યારે માણસનું શરીર સાચે જ પ્રભુનું મંદિર બની જાય છે.

પણ આત્મા જે એક પક્ષી સમાન છે, એની પાંખ પ્રથમ વાર માણસના શરીરમાં ક્યારે ફડફડવા લાગી, એ એક એવું રહસ્ય છે જેને સમજવું સહેલું નથી.

પરંતુ એટલું તો કહી શકાય છે કે, જ્યારે જ્યારે આ પક્ષી અથવા આત્મા આકાશ (પરમાત્મા) માટે પ્રેમથી તલસે છે અને તેને દિલથી ચાહે છે, ત્યારે ત્યારે તેની ઝાંખી માણસને થાય છે.

પ્રભુકૃપાથી એવી ઝાંખી કોઈ કોઈ વખતે મારાં ગીતો દ્વારા મને મળી છે.

પહેલી ઝાંખી જ્યારે હું પચીસ વર્ષનો હતો ત્યારે થઈ.

હું એકાંતમાં એક દિવસે બેઠો હતો, ત્યારે એકાએક પ્રચંડ પ્રકાશનો એક સ્તંભ મને મારી નજર સામે દેખાયો. પછી તે સ્તંભે એક વિરાટ વિભૂતિનો આકાર ધારણ કર્યો. તેનું માથું આકાશને અડી રહ્યું હતું અને પગ પૃથ્વીને. વાતાવરણમાં એક અદ્‌ભુત શાંતિ અને સુગંધ હતી.

આ વિરાટ વિભૂતિને મેં એક પળ માટે જ જોઈ. પણ તે પળમાં અનંતનું આસ્વાદન હતું ને વિરાટનો વિદ્યુત્ જેવો વેગ.

તે વિરાટ વિભૂતિ અંતર્ધાન થતાં જ મને એક ગીત સ્ફુરી આવ્યું. એ ગીત મારા જીવનમાં પ્રથમ વાર સ્ફુરેલું ગીત છે. તેના શબ્દો છે:

'सोया था तले दीवार....'*

પછી આ ગીત કલાકો સુધી હું ગાતો રહ્યો. જગત અને તેમાં મારા જીવનનો દૈનિક ક્રમ હું તદ્દન ભૂલી ગયો.

એ વિરાટ વિભૂતિનાં દર્શનથી જે આંતરિક આનંદ મને મળ્યો હતો તેની મસ્તી દિવસો સુધી હું અનુભવતો રહ્યો. એટલે સુધી કે આ દર્શન પછી થોડા દિવસોમાં જ મારા એક સૌથી વહાલા મિત્રના મૃત્યુથી અમારો કૌટુંબિક વ્યવસાય બંધ થઈ જવાથી જે કંઈ કષ્ટ અને દુઃખ મને થયાં તે હું બહુ સહેલાઈથી ઝીલી શક્યો.

*આખા ગીત માટે જુઓ પૃ. ૪૮.

બીજી ઝાંખી મને સાત વરસ પછી થઈ.

એક સવારે હું દરિયાને કિનારે એકલો ફરતો હતો. અચાનક દરિયાની લહેરો અને મારા હૃદયના તરંગો વચ્ચે એક અસાધારણ અને અલૌકિક સુમેળ મેં અનુભવ્યો. તેથી મને અતિશય આનંદ થયો.

તે વખતે મને બે ગીતો સ્ફુર્યાં :

૧

आज प्रभातमें कौन आया ?
रात अबही खतम हुई थी,
किसीने आकर दर खटखटाया ;
पूछा तब मैंने अंदरसे,
कौन मेरे घर आज आया ?
दिया जवाब प्रभुने,
तेरा मेहमान मैं होके आया ;
क्या करोगे मेरी खातिर,
यह कहके उसने मुझे शरमाया ।

२

मेरे घर प्रीतम आया ।
अपना महल छोड़के,
मेरे घर डेरा जमाया ।
वो है अेक बड़ा रागी,
मेरा राग सुनने वो आया ।

वो है अेक महान मुसव्वर,*
मेरी तसवीर देखने आया।

ગીત ગાતાં ગાતાં મને એમ લાગ્યું કે, હું એક વિશાળ, અગાધ ગંગામાં સ્નાન કરી રહ્યો છું અને મારી ચેતના પર ચઢેલા મેલને, મમતાને ધીરે ધીરે ધોઈ રહ્યો છું.

પછી બીજાં સાત વરસ પસાર થઈ ગયાં.

હું એક વાર બહુ જ બીમાર પડી ગયો હતો. બચવાની આશા બિલકુલ ન હતી.

એક દિવસ થોડા કલાકોની સતત બેશુદ્ધિ પછી — જે ગાળામાં સગાંવહાલાંઓ અને દાક્તરો મારા મૃત્યુની દર પળે વાટ જોઈ રહ્યાં હતાં — અચાનક અંદરથી પ્રેરાઈને હું એક ગીત ગાવા લાગ્યો.

તે વખતે હું એટલો બધો અશક્ત હતો કે, દાકતરોને એવી બીક લાગી કે, કદાચ ગીત ગાતાં ગાતાં મારું હૃદય એકદમ બંધ પડી જશે! તેથી એ લોકોએ મને ચૂપ રહેવા માટે બેત્રણ વાર કહ્યું. પણ મેં માન્યું નહિ.

તે વખતના ગીતના શબ્દો આ પ્રમાણે હતા:

रंगवाले, कर कृपा, तू रंग दे।
अे चदरिया मैने रंगी बार बार,

* ચિત્રકાર.

रंग फिर फिर उतर गया,
तू रंग दे।
तू अेक कारीगर रंगरेज़,
और रंग तेरे सब ही हैं पके,
तू रंग दे।
मुझको ज्यादा पसंद है गेरुआ,
गेरुआ ही रंगरेज़,
तू रंग दे।

ગીત ગાયા પછી મને એમ લાગ્યું કે, હું એક નવો માનવી બની ગયો છું ને મારામાં વૈરાગ્ય-વૃત્તિનો જરા વધારે વિકાસ થયો છે.

પાંચ વર્ષ પછી એક બીજી ઝાંખી થઈ.

એક વાર હું રેલવેમાં મુસાફરી કરતો હતો. જે ડબામાં હું બેઠો હતો તે ચિકાર હતો. મને ઘણી અગવડ થઈ રહી હતી. ચારે બાજુથી મને વારંવાર ધક્કા લાગી રહ્યા હતા.

એવી અગવડ હોવા છતાં અચાનક અંદરથી એક ગીત સ્ફુર્યું અને હું ગાવા લાગ્યો :

आज तेरे घर प्रीतम आया,
उसके दिलकी चाह मिटा।
आज तेरे घर प्रीतम आया,
अपने प्रेमकी भेट वो लाया ;

वो तो तेरा जनम-जनम का,
उसके दिलकी चाह मिटा।
अव तू उसके संग हो ले,
और चला जीवनकी नाव;
धूप-छाँव और विजली वरषामें,
वोही तेरा नाखुदा।

ગીત ગાતાં ગાતાં મેં ગુલાબનાં ફૂલોથી ભરેલા એક અદૃશ્ય ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. જ્યાં હું બેઠો હતો ત્યાં આજુબાજુના લોકો ધક્કા મારી રહ્યા હતા, તેનું ભાન મને જરા પણ ન રહ્યું.

આવી રીતે મારા આધ્યાત્મિક જીવનના માર્ગ પર મારાં ગીતો માર્ગસૂચક સ્તંભ બન્યાં છે.

મારાં ગીતોએ પૃથ્વી અને આકાશ વચ્ચે એક રસ્તો રચ્યો છે, જે રસ્તેથી પ્રભુ ઉપરથી નીચે મારી ચેતનામાં અવતરે છે અને હું નીચેથી તેની તરફ ઊર્ધ્વ દિશામાં પ્રયાણ કરું છું.

મારાં ગીતોએ મને એવો અને એટલો તો સાત્ત્વિક આનંદ આપ્યો છે કે તે મારી દોલત કુબેરની દોલત કરતાં અનેકગણી વધારે છે.

મારા માટીના ઘરમાં સંગીત દ્વારા જગતનો સર્જનહાર જે તારાજડિત મહેલમાં રહે છે તે પધાર્યા છે.

આ ગીતો દ્વારા જ મને એકમાં બહુનાં અને બહુમાં એકનાં કોઈ કોઈ વખતે દર્શન થયાં છે.

ટૂંકમાં, મારાં ગીતો એક એવી જાતના પરિચય અને પ્રેમ-પત્રો છે, જેથી મેં મારા જન્મજન્માન્તરના પ્રીતમને થોડો ઓળખ્યો છે અને તેણે મને ઓળખીને મારા પર કૃપાદૃષ્ટિ કરી છે.

સાચું જ કહ્યું છે કે, સંગીત એ પ્રભુ અને પ્રેમની સૌથી ઉત્તમ ભાષા અને ભૂષણ છે.

—

## ૩૩

# સાધના અને શારીરિક બાધા

ચાચાજી, આપશ્રીને આધ્યાત્મિક સાધનામાં શારીરિક મર્યાદા બાધા-રૂપ નીવડી હતી ખરી? જેમ અન્ય સાધકોના જીવનમાં આત્મા અને દેહના ધર્મો વચ્ચે સંગ્રામ જાગેલો જોવા_મળે છે એવું કંઈક આપના જીવનમાં બન્યું છે ખરું?

હું કહી ગયો છું કે, જીવનના કોઈ પણ ક્ષેત્રમાં — આર્થિક, બૌદ્ધિક, આધ્યાત્મિક — કોઈ જાતની ચોક્કસ અને ચુસ્ત સાધના મેં નથી કરી. મારા જીવનનો વિકાસ એક ફૂલની જેમ વરસાદમાં અને તાપમાં પોતાના છંદ અથવા નિયમ અનુસાર, જે હું પોતે નથી જાણતો, થયો છે.

પરંતુ જે તાપે મને કોઈ કોઈ વાર બહુ જ સતાવ્યો છે તે છે કામવૃત્તિ અથવા વાસનાનું કોઈ કોઈ વાર થતું સખત આક્રમણ!

સાધારણ રીતે તો પ્રભુકૃપાથી વિચાર, વાણી અને

વર્તનમાં જાણીબૂઝીને કામનું કોઈ જાતનું કલંક નથી થયું; અને વાચનમાં પણ એવું કોઈ દિવસે નથી આવ્યું જેની છાપ એવી પડી હોય કે પછીથી મારા મનની અંદર એક કીડાની જેમ મને અંદરથી પીડિત કર્યો હોય.

બેચાર વર્ષે કોઈ કોઈ વાર એવો હુમલો આવી જાય છે, ત્યારે હું ત્રાસી જાઉં છું. તે વખતે પ્રાર્થના, જપ, અમુક હઠયોગનાં આસનો, કોઈ પ્રવૃત્તિમાં પોતાને રોકી રાખવો, બહાર માઈલોના માઈલ સુધી ફરવા ચાલી જવું, બરફ જેવા ટાઢા પાણીમાં બેસવું, રડવું, એ બધું કંઈ જ કામ નથી આવતું! તેથી મેં એવા આક્રમણનો મુકાબલો કરવાનું જ છોડી દીધું છે. જ્યારે જ્યારે એ આવે છે, ત્યારે ત્યારે તેને તટસ્થ રીતે ભગવાનની કૃપામાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને જોઉં છું.

પરંતુ એવું આક્રમણ શું કરવા થતું હશે? અંદર હજીયે કામની વાસનાવૃત્તિ શમી નથી, એમ તો મને લાગે છે. પણ એ કોઈ દિવસ શમશે ખરી? એવો વિચાર આવ્યા વિના મને રહેતો નથી.

જે પ્રભુકૃપાથી ક્રોધ અને લોભનાં બે નર્કનાં દ્વાર ઓળંગાયાં છે, તે જ પ્રભુકૃપા નર્કના આ ત્રીજા દ્વારને પણ ઓળંગાવશે, એવી પ્રાર્થના હું કરું છું અને એવી આશામાં જીવું છું.

પરંતુ જાણકાર લોકો તો એમ કહે છે કે, જ્યાં

સુધી પ્રાણની સંપૂર્ણ શુદ્ધિ નહિ થાય, ત્યાં સુધી આધ્યાત્મિક જીવનમાં કંઈ મૌલિક પ્રગતિ નહિ થઈ શકે. તો શું મારી પ્રાર્થના અને આશા ઠેઠ સુધી નિષ્ફળ નીવડશે?

પણ પ્રભુની કૃપા તો કીમિયા સમાન છે. એ અમૂલ્ય પારસમણિ એક દિવસ મને સ્પર્શ કરશે જ, ત્યારે આ કથીર સમાન જીવન સુવર્ણમય બની જશે.

માનવ તો પ્રભુનો અંશ છે, એમ કહેવાય છે. તો કોઈ દિવસ તે પ્રભુની પવિત્રતાને વ્યક્ત કરી શકશે. જાણનારાઓ એમ કહે છે કે, આધ્યાત્મિક માર્ગ પર ચાલનારાઓને પોતાના શરીરની ચેતનાથી દૂર રહેવું જોઈએ.

પણ ભગવાન જાણે મને શરીર-સંબંધી ચેતના જરા વધારે જ રહી છે. તેનું એક કારણ શારીરિક અસ્વસ્થતા હોઈ શકે છે. અનેક વ્યાધિઓમાં વખતોવખત હું સપડાયો છું અને હરસ, દમ, કૉલેરા, ડબલ નેમોનિયા, હૃદયના ક્રૅક્સ, લો બ્લડ પ્રેશર વગેરે વગેરેથી હું જીવનમાં ઘેરાયેલો રહ્યો છું. શું તેથી જ શરીર સંબંધી ચેતનાથી હું એકદમ ઉપર નથી આવી શક્યો?

પરંતુ આવું હોવા છતાંયે હું આજ સુધી જીવતો રહ્યો છું અને કામકાજ કરતો રહ્યો છું, એ ફક્ત પ્રભુ-કૃપાને બળે જ. જે કૃપાળુએ મારાં અવગુણો, અપવિત્રતા,

શારીરિક કષ્ટો, એ બધાંને ધ્યાનમાં રાખીને આજ સુધી મને દોર્યો છે, તે જ કૃપાળુ મને ઠેઠ સુધી જરૂર દોરશે.

લોકોની નજરમાં હું સારો કે નરસો જેવો છું તેવો છું; તેનાથી મને ન તો સંતોષ થયો છે કે અસંતોષ. મને સંતોષ ફક્ત એક જ વાતનો રહ્યો છે, જો કવિ બ્રાઉનિંગના શબ્દોમાં કહું તો—

'What I was not to the people, I was to God.'

—જેવો હું લોકોની નજરે નથી, તેવો હું પ્રભુની નજરે છું.

## ૩૪
# ક્વેકર્સ સોસાયટીના સભ્ય

ચાચાજી, આપ ક્વેકર્સ સોસાયટીના સભ્ય કઈ રીતે બન્યા?

હું વર્ષોથી મૌનપ્રિય રહ્યો છું એવું મેં કહ્યું છે. પણ મૌનમાં બેસીને કોઈ કોઈ વાર અંદરથી એવો આદેશ મળ્યો છે જેના પાલનના પરિણામે મને એવી ખાતરી થઈ ગઈ છે કે, તે આદેશ પ્રભુની તરફથી જ હતો. જોકે, જે વખતે તે આદેશ થયો એ વખતે તેવી ખાતરી મને એકદમ થઈ નહોતી કે, તે પ્રભુની તરફથી છે. તે વખતે તો હું કેવળ આંતરિક પ્રેરણાની પ્રબળતા જ અનુભવી શકતો. એક ઉદાહરણ અહીં આપી દઉં, એમાં તમારા સવાલનો જવાબ પણ આવી જશે.

૧૯૪૪ના અરસામાં એક સાંજે મુંબઈમાં હું એક અંગ્રેજ મિત્રના ઘરના બાગમાં તેમની અને તેમનાં પત્નીની પ્રતીક્ષા કરતો એકલો બેઠો હતો.

તે વખતે મને અંદરથી એકદમ એવો આદેશ થયો કે, હું ક્વેકર્સ સોસાયટીમાં દાખલ થાઉં.

હું આ સોસાયટીના નામથી તો ઘણાં વર્ષોથી પરિચિત હતો. પહેલી વાર તેમના વિશેનો એક લેખ જ્યારે હું કૉલેજમાં ભણતો હતો, ત્યારે ઇંગ્લૅંડના ઇતિહાસની એક ચોપડીમાં મેં વાંચેલો. ત્યાર પછી એકબે ક્વેકર્સ જે હિંદમાં પ્રવાસે આવ્યા હતા ત્યારે શાંતિનિકેતનમાં તેમને હું મળ્યો હતો. પણ કોઈ દિવસ કોઈની સાથે પણ આ સોસાયટીના સિદ્ધાંતો અને તેની પ્રવૃત્તિઓ સંબંધે કોઈ જાતની ચર્ચા નહિ થયેલી.

એ સોસાયટીનું નામ પણ મારી ચેતનામાંથી કેટલાંય વર્ષોથી લુપ્ત થઈ ગયેલું હતું. તેથી આ આદેશ માનીને મેં એક પત્ર ત્યાં બેઠાં બેઠાં જ લખી નાખ્યો કે, હું સોસાયટીનો સભ્ય થવા ઇચ્છું છું.

પણ મારો પત્ર કોને નામે મોકલવો અને ક્યાં, એ હું જાણતો ન હતો.

પરંતુ બે જ કલાક પછી એક મિત્ર મારા પેલા મિત્ર અને તેમનાં પત્નીને મળવા આવ્યા. જ્યારે મારી ઓળખાણ તેમની સાથે કરાવવામાં આવી, ત્યારે મને જણાવવામાં આવ્યું કે, તેઓ એક ક્વેકર છે.

તેથી એ તકનો લાભ લઈને મેં એમને પૂછ્યું કે, સોસાયટીનો કોઈ પ્રતિનિધિ ભારતવર્ષમાં છે ખરો? અને જો હોય તો તેમનું નામ અને સરનામું મને કૃપા કરી આપશો?

તેમણે મને એ અંગેની બધી વિગત આપી. એટલે બીજે દિવસે મેં મારો પત્ર મોકલી આપ્યો.

પરંતુ ઘણા વખત સુધી એનો મને કશો જવાબ ન મળ્યો. લગભગ બે વર્ષ પછી મને જણાવવામાં આવ્યું કે, સોસાયટીમાં મને સભ્ય તરીકે દાખલ કર્યો છે.

આટલા વિલંબનું કારણ એ હતું કે સોસાયટીનો એક અગત્યનો નિયમ એ છે કે, જો કોઈ વાતનો નિર્ણય કરવાનો હોય ત્યારે બધા જ સભ્યો સહમત થાય, તો જ તે સૌને સંમત થઈ શકે. જો અમુક નિર્ણય સંબંધી એક વ્યક્તિનો પણ વિરોધ હોય, તો તેનો અમલ નથી થતો.

અને વિલંબ થવાનું બીજું કારણ એ હતું કે, ત્રણસો વર્ષ પહેલાં જ્યારથી ક્વેકર્સ સોસાયટી સ્થાપવામાં આવી હતી ત્યારથી ખ્રિસ્તી ધર્મની બહારની કોઈ વ્યક્તિને એમાં દાખલ કરવામાં આવી ન હતી. તેથી જ્યારે મારી અરજી સોસાયટીના (ઇંગ્લૅંડના) સભ્યોની આગળ રજૂ કરવામાં આવી, ત્યારે તેમની અંદર એક મોટી ગડમથલ ઊભી થઈ ગઈ. પ્રથા અને પ્રગતિ વચ્ચે એક જાતનું મહાભારત તે લોકોમાં જાગ્યું. પ્રથા તેમને જેમ બધું ચાલી આવ્યું હતું તેવું ટકાવી રાખવા માટે કહેતી હતી; પરંતુ સદા જીવન્ત સત્ય તેમને પ્રગતિને માર્ગે લઈ જવા માટે આવાહન કરતું હતું.

આ સોસાયટીમાં ઈસાઈ ધર્મની બહારના લોકોને લેવાનું જે આજ સુધી બંધ હતું, એમાં પ્રભુએ મને નિમિત્ત બનાવીને એ દ્વાર અમુક સમય સુધી તો ખોલાવ્યાં, એમ મને નમ્રતાપૂર્વક લાગે છે. એવું તો ફક્ત પ્રભુ જ કરી શકે. તેથી હું માનું છું કે, જે આદેશ મને આપવામાં આવ્યો હતો તે પ્રભુએ પાઠવ્યો હતો.

એવા બીજા થોડા પ્રસંગો પણ મારા જીવનમાં આવ્યા છે. પરંતુ દરેક પ્રસંગની પાછળ પ્રભુએ મને એક નિમિત્ત કરીને અમુક સંસ્થાઓ અને વ્યક્તિઓના જીવનમાં જાતજાતની સંકીર્ણતાઓ જે તેમનામાં ચોરની જેમ પેસી ગઈ હતી તેને કાઢવામાં મને વાપર્યો છે. એમ ફક્ત મને જ નથી લાગ્યું, પણ જે લોકો વચ્ચે આંતરિક આદેશ પ્રમાણે હું ગયો અને જેમની સાથે હું રહ્યો તે લોકોએ પણ એવી સાક્ષી પૂરી છે. લોકોએ જ પ્રથમ વાર મારી આંખો એવા સત્ય તરફ ઉઘાડી કે, હું કોઈ બાહ્ય અને વિશેષ કારણ વિના તે લોકો વચ્ચે રહેવા ગયો એની પાછળ પ્રભુનો હાથ હશે જ.

## ૩૫
# સ્વજનો વિશે થોડુંક

ચાચાજી, આપશ્રીનાં સ્વજનો વિશે થોડું કહો તો અમને તેઓ વિશે જાણવા મળે.

મારા પિતાશ્રીએ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી એક નાનકડું કામ, પોતાના પેન્શનથી જે થોડા રૂપિયા દર મહિને આવતા એમાં વધારો કરવા માટે, જેનાથી ઘરનું ખર્ચ ચાલી શકે, શરૂ કર્યું. કવેટાથી જાતજાતના મેવાઓ ભારતના જુદા જુદા પ્રાંતોમાં સારી રીતે પૅક કરીને તેઓ મોકલતા અને એમાં એક રૂપિયા પાછળ એક આનો ફાયદો થતો. એમને મેવા સંબંધી — મેવો કેમ તોડવો, ક્યારે તોડવો, કેમ પૅક કરવો — ઉત્તમ પુસ્તકો ઇંગ્લૅંડ અને અમેરિકાથી મગાવીને વાંચ્યાં હતાં.

પરંતુ કવેટામાં મેવાની સીઝન ફક્ત ચાર જ મહિના રહેતી. બાકીના આઠ મહિનાઓમાં તેઓ ઉર્દૂ અને ફારસી સાહિત્યનો — વિશેષે કરીને કવિતાનો — ઊંડો

અભ્યાસ કરતા. જુદા જુદા દેશોની ટિકિટો ભેગી કરીને સારી રીતે રાખતા. હસ્તરેખાનો અભ્યાસ પણ ઘણી હોંશથી કરતા. કોઈ કોઈ વાર ઉર્દૂમાં મૌલિક કવિતાઓ પણ લખતા. સંગીત અને સાંસ્કૃતિક સમારોહ ગોઠવવામાં તેમને રસ પડતો.

આપણા જુવાનિયાઓની તંદુરસ્તી દિવસે દિવસે નબળી પડતી જોઈને તેમને અતિશય દુઃખ થતું. તેથી પહેલાં તેમણે પોતાનું શરીર ઊંચા દરજ્જાની કસરત નિયમિત કરીને સુંદર અને સુડોળ બનાવ્યું. પછી વર્ષો સુધી સિંધ, પંજાબ અને સરહદની સેંકડો શાળાઓ અને કૉલેજોમાં તંદુરસ્તી કેમ સાચવવી અને સુંદર તથા સ્વસ્થ શરીર કેમ બનાવવું એ સંબંધી તેમણે વ્યાખ્યાનો આપ્યાં. ફક્ત વ્યાખ્યાનો જ નહિ, પરંતુ એક નાનકડા ગ્રામોફોન અને કસરતની છ રેકોર્ડની મદદ લઈને તેઓ પ્રત્યેક વાર પોતાના વ્યાખ્યાન પછી પાંચ મિનિટ કસરત પણ પોતે કરીને બતાવતા.

કરાંચીમાં તેમણે એક વ્યાયામશાળા એક ઉદાર પારસી સદ્‌ગૃહસ્થના દાનથી સ્થાપી હતી. ત્યાં સવારે અને સાંજે જુવાનિયાઓ તેમ જ મોટી ઉંમરના લોકોને કસરત કરતા જોઈને મારા પિતાશ્રી આનંદથી પુલકિત થઈ જતા.

તેમને જોઈને લોકો કહેતા: 'The young-old man'—જુવાન ચાચા. ઠેઠ સુધી તેમની તંદુરસ્તી બહુ

જ સારી રહી હતી. પણ છેવટે હૃદય અચાનક બંધ પડી જવાથી તેઓ ૧૯મી જાન્યુઆરી ૧૯૩૬ના રોજ અવસાન પામ્યા.

* * *

મારાં માતુશ્રીના અવસાન પછી ત્રણ વર્ષ બાદ મારા પિતાશ્રીએ પુનર્લગ્ન કર્યું. મારાં ઓરમાન મા કચ્છના એક ભાટિયા કુટુંબનાં હતાં. તેઓ નાની ઉંમરમાં વિધવા થઈ ગયાં હતાં. ૧૯૧૦માં વિધવાઓ પુનર્લગ્ન કરે એવો પ્રચાર કરવા માટે મુંબઈથી સિંધ અને પંજાબની મુલાકાતે એક અગ્રગણ્ય સમાજ-સુધારક આવ્યા હતા. આ સુધારાને ઉત્તેજન આપવા માટે પિતાજીએ ફરીથી લગ્ન કરવાનું નક્કી કર્યું.

ઓરમાન માને બેત્રણ વર્ષ આવ્યાંને થયાં ત્યાર પછી અમારું સંયુક્ત કુટુંબ ધીમે ધીમે વિખરાવા લાગ્યું. તેનું મુખ્ય કારણ આર્થિક નહોતું, પણ રીતરિવાજની ભિન્નતા હતું.

મારાં ઓરમાન મા ૧૩મી ઑકટોબર ૧૯૫૬માં ગુજરી ગયાં.

* * *

મારી નાની બહેન જેમણે જીવનમાં ઘણું દુઃખ સહન કર્યું હતું.

પહેલાં તો કવેટામાં ૧૯૩૫ની સાલમાં થયેલા ધરતીકંપમાં તેમનું કુટુંબ તારાજ થઈ ગયું. મિલકત તો

ગઈ, પણ ઘણાં સગાંવહાલાંઓ પણ જમીનની નીચે દટાઈને મરી ગયાં! પછી ૧૯૪૭માં ફરીથી બધું ઉજ્જડ થઈ ગયું. અને પહેરેલે કપડે જ તેઓ ભારતમાં આવ્યાં. આખરે ૧૯૫૦ના મે માસમાં તેમણે શરીર છોડયું.

આટલું બધું દુઃખ પડયા છતાં તેઓ સદા શાંત અને હસતાં રહેતાં; તથા બીજાંઓની સેવા કરવાનો અવસર કદી ચૂકતાં નહિ.

* * *

મારા મોટાભાઈ ૧૯૧૯ની સાલની આસપાસ વેપારમાં દાખલ થયા. પોતાની બુદ્ધિ અને મહેનતથી તેમણે ઘણી પ્રગતિ કરી. પણ ચાળીસ વર્ષના ગાળામાં તેમણે ચારપાંચ વાર ખોટ ખાધી. દરેક વખતે બધું જ ચાલી જતું. પણ હિંમતથી તેઓ ફરી ઊભા થઈ જતા. તેમણે ૧૯૧૪ની આસપાસ લગ્ન કર્યું હતું. પણ થોડા વખત પછી મારાં ભાભી ગુજરી ગયાં. ૧૯૧૮માં મારા મોટા-ભાઈએ બીજી વાર લગ્ન કર્યું. પણ ૧૯૨૩માં મારાં બીજાં ભાભી પણ બે દીકરીઓને મૂકીને ગુજરી ગયાં. તેમણે ૧૯૨૬માં ત્રીજી વાર લગ્ન કર્યું. તેમનાથી ત્રણ દીકરાઓ અને એક દીકરી થયાં. બધાં બચ્ચાંઓ સારી રીતે ગોઠવાઈ ગયાં છે.

## ૩૯

# સ્ત્રીઓ પ્રત્યેનું વલણ

ચાચાજી, સ્ત્રીજાતિ પ્રત્યે આપનું વલણ કેવું રહ્યું છે?

ઘણીય વાર મારું ભલું ઇચ્છનારા મારા અમુક મિત્રોએ મને કહ્યું છે કે, સ્ત્રીજાતિ તરફ હું અતિશય પક્ષપાત ધરાવું છું. એ લોકોની આ લાગણીપૂર્વકની ટીકા બરોબર છે.

પરંતુ મારા આ પક્ષપાતની પાછળ કોઈ વિશેષ હેતુ રહ્યો છે જે આજ સુધી હું નથી જાણી શક્યો.

કોઈ કોઈ વાર જીવનમાં અહેતુક પક્ષપાત જેવી પણ વસ્તુ હોઈ શકે છે. પણ મારી અંદર પોતાનું નિરીક્ષણ કરતાં મને એટલું તો વારંવાર લાગ્યું છે કે, સ્ત્રી તરફ પક્ષપાત ધરાવવાની પાછળ એક પ્રકારની ઋણ-શોધ હું કરી રહ્યો છું.

મારી માએ મને શું નથી આપ્યું? તેથી એના બદલામાં હું જેટલી અને જેવી રીતે સ્ત્રીજાતિ માટે

નજીવી અને નમ્ર સેવા કરી શકું, તે ઓછી જ છે.

પણ એક કવિની બે લીટીઓની છાપ પણ નાનપણથી આ દિશામાં મારા પર ઊંડી પડી છે. તેના મૂળ શબ્દો-તો-હું ભૂલી ગયો છું. પણ તેનો ભાવાર્થ આ પ્રમાણે છે: 'અમારો (=માણસોનો) જન્મ માની અતિશય પીડામાં થાય છે. તેથી કોઈ માને કોઈ જાતની પીડા આપણે ન આપીએ એ આપણો ધર્મ છે, કર્તવ્ય છે.'

મારા પક્ષપાતના બદલામાં મને એક આશીર્વાદરૂપી પ્રેમ સદા બહેનો અને માતાઓ તરફથી મળ્યો છે. એ પ્રેમે મને અંદરથી તેમ જ બહારથી શુદ્ધ રહેવામાં બહુ મોટી મદદ-કરી છે.

પરંતુ હું જાણું છું કે, સાચા અર્થમાં હું હજી સુધી બ્રહ્મચારી નથી રહ્યો! કારણ કે સાચો બ્રહ્મચારી તો તે છે જે બ્રહ્મમાં સદા ચર્યા કરે છે. આ દૃષ્ટિથી હું એક ભ્રષ્ટ બ્રહ્મચારી છું, એમ કહું તો એમાં લેશમાત્ર પણ અતિશયોક્તિ નથી. પણ માતાઓ અને બહેનોના પ્રેમથી જો હું વંચિત રહ્યો હોત, તો હું વધારે અધમતાને પામ્યો હોત, એ સંબંધમાં મને જરાય શંકા નથી.

આજ સુધી કોઈ બહેનની કે માતાની આંખોમાં કોઈ કારણથી આંસુ આવેલાં જોઈને મારું હૈયું રડી પડે છે અને મારી સહાનુભૂતિ તથા સેવાની વૃત્તિ પ્રબળ બની જાય છે. પણ એટલું સાચું છે કે, જ્યારે મારું હૈયું

પ્રેમથી અને સહાનુભૂતિથી ઊભરાઈ આવે છે, ત્યારે મારી વાણી તેમ જ વર્તનમાં ઘણાઓને સામાજિક દૃષ્ટિથી અંકુશ અને સંયમનો અભાવ દેખાયો છે. પરંતુ મારો સ્વભાવ કંઈ એવી જાતનો છે કે, પ્રેમ અને સહાનુભૂતિના ક્ષેત્રમાં હું પોતાને ખોઈ બેસું છું. અને એ સ્વભાવ બદલવાને મેં વારંવાર પ્રયત્ન કર્યો છે, છતાં હું આજ સુધી નિષ્ફળ નીવડ્યો છું.

## ૩૭
# પુસ્તકોનો પ્રભાવ

ચાચાજી, આપના જીવન પર કયાં કયાં પુસ્તકોની અસર પડેલી જણાય છે?

કેટલાંક પુસ્તકોએ મારા જીવન પર ઘણી અસર કરી છે અને મારા ઘડતરમાં મોટી સહાય કરી છે.

ઈશોપનિષદ્, બાઈબલ, ગુરુદેવની ગીતાંજલિ, તુલસીકૃત રામાયણ, રસ્કિન—'સીસેમ ઍન્ડ લીલીઝ', જૉન ગાલ્સવર્ધીનાં નાટકો, કબીર મીરાં અને દાદૂનાં ભજનો, બાઉલનાં ગીતો, ખ્વાજા હસન નજામીના ઉર્દૂમાં નિબંધો તથા ખાસ કરીને તેમનું કૃષ્ણચરિત, સિંધના સૂફી કવિઓ—શાહ લતીફ, સચ્ચ, કુતુબ અને સામીની કવિતાઓએ પણ મારા પર પ્રભાવ પાડચો છે.

સાધારણ રીતે મેં બહુ ઓછાં પુસ્તકો વાંચ્યાં છે. તેથી જ્ઞાનની દૃષ્ટિથી મેં કાંઈ ઊંડાણ અને વિસ્તાર નથી મેળવ્યાં.

પરંતુ 'પી. ઇ. એન.' જે લેખકોની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે એમાં જોડાયા પછી મને શ્રીમતી સોફિયા વાડિયા જે 'પી. ઈ. એન.'ની ભારતની શાખાનાં સ્થાપનાર છે તેમની કૃપાથી વારંવાર સારાં સારાં પુસ્તકો વાંચવા મળ્યાં છે.

તેમણે અને તેમના પતિશ્રી વી. પી. વાડિયાએ મને મારા સાહિત્યિક કામમાં ઘણું ઉત્તેજન આપ્યું છે. તેમના ઉત્તમ માસિક 'Aryan Path'માં કોઈ કોઈ વાર મારો લેખ છાપીને તેમણે મને ઘણો આભારી કર્યો છે.

એક માસિક દરેક દૃષ્ટિથી કેવી રીતે બહુ સારી રીતે ચલાવી શકાય છે તેનું Aryan Path એક ઉજ્જવળ ઉદાહરણ છે.

## ૩૮

# શિક્ષક એટલે સાધક

ચાચાજી, શાંતિનિકેતનમાં અધ્યાપનનું કામ કરતી વેળાએ આપને શિક્ષણ અંગે કશો ખાસ અનુભવ થયો હતો ખરો?

જ્યારે હું શાંતિનિકેતનમાં કામ કરતો હતો ત્યારે એક વાર મને એક એવા સત્યનો અનુભવ થયો, જેથી મારો અટલ વિશ્વાસ હવે તો થઈ ગયો છે કે, દરેક વ્યક્તિની અંદર એક વિશેષ અમૂલ્ય આવડત હોય છે. તે આવડતનું ભાન દરેક વિદ્યાર્થીને કરાવવું એ પ્રત્યેક શિક્ષકનો ધર્મ છે.

તેથી શિક્ષકને સૌથી પહેલાં સાધક બનવું પડે છે. અને સાધક બનવું એટલે આત્માનો સેવક બનવું.

એક વાર અમુક વિદ્યાર્થીઓ વર્ગના કોઈ પણ કામમાં કેટલુંય સમજાવ્યા છતાં રસ લેતા નહોતા. તેથી એવું નક્કી કરવામાં આવ્યું કે, એ વિદ્યાર્થીઓને પાછા તેમને ઘેર મોકલી દેવા.

પરંતુ ગુરુદેવને આચાર્યની આ મુઝવણ રુચી નહિ. તેમણે સૂચવ્યું કે, એક વાર ફરીથી એવો પ્રયત્ન કરવો જોઈએ જેથી શિક્ષકો એ વિદ્યાર્થીઓની શી મુશ્કેલીઓ છે, તે શું કામ ભણવામાં રસ લેતા નથી, એની ખરી માહિતી પામી શકે.

તેથી એ વિદ્યાર્થીઓની સેવા કરવાની તક પ્રભુકૃપાથી મને મળી.

એક મહિના સુધી એ લોકોને જેટલો મારાથી બની શક્યો તેટલો સમજાવવા-પટાવવાનો પ્રયત્ન મેં કર્યો. પણ તેઓ તો અભ્યાસ તરફ ઉદાસીન જ રહ્યા! મને આથી એમ લાગ્યું કે, મારા બધા પ્રયત્નો નિષ્ફળ જ નીવડશે.

જ્યારે મારી આ નિરાશા પરાકાષ્ઠાએ પહોંચી, ત્યારે એક ચમત્કાર થયો!

ત્રીસમે દિવસે રાતે હું મારી કુટિયાની બહાર સૂતેલો હતો, ત્યારે એ વિદ્યાર્થીઓનો સરદાર એક કમળ-ફૂલ લઈને મને મળવા આવ્યો.

તે બિચારો તેર વર્ષનો બાળક અંધારામાં એકલો ત્રણેક માઈલ દૂર જંગલમાં આવેલા એક તળાવમાંથી ઋતુનું પહેલું કમળ-ફૂલ તોડી લાવીને મારે માટે પ્રેમ-ભેટ તરીકે આપવા આવ્યો હતો.

તેના આવા વહાલથી મારા મનમાં ફરી એક વાર

એવી આશા ઉદ્‌ભવી કે, બીજે દિવસે તેને અને તેના સાથીઓને હું પ્રેમથી જીતી શકીશ.

આ આશા સફળ થઈ.

બીજે દિવસે પહોરમાં તે વિદ્યાર્થીઓએ મને તેઓની સાથે નાસ્તો કરવા બોલાવ્યો.

નાસ્તો પૂરો થયા પછી એ લોકોએ પોતપોતાની સર્જનશક્તિનો ખ્યાલ આપ્યો.

કોઈએ સુંદર કવિતાઓ લખી હતી. કોઈએ બહુ સારા નિબંધો લખ્યા હતા. કોઈએ ચિત્રો દોર્યાં હતાં. કોઈએ પોતાના હાથે કેટલીક સુંદર વસ્તુઓ બનાવી હતી. કોઈએ જુદાં જુદાં વૃક્ષોનાં પાંદડાં અને ફૂલ ભેગાં કરીને એક આલ્બમ બનાવ્યું હતું.

આ બધું જોઈને એ દરેક વિદ્યાર્થીમાં કયો વિશેષ ગુણ યા રસ છુપાયેલો છે એની મને ખબર પડી ગઈ.

પછી થોડા મહિનાઓ સુધી દરેકને જે જે વિષયમાં રસ હતો એને માટે ખાસ પ્રોત્સાહન આપવામાં આવ્યું. પછી તેઓ ફરીથી વર્ગમાં દરેક વિષયમાં રસ લેવા લાગ્યા.

એ જ વિશ્વાસને પરિણામે હું કોઈ દિવસ કોઈ વિદ્યાર્થીના નિબંધ તપાસતાં એની ભૂલો છેકી નાખવાની હિંમત નહોતો કરતો. જેને આપણે સાધારણ રીતે ભૂલ કહીએ છીએ એ પોતાના વિચારોને બરોબર વ્યક્ત

કરવાની શક્તિના વિકાસના અભાવે છે; અને તે વિકાસ ધીરે ધીરે થાય છે. તેથી દરેક વ્યક્તિ પોતપોતાની શક્તિ અનુસાર પોતાના વિચારો વ્યક્ત કરે છે.

એટલે હું એ ભૂલોની નીચે લાઇન દોરી દેતો અને તેની નજીક જે ઉચિત શબ્દ અથવા વાકય હોય એ લખી દેતો.

પછી નોટબુક પાછી આપતી વખતે જેવી રીતે તેણે લખ્યું હતું એ તથા જે ઉચિત શબ્દ કે વાકય મેં લખ્યું હતું એ હું તે વિદ્યાર્થીને વાંચી સંભળાવતો અને તેને પૂછતો, 'આ બંનેમાંથી તમને શું બરોબર લાગે છે?'

લગભગ દરેક વખતે વિના વિલંબે વિદ્યાર્થી તરત જ કહેતો કે, જે નવો શબ્દ યા વાકય લખવામાં આવ્યું એ મને બરોબર લાગે છે.

એનું કારણ એ જ છે કે, હું કોઈ દિવસ નિબંધો તપાસતાં માર્કસ કે રિમાર્કસ નહિ આપી શકતો. મારો એવો વિશ્વાસ છે કે, દરેક વ્યક્તિ પોતાની શક્તિ પ્રમાણે એટલું અને એવું કામ પોતાની સ્થિતિ અનુસાર કરે છે. તેથી અમુક માપદંડથી તેના કામની કદર કરવી નહિ જોઈએ.

શિક્ષક એક સાધક છે, એમ ઉપર કહેવામાં આવ્યું છે. પણ તેણે શાની સાધના કરવી જોઈએ?

આત્મજ્ઞાનની. કારણ કે જ્યાં સુધી શિક્ષક પોતાના

આત્માને નહિ ઓળખી શકશે, ત્યાં સુધી એ પોતાના આત્માની કે બીજા કોઈ આત્માની સેવા નહિ કરી શકશે.

અને આત્મજ્ઞાનનો અર્થ એટલો જ થાય છે કે, જે બ્રહ્મ અદ્વિતીય છે, અખંડ છે, અકાલ છે અને જેનું સ્વરૂપ 'सत्यम् शिवम् ज्ञानम् सुन्दरम्'માં પ્રગટ થયેલું દેખાય છે તેની ઓળખ કરવી અને તેનો આદર કરવો.

ફક્ત પરીક્ષા માટે જે પુસ્તકો પસંદ કરવામાં આવે છે તેનો જ કેવળ અભ્યાસ, એ કેટલોય ઉત્તમ દરજ્જાનો હોય તોપણ, તેનાથી વિદ્યાર્થીને કાંઈ મળવાનું નથી. તેથી જ ગુરુકુળની, આશ્રમની તથા સાચા ગુરુઓની શિક્ષણના ક્ષેત્રમાં ઘણી જ જરૂર છે. એક શિષ્ય ગુરુના સાન્નિધ્યમાં રહીને રાતદિવસ તેના આત્માનો મહિમા તેના વ્યવહાર તથા વર્તનમાં જોઈને પ્રભાવિત થાય છે; એ પ્રભાવ જ વિદ્યાર્થીને જીવન જીવવાની સાચી કળા શીખવા પ્રેરણા આપે છે.

## ૩૯
# જીવનની બે ધારાઓ

ચાચાજી, આપના આંતરિક જીવનના વલણ વિશે આપ શું કહો છો? આપનો આંતરિક પ્રવાહ — Inward flow — કઈ તરફ વહે છે?

મારા જીવનમાં બે ધારાઓ સતત અને સાથે સાથે વહેતી રહી છે.

એક અસંતુષ્ટતાની અને બીજી આનંદની.

ઉપરથી જોતાં આ બંને ધારાઓમાં વિરોધ જેવું લાગે છે. પણ ચેતનાના કોઈ અદૃશ્ય કેન્દ્રમાં આ બંને ધારાઓનો સંગમ સમાયેલો છે એની પ્રતીતિ અને સાક્ષી કોઈ કોઈ વાર અંદરથી મને થઈ છે.

એવી પ્રતીતિનું નિરૂપણ શબ્દોમાં આપવું લગભગ અસંભવ જ છે. એવાં રહસ્યોને સમજવા માટે અને સમજાવવા માટે કેવળ એક જ ભાષા છે, એક જ ભાષ્ય છે; અને તે છે મૌન.

આ અસંતુષ્ટતાની ધારા ક્યાંથી ઉદ્‌ભવી છે તે તો નથી કહી શકાતું. પણ એને વહેતી જીવનમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં તો કેટલીય વાર પ્રત્યક્ષ જોઈ છે. પરસ્પર પ્રીતિ અને સામાજિક સંબંધોમાં કે સર્જનના ક્ષેત્રમાં અથવા સેવાના કામમાં વિશેષ કરીને આ અસંતુષ્ટતા અનુભવાય છે.

કોઈ સુંદર ગીત સ્ફુરી આવ્યું છે કે નિબંધ લખાયો છે તે વખતે તો અલૌકિક આનંદ અનુભવાયો છે; પરંતુ તરત જ તે આનંદ એક જાતની અલૌકિક પણ પ્રોત્સાહિત એવી અસંતુષ્ટતામાં બદલાઈ જાય છે. કારણ કે એવો વિચાર અચાનક જ આવી જાય છે કે, તત્કાલીન કૃતિ કેટલીય સુંદર ભલે કેમ ન હોય, તેનાથી પણ હજીય વધારે સુંદર કૃતિનો સંભવ છે. 'The best is yet to be.' તેથી અંદરથી કોઈ બોલી ઊઠે છે: 'તો વધારે સુંદર કૃતિની—સર્જનની—અપેક્ષા રાખો ને! તેને માટે પ્રાર્થના કરો! તેને માટે પ્રયત્ન કરો!'

એક દષ્ટાંત અહીં આપી દઉં તો વખતે મારો કહેવાનો જે મુદ્દો છે તે જરા વધારે સરળ બની જશે.

એક વાર એક નાનકડો નિબંધ અંદરના આદેશ મુજબ અને તેની પ્રેરણાથી મેં અંગ્રેજીમાં લખ્યો હતો. તે નિબંધનો અનુવાદ હિંદુસ્તાનની સાતઆઠ ભાષાઓમાં તો થયો જ, પણ હિંદુસ્તાનની બહાર પણ થોડી વિદેશી પત્રિકાઓમાં તે છપાયો. આ બધાથી ફરીને એક વાર

જે આનંદ તે નિબંધ લખતાં થયો હતો એ અનુભવાયો. પરંતુ સાથે સાથે સર્પની જેમ સૂતેલો અહંકાર પણ ફરીથી જાગી ઊઠ્યો!

આ જોતાં જ હું રડી ઊઠ્યો. અંદરથી એક અદૃશ્ય અવાજે કહ્યું:

'સંતુષ્ટતામાં—તે ભલે સુંદર કૃતિ કે સુંદર કર્મ કે સુંદર ચરિત્રને પરિણામે હોય—લિપ્ત થવું એ ઝેર છે ઝેર! કિન્તુ તું આ મૌલિક સત્યને ભૂલી જાય છે. કેમ સજાગ નથી રહેતો? હજી તો આગળ ને આગળ ચાલવાનું છે.'

એવી જ રીતે પરસ્પર પ્રીતિ અને સામાજિક સંબંધોના ક્ષેત્રમાં બન્યું છે.

કોઈ કોઈ વાર અમુક વ્યક્તિની સાથે એક એવી તાદાત્મીયતા મેં અનુભવી છે કે તેનામાં સંપૂર્ણ રીતે ઓતપ્રોત થઈ જવાનું વારંવાર મન થઈ આવ્યું છે; અને અમુક હદ સુધી તથા થોડા વખત માટે પણ હું તેનામાં ઓતપ્રોત થઈ પણ જાઉં છું અને તેનો આનંદ પણ ભોગવું છું.

પરંતુ જ્યારે મારો એ ઓતપ્રોત થઈ ગયાનો આનંદ પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે તરત જ અંદરથી એક અવાજ એમ કહેતો સંભળાય છે:

'આ ભોગ છે ભોગ! અને એનું ફળ શું હોય છે

તે તું જાણે છે ખરો? શોક અને રોગ. નીકળી આવ બહાર આ લિપ્તતાના કૂપમાંથી. ગંગાનદીને કાંઠે કેમ નથી બેસતો? તેનું જળ કેવું નિર્મળ અને મધુરું છે!'

પણ દરેક વખતે એવી ચેતવણી મને અંદરથી નથી મળતી. પરંતુ જે વ્યક્તિમાં હું ઓતપ્રોત થઈ ગયો છું તેને નિમિત્ત કરીને એવી ચેતવણી પ્રભુ મને આપી દે છે.

મારા જીવનમાં મિત્રતાનો સંબંધ મેં લગભગ દરેક વ્યક્તિની સાથે બાંધવાનો અને તેને સાત્ત્વિક રીતે સાચવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ થોડી એવી વ્યક્તિઓ પ્રભુકૃપાથી મને મળી છે, જેમનો આશીર્વાદરૂપી પ્રેમ પામીને મેં મારું સર્વસ્વ સમર્પણ કરવાની તૈયારી પણ બતાવી છે. અને બેચાર વાર સર્વસ્વ સમર્પણ પણ કરી દીધું છે.

આમાં મને શાંતિ અને આનંદ ઘણાં મળ્યાં છે. પણ વહેલોમોડો હું ચેતી ગયો છું; એમ સમજીને કે અમુક આ વ્યક્તિ જેમાં હું ઓતપ્રોત થઈ ગયો છું અથવા થઈ રહ્યો છું તેનાથી હજીય વધારે પૂર્ણ અને વિરાટ વ્યક્તિ છે જેને શોધવાનો અને જેની સાથે સંબંધ ઘટાવવાનો પ્રયત્ન મારે કરવો જોઈએ.

તેથી આ રીતે મારો આનંદ અસંતુષ્ટતામાં બદલાઈ જતો. પણ એટલું તો હું જરૂર કહીશ કે, જે વ્યક્તિ-

ઓની સાથે થોડા કે લાંબા વખત માટે મેં આવી તાદાત્મીયતા અનુભવી છે તેમના પ્રત્યે મેં મારા પ્રેમ અને આદરભાવ જેવા છે તેવા હંમેશ માટે જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. ફક્ત એવી વ્યક્તિઓ પાસેથી, મારી દૃષ્ટિએ જેને હું સંપૂર્ણ તાદાત્મીયતા સમજું છું, એની આશા હું છોડી દઉં છું અર્થાત્ મારા પ્રેમને સ્વયંભૂ અથવા સ્વપ્રકાશિત બનાવવાની હું સાધના કરતો જ રહું છું.

એક બીજી વાત પણ સાથે સાથે કહી દઉં. એ જે વ્યક્તિઓની સાથે મેં તાદાત્મીયતા અનુભવી છે તે જુદા જુદા દેશોની, ધર્મોની, જાતપાતની, સાંસ્કૃતિક ભૂમિકાની છે. તેથી મને એમ જરૂર લાગ્યું છે કે, મારો જે સંબંધ એ લોકોની સાથે જોડવામાં આવ્યો છે તેની પાછળ પ્રભુનો હાથ છે. અને તે કૃપાળુ એક સારા અને સમજુ શિક્ષકની — ગુરુની જેમ પ્રેમ તથા તાદાત્મીયતા, જે હિમાલય સમાન છે, તેનાં પગથિયે પગથિયે મારો હાથ ઝાલીને દોરી રહ્યો છે.

હવે આનંદની ધારા સંબંધી થોડા શબ્દો કહી દઉં.

એક અખંડ શાશ્વત ઉજ્જવળ આનંદ મારી અંદર છે; તે સૂરજ સમાન છે; તે એક નિરંતર વહેતા ઝરણા સમાન છે. તેની પ્રતીતિ અને સાક્ષી મને મારા સંગીત દ્વારા, મૌન દ્વારા, અસાધારણ પ્રાકૃતિક સૌન્દર્ય દ્વારા, અજાણ્યા લોકોનાં પ્રેમ અને આતિથ્ય દ્વારા મળી છે.

જો એવું ન બન્યું હોત તો મને લાગે છે કે, હું અસંતુષ્ટતાના અસહ્ય ભાર નીચે ક્યારનો જ કચડાઈ ગયો હોત!

પરંતુ એવું ન હોય કે, મારી અસંતુષ્ટતા અખંડ, શાશ્વત આનંદની મારી શોધને પુષ્ટિ આપતી હોય? મારી અસંતુષ્ટતાને હું દૈવી અસંતુષ્ટતા—જેને અંગ્રેજીમાં Divine Discontentment કહે છે એવી—કહી શકું ખરો? જે અસંતુષ્ટતા પ્રભુ તરફ લઈ જાય તે જ તો દૈવી અસંતુષ્ટતાને? કારણ કે પ્રભુ, જેનાં અનેક નામ અને રૂપ છે, તેનું એક વિશેષ નામ અને રૂપ आनंद છે.

ભલે જે કાંઈ હોય, પણ મારા હૈયાની અંદર એક એવો વિચાર તો જડાઈ ગયો છે કે, મારી અસંતુષ્ટતા પ્રભુના પ્રેમની અથવા પ્રેમના પ્રભુની શોધ ચાલુ રહે તેના માટે એક દૈવી નિમિત્ત અથવા યુક્તિ છે. તેથી જ તો સતત અસંતુષ્ટતા હોવા છતાં હું અંદરથી તો આનંદ જ અનુભવતો રહું છું.

મારી અસંતુષ્ટતામાં એક જાતની પીડા તો જરૂર રહી છે. પણ તે પીડા કેવી છે? જેવી ગર્ભવતી માતાને પ્રસૂતિકાળે થાય છે. ગર્ભવતી માને તેની પીડામાં આશા દેખાય છે. તેથી તેની પીડા આનંદનું એક પ્રતીક છે. મારી અસંતુષ્ટતાની પીડા પણ એવી જ છે.

અને હું વાટ જોઈ રહ્યો છું કે, ક્યારે મારી અંદર જે પ્રભુ છે તેનો જન્મ મારી ચેતનામાં કઈ પળે થશે? ભલે પ્રભુના એવા જન્મને મારી ચેતનામાં આવવા માટે મને લાખો જન્મની વાટ જોવી પડે. કારણ કે વાટ જોવામાં પણ એક અલૌકિક અને અતિશય આનંદ જ છે.

'ऊंची चड चड पंथ निहारुं
कब आवे महाराज ?
सूनी मैंने हरि-आवनकी आवाज़ ।'

પરંતુ જીવનમાં જે અસંતુષ્ટતા મેં વર્ષો સુધી અનુભવી છે તેને એક સુંદર રૂપ આપીને હું પોતાને છેતરી તો નથી રહ્યો ને? આ શંકા એટલા માટે મારા મનમાં ઊઠી છે કે મારા વડીલોમાંથી બેચાર જણાએ એકથી વધારે વાર મને એમ સૂચવ્યું છે કે, હકીકતમાં, જેમ અંગ્રેજીમાં કહેવાય છે— I have missed the bus; અર્થાત્ ન તો મારા જીવનનું ધ્યેય નિશ્ચિત અને નિખાલસ રહ્યું છે, ન તો હું એવી પ્રવૃત્તિઓમાં રોકાયેલો રહ્યો છું જેનું કંઈ સાચું પ્રયોજન અથવા અર્થ હોઈ શકે. તેઓનો કહેવાનો મુદ્દો એટલો જ છે કે, મારા અંતરમાં જે ઘોર નિરાશા રહી છે તેનું કારણ નિરર્થક જીવન હોઈ શકે છે. પણ તેને ઢાંકવા માટે અને મારા મનને મનાવવા માટે તેમાં મેં આશા અને સંતોષનો આલોક—પ્રકાશ જોવાનો પ્રયત્ન કર્યો છે.

આના જવાબમાં હું કોઈ સંતોષકારક દલીલ કે ખુલાસો નથી આપી શકતો. મને જે ઊંડાણમાં પ્રાર્થના સમયે એકાગ્ર મને કોઈ કોઈ વાર મારા જીવનની ગતિ કેવી છે ને કઈ દિશામાં છે તેના સંબંધમાં જે કંઈ સૂઝયું છે તે મેં ઉપર કહી દીધું છે.

૪૦

## માન-આદરની કસોટી

એક બીજી વાત પણ હું કહી દઉં, કારણ કે તેનાથી પણ હું ઘણી વાર આશ્ચર્ય અથવા વિસ્મયમાં પડ્યો છું.

ઉચિત આધાર અથવા કારણ અથવા માપ વિના લોકોએ જીવનમાં મને માન આપ્યું છે. થોડાં વર્ષો સુધી તો આ માનથી હું આનંદિત થતો. પણ એક વાર પ્રાર્થનામાં એક એવો વિચાર મને જોરથી આવ્યો: 'જે માન મને લોકો આપે છે તે મને શું પ્રભુથી વધારે ને વધારે દૂર તો નથી લઈ જઈ રહ્યું ને?'

કારણ કે, કોઈ વિશેષ યોગ્યતાને કારણે તો હું સાચા માનનો અધિકારી નથી બની શકતો. મારી પોતાની લાયકાતને પરિણામે જો મને માન આપવામાં આવે તો તો હું તેને સ્વીકારવામાં જરા પણ સંકોચ નહિ અનુભવું.

અને ઘણી વાર મારો આદર ફક્ત એટલા જ માટે

કરવામાં આવ્યો છે કે, મારો સંબંધ શાંતિનિકેતન અને તેના સ્થાપનાર પૂજ્ય ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની સાથે ઘણાં વર્ષો સુધી રહ્યો છે; અથવા પૂજ્ય ગાંધીજીની સાથે મારો પરિચય હતો; અથવા કાર્યના ક્ષેત્રમાં તેના મુખ્ય કાર્યકર્તાઓની સાથે મને સેવા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે.

આવું માન મને એટલા માટે ખૂંચ્યા કરે છે કે, હું જેવો છું તેવી રીતે સ્વીકારીને મને પ્રેમ અથવા મૈત્રી જેનું માન એક બાહ્ય રૂપ છે તે નથી આપવામાં આવતું! તેથી જ મને લાગ્યા કરે છે કે, લોકોના માનથી હું પ્રભુથી — જે પ્રેમમય છે તેનાથી — દૂર રહ્યો છું. તો તેની પાસે આવવા માટે હું પ્રભુને જ વધારે ને વધારે વળગી રહેવાનો શું કામ પ્રયત્ન ન કરું?

આવા વિચારો મનમાં ઘૂમ્યા કરે છે. મારી દૃષ્ટિએ તો મનુષ્યનું જીવન ત્યારે જ સફળ થાય જ્યારે લોકો તેને તેની પોતાની ખાતર જ જેવો તે છે તેવો સ્વીકારવામાં આવે — જેવી રીતે મા પોતાના બાળકને જેવું તે છે તેવું સંપૂર્ણ રીતે સ્વીકારી લે છે. ક્વેકર લોકોની ભાષામાં કહું તો —

I am waiting patiently to be loved for 'that of God' in me.

— મારામાં 'જે કંઈ ઈશ્વરનું છે' એ ખાતર મને લોકો ચાહતા થાય એની ધીરજપૂર્વક રાહ જોતો હું બેઠો છું.

# પુરવણી

## વિદેશ-યાત્રા

૧

પૂ. ચાચાજી ૧૯૬૨-૬૩ની સાલમાં વિદેશ-યાત્રા કરી આવ્યા. એ અંગે અમે પૂછતાં તેઓશ્રીએ કહ્યું:

૧૯૬૨ની શરૂઆતમાં પેન્ડલહિલ (વેલિંગફોર્ડ, પેન્સિલ્વેનિયા, યુ. એસ. એ.) જે કવેકર લોકોની ધ્યાન અને અભ્યાસ માટેની એક સંસ્થા છે એણે મને આમંત્રણ મોકલ્યું કે, હું તે લોકોની સાથે સપ્ટેમ્બર આખરના સપ્તાહથી જૂન ૧૯૬૩ સુધી રહું. ત્યાં રહેવા-ખાવાનું ખર્ચ તે લોકો આપશે.

આ વાતની ખબર થોડા બીજા કવેકર મિત્રોને પડી. તે લોકોએ મળીને મારા આવવા-જવાનું ખર્ચ ઉપાડી લેશે એવી બાંયધરી મને આપી.

એટલામાં અમેરિકન ફ્રેન્ડ્સ સર્વિસ કમિટી જે કવેકર લોકોની એક સમિતિ છે, જે એ લોકોનાં જુદાં જુદાં

ક્ષેત્રોમાં જે માનવસેવાની પ્રવૃત્તિઓ છે એનો વહીવટ ચલાવે છે, તેણે મને નિમંત્રણ આપ્યું કે, જો હું અમેરિકા (યુ. એસ. એ.) જુલાઈની શરૂઆતમાં પહોંચી શકું અને તે લોકોના અમુક આયોજનોમાં ઑગસ્ટની આખર સુધી ભાગ લઈ શકું, તો એ લોકો ખુશી થશે.

મેં એ બંને નિમંત્રણોને સ્વીકારી લીધાં.

ભગવાનનું નામ લઈને અને જ્યારે પ્રવાસની જાત-જાતની વિધિઓ પૂરી થઈ એટલે નવી દિલ્હીથી ૨૭મી જૂન ૧૯૬૨ની રાત્રે બી.ઓ.એ.સી.ના એક વિમાનમાં ન્યૂયૉર્ક તરફ ઊપડી ગયો.

લગભગ ૨૪ કલાક પછી હું ત્યાં પહોંચ્યો. ત્યાં મને મારા મિત્રોએ આવકાર્યો અને અમેરિકાના જાણીતા લેખક, કવિ, કેળવણીકાર અને વિચારક શ્રી બ્રેડફૉર્ડ સ્મિથ (જેઓ ગુજરી ગયા છે) અને તેમનાં ધર્મપત્ની મેરિયન સ્મિથ પોતાની મોટરમાં મને પોતાને ઘેર સેફ્ટ્સબરી વર્મોન્ટમાં (ન્યૂયૉકથી ૨૫૦ માઈલ દૂર) લઈ ગયાં.

ત્યાં આઠેક દિવસ આરામ કરીને અમેરિકન ફ્રેન્ડ્સ સર્વિસ કમિટીનાં કેટલીક જગ્યાઓએ યોજાયેલાં સેમિનાર, ફેમિલી કૅમ્પ્સ અને કોન્ફરન્સોમાં ભાગ લેવા ગયો.

આ બધી યોજનાઓનો એક જ મુખ્ય ઉદ્દેશ કે જુદા જુદા સિદ્ધાંતો અને વિચારો ધરાવતા લોકો

એકબીજાને સમજે તથા પછી શાંતિ અને શુભ વૃત્તિ કેવી રીતે પોતાના ઘેરથી લઈને આખા વિશ્વમાં ફેલાય એને માટે નાનીમોટી આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, નૈતિક, શૈક્ષણિક યોજનાઓ ઘડે અને તેમાં તન-મન-ધનથી કામ કરે. ટૂંકમાં, લોકોમાં ભેદભાવની વૃત્તિ જેટલી ઓછી થઈ શકે એટલી કરવી અને દુઃખી દર્દી લોકોની યથાશક્તિ સેવા કરવી.

આ દૃષ્ટિથી જે સેમિનારો, ફેમિલી કેમ્પ્સમાં હું ગયો તેમાં કાળાગોરાઓનો રંગભેદ, ધનિક અને ગરીબ લોકો વચ્ચેનું અંતર, અહિંસા દ્વારા શાંતિ ફેલાવવાનું કાર્ય, રાજનીતિના ક્ષેત્રમાં નૈતિક સિદ્ધાંતો અમલમાં કેવી રીતે લાવી શકાય, દેશની રક્ષા માટે સૈન્ય અને હથિયારો પર કરોડો કરોડો રૂપિયા ખર્ચાય છે તેનો ઉપયોગ ગરીબાઈ અને અજ્ઞાન દૂર કરવામાં કેવી રીતે થઈ શકે, દરેક વ્યક્તિમાં જવાબદારીની ભાવના કેમ ઉચિત રીતે વધારે ને વધારે વિકસી શકે — આવા આવા વિષયો ઉપર બુદ્ધિપૂર્વક અને ભાવભાવનાપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. અને જ્યારે જ્યારે તક મળતી અને અંદરથી પ્રેરણા થતી ત્યારે ત્યારે હું નમ્રતાપૂર્વક ગાંધીજી, ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર અને વિનોબાજીનું દૃષ્ટિબિંદુ અને તેમના પ્રયાસો સંબંધી એ લોકોને કાંઈક કહેતો.

ઓગસ્ટની આખરમાં વેદાંત સેંટર કોહાસેટ

( Cohasset, mass. ) જે બોસ્ટનની પાસે અને જે સ્વામી વિવેકાનંદના પટ્ટશિષ્ય સ્વામી પ્રેમાનંદે વર્ષો પહેલાં સ્થાપ્યો હતો, એ લોકોના વાર્ષિક ઉત્સવમાં ભાગ લેવા માટે નિમંત્રણ માતુશ્રી ગાયત્રીદેવીએ ( જેઓ એ વેદાંત સેંટર અને આનંદ આશ્રમ— લા કેસેન્ટા, લૉસ ઍંજલીસની પાસે—નાં સંચાલિકા છે ) મોકલ્યું. ત્યાં આપણા ભારત દેશનાં કેટલાંક ભાઈબહેનોને જોઈને ખૂબ આનંદ થયો અને કેટલાંય અમેરિકન ભાઈબહેનોની પરમહંસ શ્રીરામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદ પ્રત્યે અગાધ શ્રદ્ધા અદ્ભુત હતી, એનાથી મને સવિશેષ આનંદ થયો.

પછી હું લગભગ ચાર અઠવાડિયાં માટે સેફ્ટ્સબરી વરમોન્ટ બ્રેડફોર્ડ સ્મિથને ત્યાં પાછો ગયો. સેફ્ટ્સબરી નાનકડા ગામડા જેવી જગ્યા છે જેની ચારે તરફ નાના નાના પર્વતો છે; પ્રાકૃતિક સૌંદર્ય અને એકાંત અતિશય છે. ત્યાં આરામ કર્યો અને સાથે સાથે જ્યાં જ્યાંથી આજુબાજુથી ( રોટરી કલબ, ફ્રેન્ડ્સ-ક્વેકર-મીટિંગ, યુનિટેરિયન ચર્ચ, નિશાળો વગેરે ) નિમંત્રણો આવતાં, ત્યાં ભારતનો સનાતન ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય, કળા, સામાજિક રીતરિવાજો, ગાંધીજી, ગુરુદેવ અને વિનોબાજીના દરેકને દરેક રીતે ઊંચે લાવવા માટેના પ્રયાસો અંગેની વાતો હું એ લોકોને કહેતો, તે સૌ રસપૂર્વક અને કાળજીપૂર્વક સાંભળતા અને અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા.

૨૮મી સપ્ટેમ્બરે હું પેન્ડલ હિલ ગયો. રસ્તામાં

થોડા કલાક ન્યુયૉર્ક રહ્યો અને યુનાઈટેડ નેશન્સનું મકાન જોયું તથા તેની જુદી જુદી પ્રવૃત્તિઓ સંબંધી માહિતી મેળવી અને જનરલ એસેમ્બ્લીની એક બેઠકમાં થોડા વખત માટે ગયો હતો.

પેન્ડલ હિલ બપોરે પહોંચ્યો, અને ત્યાંના સંચાલક, તેના સહકાર્યકર્તાઓ તથા જુદા જુદા દેશોથી જે ત્રીસેક માણસો આશ્રમમાં દાખલ થવા માટે આવ્યાં હતાં એ બધાંની સાથે મારો પરિચય થયો.

પેન્ડલ હિલની દિનચર્યા આ પ્રમાણે હતી : ઊઠવાની ઘંટી સાત વાગે વાગતી. સાડાસાતે બધાં નાસ્તો કરતાં. પછી વાસણકૂસણ સાફ કરીને મૌનમાં બેસતાં (અઠવાડિયામાં બે વાર, ૯–૩૦ થી ૧૧–૦૦), જુદા જુદા દિવસે ધર્મ, દર્શન, અહિંસા વગેરે સંબંધી વિચારવિનિમય થતો. બપોરે ૧૨–૩૦ વાગે જમવાનું, બધું સાફસૂફ કરીને દરેક જણ પોતાની ઓરડીમાં આરામ કે અધ્યયન કરવા બેસતું, સાંજે સાત વાગે જમવાનું, બધું પરવારીને—ગુરુવાર સિવાય—આશ્રમવાસીઓ સંચાલકને મળતા, પોતાના વ્યક્તિગત કે બીજા પ્રશ્નો સંબંધી ચર્ચા માટે; અથવા કોઈ વાર બહારથી કોઈ આવ્યું હોય એનું પ્રવચન રાખવામાં આવતું. બાકીના દિવસોમાં દરેકને જે કામ ગમે (સંગીત, કળા, સાહિત્ય) તે કરતા. શનિવારે, રવિવારે સાધારણ રીતે દરેક જણ પોતાનો કાર્યક્રમ ગોઠવી લે. આ બે દિવસોમાં પ્રવચન, વિચાર-

વિનિમય વગેરે કશું રાખવામાં ન આવે. દર ગુરુવારે સવારે બે કલાક રોજનું જે કામ પોતાને કરવાનું હોય તે સિવાય વિશેષ હાથનું કામ કરવાનું હતું—બારી-બારણાં સફાઈ, રસ્તાની સફાઈ, પોતાની ઓરડી અને એની આજુબાજુની વધારે સફાઈ કરવાનું હતું.

પેન્ડલ હિલમાં દરેક સત્ર લગભગ નવ અઠવાડિયાંનું હોય છે. પહેલા સત્રમાં મને દર રવિવારે ભારતની સંસ્કૃતિ અને આધ્યાત્મિક વાત સંબંધી પ્રવચનો આપવાનું કહેવામાં આવ્યું.

પછી ફેબ્રુઆરી ૧૯૬૩માં આનંદ આશ્રમનાં માતુશ્રી ગાયત્રીદેવીએ આશ્રમમાં મને ત્રણચાર અઠવાડિયાં રહેવા માટે નિમંત્રણ મોકલ્યું. તે વખતે પેન્ડલ હિલમાં બરફ પડતો હતો અને સખત ઠંડી, જ્યારે લા ક્રેસેન્ટામાં ઠંડી સાધારણ. તેથી પેન્ડલ હિલમાં મારી તબિયત બગડી ગઈ હતી એ સુધરી જશે એ દૃષ્ટિથી માતુશ્રીએ મને બોલાવ્યો. આ સેંટરમાં વેદાંત સેંટરની જેમ થોડા લોકો રહે છે; ધ્યાન, ગાન, પૂજાસેવા જેવાં કાર્યોમાં પ્રવૃત્ત રહે છે.

ફેબ્રુઆરીના આખરના અઠવાડિયામાં હું પાછો પેન્ડલ હિલ ગયો.

માર્ચ મહિનામાં અને એપ્રિલનાં બે અઠવાડિયાંમાં આસપાસની નિશાળો અને કૉલેજોમાં મને આમંત્રણ

આવ્યાં. ત્યાં એ લોકોની આપણા દેશ સંબંધી જે કંઈ ઉત્સુકતા હોય એને થોડી ઘણી સંતોષવાના શુભ હેતુથી આપણા દેશમાં હમણાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જે કંઈ થઈ રહ્યું છે તે વિશે વાતો અને આપણા મૌલિક સિદ્ધાંતોની માહિતી પણ તેઓને આપતો.

હું પાછો ભારત માટે ન્યુયોર્કથી વીસમી એપ્રિલે રવાના થયો અને લંડનમાં પંદર દિવસ રહીને ત્યાંના ક્વેકર લોકોની જુદી જુદી પ્રવૃત્તિઓનો પરિચય કર્યો અને ઇંગ્લૅંડમાં ક્વેકર લોકોનો આશ્રમ છે ત્યાં પણ ગયો.

અને મુંબઈ પમી મે ૧૯૬૩ને દિવસે આવી પહોંચ્યો.

૨

ચાચાજી, આપશ્રીની વિદેશ-યાત્રા દરમિયાન યાદ રહી જાય એવા પ્રસંગો બન્યા હોય તો કહો, જેથી આ યાત્રા પાછળ ભગવાનનો કશો શુભ હેતુ હોય તો એની ઝાંખી થાય.

ચાલો, એ વિશે પણ થોડુંક કહી દઉં. મને આપણા દેશમાં ઘણી વાર લોકો કુતૂહલવશ થઈ પૂછતા કે, તમે પરદેશ ગયા છો ખરા?

જવાબમાં હું કહેતો કે, હજી ભગવાનની એવી ઇચ્છા નથી થઈ. એની ઇચ્છા થશે તો એક વાર વિદેશ-યાત્રા કરી આવી માનવરૂપી પ્રભુનાં દર્શન પામી ધન્યતા અનુભવીશ.

છેવટે પ્રભુની કૃપા જીવનના ઉત્તરાર્ધમાં ઊતરી ખરી. હું ધન્ય થયો.

મેં વિદેશ-યાત્રાની વાત કરી છે. એ દરમિયાન મારે કોઈ કોઈ ઠેકાણે પ્રવચનો પણ આપવા પડચાં હતાં. પ્રવચનો, વિચારવિનિમય એ બધાની ઉપયોગિતા તો છે જ. પણ જ્યારે માણસને એવી વ્યક્તિઓને જીવનમાં મળવાની તક મળે છે, જે વ્યક્તિઓને સૂફી ફકીર કહે છે 'दिलके वंदे' — એવી થોડી વ્યક્તિઓ પણ મને મળી, એનાથી મને વિશેષ આનંદ થયો.

એક ઠેકાણે, ઉદાહરણ રૂપે હું કહું, પરમહંસ શ્રીરામકૃષ્ણ વિશે વાત કરી રહ્યો હતો. લગભગ સોએક માણસો હાજર હતાં. તેમાં નેવુંએક વર્ષનાં બહેન ઊભાં થયાં. એમની આંખોમાં આંસુ. પરમહંસે તેમને સ્વપ્નામાં દીક્ષા આપી હતી એવા પોતાના આધ્યાત્મિક અનુભવની તેમણે વાત કહી.

એક બીજે ઠેકાણે ગાંધીજી અને તેમના આશ્રમની વાત કરતો હતો. સાંભળનારાઓમાં એક જુવાનિયાએ મારા પ્રવચન પછી મને આવીને કહ્યું, 'આજથી હું ગાંધીનો માણસ, અને ગાંધીનો માણસ એટલે પ્રભુનો માણસ બની ગયો છું. આજે મારા જીવનમાં મૌલિક પરિવર્તન થઈ ગયું છે. આજથી મારો દરેક પ્રયાસ જે ક્ષેત્રમાં હું કામ કરું છું એ અહિંસાની દૃષ્ટિથી સૂક્ષ્મ રીતે અને સારી રીતે થાય એવો રહેશે.'

પછી મેં સાંભળ્યું કે થોડા દિવસોમાં જ તેમણે અમુક ઝૂંબેશ ઉઠાવી જેનું ધ્યેય હતું — કાળા અને ગોરાઓ વચ્ચેનો ભેદભાવ હિંસાપૂર્ણ અને અન્યાયપૂર્ણ છે તે નાબૂદ થવો જોઈએ તથા જ્યાં સુધી એ નાબૂદ ન થાય ત્યાં સુધી મારા અમુક મિત્રો અને હું હોમાઈ જઈશું.

ત્રીજે ઠેકાણે અમે ધ્યાનમાં બેઠાં હતાં. એક ખ્રિસ્તી બહેન આવેશમાં આવીને અચાનક ઊભાં થઈ ગયાં અને 'રામકૃષ્ણ, રામકૃષ્ણ' એમ મસ્તીમાં પોકારવા લાગ્યાં. તે દિવસથી એમના જીવનમાં અને એમના પરિવારમાં એક અજબ સુગંધ અને સાત્ત્વિકતા લોકોને જોવામાં આવી છે.

એક બીજાં બહેન જ્યારે હું એક ઠેકાણે વિનોબાજીની વાત કરી રહ્યો હતો, તેમણે કંઈ અંદરથી અનુભવ્યું અને પછી તે દિવસથી એમનું જીવન આધ્યાત્મિકતાના આધારે જીવવાનો એ સતત પ્રયત્ન કરી રહ્યાં છે.

એક બીજી વ્યક્તિ સુરદાસ. હું ક્રાઇસ્ટની વાત કરી રહ્યો હતો અને આપણા મધ્યયુગના સંત કબીર જેવા ઈશુ જીવનનું રહસ્ય કેવી રીતે સમજતા તેની વાત કરી, ત્યારે તેમને ક્રાઇસ્ટના જીવન પર એક વિશેષ પ્રકાશ મળ્યો અને ક્રાઇસ્ટની રીતે પોતાના પરિવાર અને પડોશમાં જ્યાં આજ સુધી ઘણી અશાંતિ અને કુસંપ હતાં ત્યાં

શાંતિ અને સંપનું રાજ્ય તેમની પ્રાર્થના અને તેમના પ્રયાસોથી સ્થાપવામાં આવ્યું.

આ વ્યક્તિઓ સિવાય જુદી જુદી નિશાળોમાં બાળકોને મળ્યો. એ બાળકો તો મને હમેશાં યાદ રહેશે. એ બાળકોએ મને એમના નિર્દોષ પ્રેમમાં હમેશાં નવડાવ્યો છે.

* * *

ભગવાનની લીલા ભગવાન જ સમજે. આ અમેરિકાની યાત્રા પાછળ ભગવાનનો શો હેતુ હશે એ હું નથી જાણતો. વિશ્વાસમાં ગયો હતો, વિશ્વાસમાં પાછો આવ્યો. અને આ અતિસાધારણ જીવ દ્વારા જો કંઈ પણ સેવા, સત્ય, પ્રેમ, અહિંસા, શાંતિ, એકતાના ક્ષેત્રમાં થઈ હોય, તો હું સાચે જ પોતાને ધન્ય ગણીશ. કારણ કે જીવનની સાત્વિકતા અને સાર્થકતા જુદા જુદા દેશો, ધર્મો, સાંસ્કૃતિક ભૂમિકાઓ, વિચારો, અભિપ્રાયો વચ્ચે પુલ બાંધવામાં પણ છે.

# પ્રભુ-પ્રસાદી

मान-अपमान दोनोमें प्रीतम !
सुखदु:खमें भी मेरे;
जनम-मरणमें भी मेरे प्रीतम !
तेरी इच्छा पूरन हो !

# પૂ. ચાચાજીનાં ભજનો

પૂ. ચાચાજીને ભજન ગાતા સાંભળવા એ પણ જીવનનો એક લહાવો છે. તેઓશ્રીએ પોતે પણ ઘણાં ભજનો રચેલાં છે. જ્યારે તેઓ પોતાનાં ભજનો ગાય છે ત્યારે સાંભળનારને થાય છે કે એ ભજનો ઉતારી લઈએ તો કેવું સારું !

એટલે અમે પૂ. ચાચાજીને પૂછ્યું કે, તેઓ પાસે તેઓશ્રીનાં ભજનો લખેલાં છે ખરાં ?

જવાબમાં તેઓશ્રીએ કહ્યું કે, એક ચોપડીમાં એ બધાં ભજનો વર્ષો પહેલાં ઉતારેલાં હતાં. પરંતુ તેઓશ્રીનાં બીજાં બધાં પુસ્તકો વગેરેની સાથે ભજનની એ ચોપડી પાકિસ્તાનમાં રહી ગઈ હતી અને ત્યાંની તે વખતની પરિસ્થિતિ પ્રમાણે એ બધાનું શું થયું એ ભગવાન જાણે ! એટલે હવે તેઓશ્રી પાસે એવી કોઈ ચોપડી રહી નથી.

એ સાંભળીને અમે કહ્યું કે, ત્યારે આપને જેટલાં યાદ હોય એટલાં ભજનો લખાવો તો એટલાં સચવાશે. તેથી તેઓશ્રીએ યાદદાસ્ત પરથી જેટલાં ભજનો લખાવ્યાં તે અહીં ઉતાર્યાં છે.

બીજું પૂ. ચાચાજીએ પોતાનાં ભજનોનો અંગ્રેજીમાં અનુવાદ પોતે જ કર્યો છે. એ બધાં અનુવાદિત ભજનો 'The Hound of the Heart' નામના પુસ્તકમાં સંગ્રાહેલાં છે. એટલે પૂ. ચાચાજીએ જે મૂળ ભજનો અમને લખાવ્યાં એનો અંગ્રેજી અનુવાદ એની સાથોસાથ સામે પાને આપ્યો છે.

1

He who has effaced himself, he alone has known God.

God has not dwell high up in the clouds.
He is Thy own neighbour, within and without.
God does not reside in the temple or
in the mosque.
He is there where thy brother-man is in pain.
And so to alleviate that pain is to feel
the presence of God.

१

जिसने अपनी खुदी गवाँई,
उसने जानी सच्ची खुदाई ॥
खुदा नहीं दूर बादलोंमें,
वो तो तेरे पास बगलमें ।
वो तो तेरा अपना हमसाया,
भीतरमें और बाहिर भी ॥
खुदा नहीं मंदिर मस्जिदमें,
वो तो दरदीके दुःख-दरदमें ।
उस दरद दुःखको दूर करना,
उसमें खुदा बसता है भाई ॥

2

Man is, indeed, foolish.
On all sides flows the ocean of felicity and yet he does not dive into it
and then complains that he is dying of thirst.

He sees the world with the eyes of the mind and then cries that it is a maze. But he forgets that when the lotus of his soul blossoms forth he will find everywhere writ large, truth, beauty and bliss.

He goes on pilgrimage to Brindaban and takes the prescribed purificatory baths. When will he realise that where he meets others in love there is the sacred river and the real washing away of sins?

२

मूरख है रे बंदा ॥
चारों ओर बहै है सागर,
मारे नहीं गोता ।
फिर कहे सुनावे सकल जगतको,
मैं हूँ मरत पियासा ॥
मनके नयनोंसे जब देखें,
कहे ये जग गोरखधंधा ।
हृदय-कमल जब उसका खिलेगा,
दिखेगा सच्चिदानंदा ॥
बिंद्राबन और मथुरा भटके,
करे पंज इस्नाना ।
भूल जाये रे मूरख बंदा,
प्रेम-मिलन सच्चा स्नाना ॥

3

Thou knowest all, O Divine Beloved,
let Thy will be done!

Thou art the Creator, the Sustainer
and the sole Worker of the Universe.
Thy will be done!

In honour as well as in dishonour, in
sorrow and in joy, and in life and in
death, Thy will be done!

The sun and the moon shine, the flower
and the fruit grow, the electrons and
the protons dance — and these obey Thy
will. Thy will be done!

३

तूही सब कुछ जाने प्रीतम,
तेरी इच्छा पूरन हो ।।

तूही जगका सर्जनहारा,
तूही केवल अेक आधारा ।
तूही सर्व सकल करतारा,
तेरी इच्छा पूरन हो ।।

मान-अपमान दोनोंमें प्रीतम,
सुखदु:खमें भी मेरे ।
जनम-मरणमें भी मेरे प्रीतम,
तेरी इच्छा पूरन हो ।।

चाँद-सूरजको तूही चलावे,
फूलफलको तूही फलावे ।
अणु-परमाणु तूही नचावे,
तेरी इच्छा पूरन हो ।।

4

This ray of the sun, O Divine Beloved, is but a symbol of Thy love.

It is Thy love that has created the universe, decked it with beauty and breathed life into it. Thy love, indeed, transmutes stone into silver.

It is Thy love that levels down all distinctions, cements all relationships, binds all in bonds of brotherhood. Thy love, indeed, makes all of one colour, creed and caste.

It is Thy love that makes the sun, the moon and the stars shine, and the stream and the sea dance in delight. Thy love, indeed, is the lodestar of all life.

४

ये जो सूरजकी किरण,
तेरे प्रेमका आवरण ॥

तेरा प्रेम जग सरजावे,
चेत-अचेतको नाच नचावे।
सकल सृष्टि साज सजावे,
पत्थर करे कंचन ॥

तेरा प्रेम सबको मिलावे,
परस्परके संबंध बनावे।
सकल भेदभाव मिटावे,
करे अेक वरण ॥

तेरे प्रेमसे सूरज चमके,
चाँद चमके तारे चमके।
नदी और समुद्र झलके,
करे आकर्षण ॥

5

The Lord is with thee, O man,
every breath of thy life; then, why art thou afraid?

He who has surrendered his all to Him,
he alone has known the truth of life.

The world has caught thee in its snare,
so thou art rather perplexed. But if thou really desirest to extricate thyself from it, then take refuge in the Lord.

Before thou wert born, He was there,
after thou diest, He will be there. He alone is thy constant companion, thy true guide.

५

श्वासोश्वास प्रभु तेरे संग है,
काहे तू डर पावे ॥
जिसने प्रभुमें ध्यान धराया,
उसने सिर अपना सदकाया* ।
जीवनका सच्चा तत्त्व पाया,
ये ही बड़ा अचंबा रे ॥
जगने मायाजाल फैलाया,
जिसने तुझको इतना भरमाया।
जो तू चाहे उससे छूटना,
प्रभुकी शरण तू जा रे ॥
जनम पहेले था अँधेरा,
मरण पीछे भी होगा अँधेरा।
प्रभु ही अेक साथी तेरा,
वो ही पथ दरसावे ॥

* માથું આપ્યું.

## 6

Tell me, O bird, who is it that wakes you up every morning?

Is there a gong-striker who sounds the gong to wake you up?

Tell me, O bird, who is it that taught you to sing, and why do you sing and what?

*The bird replies :*

How can I tell you who wakes me up or teaches me to sing; because I am so ignorant. But I can tell you this, that I hear the sound of Some One's footsteps and I wake up and my heart bursts into a song of thanksgiving.

६

अरे पक्षी ! ज़रा बता तो सही,
तुझे कौन सुबोमें जगाता है ?
क्या कोई है घड़ियाली,
जो घड़ियाल बजा तुझे जगाता है ? ॥
रे पक्षी, बता तो सही,
तू क्यूँ और क्या गाता है ?
क्या कोई है तेरा उस्ताद,
जो तूझे गाना सिखलाता है ?

पक्षी —

मैं तो हूँ अेक मूरख,
मुझे कौन गान सिखलाता है ?
मैं तो हूँ इक नादान,
क्या जानूँ कौन जगाता है ?
किसीकी चरण-ध्वनि सुनकर,
मेरा जी भर आता है ।
फिर आनंदसे मस्त हो कर,
अुसका सुकराना गाता है ॥

7

Day after day passes away but as yet, O Beloved Divine, Thou hast not revealed Thyself to mine eyes.

My nights I spend in waiting for Thee, while my days are but a long rosary of Thy remembrance. But alas, every evening-fall dashes my hopes to disappointment.

I have searched for Thee in the melody of song, in the love of friends, and in the museum of Nature. But alas, I have failed to find Thee there.

May be Thou art Thyself the melody, love and bewitching beauty of form. If so, O Beloved Divine, I have seen Thee everywhere.

७

दिन पर दिन गुज़रे जाता,
मगर प्रीतम ! तू नज़र नहीं आता ॥
रातें कटतीं तेरे इंतज़ारमें,
दिन भी गुज़रता तेरी यादमें ।
मेरी उम्मिदों पर पानी फिर जाता,
मगर तू प्रीतम ! नज़र नहीं आता ॥
भजन-कीर्तनमें मैंने तुझे ढूँढ़ा,
दोस्तोंकी मुहब्बतमें मैंने तुझे खोजा।
कुदरतके अजायब-घरमें मैंने कीइ तलाश,
फिर भी पता तेरा नहीं पाया ॥
भजन-कीर्तनकी मिठास क्या तू है ?
दोस्तोंकी मुहब्बत भी क्या तू है ?
कुदरतमें रूपरंग क्या तू है ?
तो मैंने हर जगा तुझे पाया ॥

8

To-day who has come to my door as my guest?

Seeing him I feel I have met him before somewhere. But I have forgotten when and where.

All the same he is no stranger to me.

Let me spread my heart's carpet for him, wash his feet with my tears and kindle all the lights of my love, for thus only could I earn his recognition.

When eventually he returns to his heavenly home I shall beg of him to confer only one favour on me, — to let me take the dust off his feet.

८

आज मेरे घर कौन आया है ?
हो कर मेरा मेहमान ।।

उसे देख है याद पड़ता,
पहेले उसे मिला हूँ ।

कहाँ और कैसे वो तो भूल गया हूँ,
फिरभी नहीं अनजान ।।

हृदय-आसन में बिछाऊँ,
असुवन-जलसे चरण में धोऊँ ।

प्रेमकी वतियाँ में जलाऊँ,
यूँ ही बढ़ेगी पहचान ।।

फिर जब चले जायें वापस,
प्रीतम अनंत धाम ।

उनसे अेक ही वरदान मागूँ,
देजो चरण-धूली दान ।।

9

God is an artist and this world is His studio.

In Nature's museum there are multicoloured paintings of His for all to see.

Seeing them my heart jumps with joy.

But of all His paintings the most beautiful is the soul-suffused body of man, seeing which even the gods and goddesses go into raptures.

Colour and cadence, love and language are all but partial expressions and embodiments of Him. Seeing these, I am filled with an unquenchable longing to meet Him face to face.

९

प्रभु है अेक कलाकार ॥

कुदरतके अजायब-घरमें,
उसकी रंग-बरंगी तस्वीरें ।
मेरा हृदय देख उन्हें,
करे आनंदसे हाहाकार ॥

उसकी सबसे उत्तम तसवीर,
मनुष्यका आत्मवत् शरीर ।
देख उसे देव और देवी,
करें सदा जयजयकार ॥

रूप-रंग, गीत और भाषा,
इन सबमें है उसका आविष्कार,
देख उन्हें जागे दिलमें आशा,
कब मिलेंगे प्रीतम कलाकार ॥

10

Recognise the Beloved, O my heart!

You think of one hundred and one works of the world, think of Him, too.

He is within you, as a sword within the scabbard; you have, therefore, not to strain and stray far afield.

Whatever you do to glorify Him, that alone will truly redound to your credit.

Recognise the Beloved, O my heart,
recognise the Beloved.

१०

प्रीतमको पहिचान,
बंदे ! प्रीतमको पहिचान ।
बंदे ! सद्‌गुरुको पहिचान ।
बंदे ! मालिकको पहिचान ।
जगका तू सौ काम करे है,
उसका भी कर ध्यान । बंदे०
वो तो तेरे भीतर, भाई !
ज्यों तलवार और म्यान । बंदे०
जिससे होवे प्रभुकी बड़ाई,
उसमें तेरी शान । बंदे०

11

I am sitting outside the door of Thy temple.

But in my heart there is the undying hope that one day Thou shalt call me to sit near Thy feet.

For, under those feet of Thine
there is that sunshine, which will make
my soul's lotus bloom forth in beauty.

११

वैठा हूँ मंदिरके बाहिर,
लेके दिलमें आस ।
कभी तो बुलावोगे ही
अपने चरनन पास ॥
तेरी चरण-छायामें,
जो है प्रकाश ।
उसमें मेरी आत्माका,
होगा पूर्ण विकास ॥

12

O Lord, I am steeped in the dark shadows of delusion.

So I beg for a glimpse of Thy light.

Vouchsafe to me, then, such wisdom as will make me strong in my devotion to Thee.

For, thus alone shall I know my true Self.

Thou art like the temple-bell, O Lord, ever silent.

Only when the worshipper strikes it,
does it peal forth its melodious strains.

१२

मैं तो हूँ अेक नादान,
मागूँ तूझसे ज्ञानका दान ।।
दो प्रभु ! अैसा ज्ञान,
जिससे लगे तुझमें ध्यान ।
और बढ़े तुझसे भक्ति,
जिससे सबका हो कल्याण ।।
तुम हो मंदिरकी घंटी,
जो रहे अनजान ।
भक्त बजाये जब उसको,
सुनाये तब वो अपनी तान ।।

## 13

I have come today to kiss Thy feet.

The breeze whispers of Thee; the stars speak of Thee; the waves of the sea sing of thee; the waving grass in the field whistles of Thee.

Mother's love reveals Thee, so does the love of the beloved friend.

I do not ask for worldly wealth,
I want only to place my head at Thy feet.

१३

मैं आया हूँ आज चरण चूमने ॥

तेरे नामका गीत गाती हवा,
पता तेरा देते हैं तारे।
समुंदरकी लहेरेंमें तेरा तराना,
खेतोंकी हरियावलमें[1] तेरे ही नारे[2] ॥

माँकी मुहब्बतमें तेरा जहूर,
महबूबकी[3] आँखोंमें तू मेरे सामने ॥
नहीं मागता मैं दुनियाकी दौलत,
मैं आया हूँ चरणोंमें सिर झुकाने ॥

१ હરિયાળીમાં.

२ સ્તુતિગાન.

૩ પ્રીતમ.

## 14

The day has ended.

O heart of mine, what art thou doing at this hour?

What has thou done to meet the Divine Beloved?
For thy life is passing away.

He has been ever calling thee.
How long wilt thou remain deaf to His call?

At least now take to the path that leads to His feet, following the strains of His flute.

१४

दिन अब खतम हुआ,
क्या कर रहा तू, मेरे मन ?
प्रीतमको मिलनेका,
क्या किया तूने आयोजन ?
उम्र तेरी बीती जात,
तूने की नहीं तैयारी।
अब तो उसको मिलनेका,
कुछ भी कर आयोजन ॥
प्रीतम तोहे बुला रहा,
कब तक रहेगा तू बहेरा ?
अब तो उनकी राह चल,
मुरलीकी धुन सुनकर ॥

## 15

I am Thy servant, O Lord, Thou art my only hope.

Everything that I have, I have received from Thee, and yet my thirst for more is not as yet assuaged.

Now I have only one boon to ask of Thee; it is the gift of Thy nearness.

Thou knowest everything, O Beloved, then why should I despair ?

१५

मैं तो तेरा दास,
तू ही हो मेरी आस, प्रभुजी !
मैं तो तेरा दास ॥

सब कुछ मैंने तुझसे पाया,
तो भी मिटी नहीं प्यास ॥
अब तो अेक ही वरदान मागूँ,
वो है तेरा सहवास ॥
तू ही सब कुछ जाने, प्रीतम,
फिर मैं क्यूँ करूँ क्यास ॥
जो तुज भावे सो ही भला,
फिर मैं क्यूँ हूँ निराश ॥

16

Come into my home, my Krishna, do not pass by my door and move away.

Tonight is the night of our play of love. For ages, my Krishna, I have been sitting by the wayside, waiting for Thee.

Come into my home, my Krishna, do not pass by my door and move away.

१६

मुरली मनोहर प्रीतम प्यारे,
आवो आज मेरे घर पास ।।

आज मिलनकी रात, मेरे प्रीतम !
मिटावो दिलकी प्यास ।।

पूरी करो आज, मेरे प्रीतम !
जनमजन्मान्तरकी आस ।।

## 17

O Buddha, reveal Thy face once again
to our world and let the glory of the Bodhi
tree be re-enacted.

There is so much of hatred today in the world,

O Buddha, come and preach to us
once again, Thy message of *maitri*, Love.

We are so much caught up in the coils
of 'mine' and 'thine' that, O Buddha, come
and teach us, once again, the truth of
detachment from all desires.

We are rotting hourly in selfishness,
come, O Buddha, and once again teach us
how to render service to one another selflessly.

१७

जरा सूरत दिखा दोगे,
तो गौतमबुद्ध ! क्या होगा ?
बोधिव्रिक्षका जलवा,
फिर दिखला दोगे तो क्या होगा ?
तेरी-मेरीके झगडोंसे
जगमें है अितना कोलाहल।
मैत्री-धर्म फिर आके,
सिखला दोगे तो क्या होगा ?
स्वारथसे सड़ रहे हैं हम,
प्यारे सिद्धार्थ गौतम !
प्रेम और निष्काम सेवा,
फिर सिखला दोगे तो क्या होगा ?

## 18

O Lord, make all the people of the world one.

May they all dwell to-gether!
May they all be happy!
May the spirit of brotherhood
ever grow among them!

The root of all religions is one,
they differ only in foliage and fruit.

May the people, then,
live under the shade of this truth!

Thou art Peace incarnate and Love
all-pervasive. May the people then drink of
the cup of love divine from Thy hands!

१८

इस दुनियाके लोगोंको,
प्रभु ! प्रेमी बना दीजे ।
प्रभु ! अेक ही बना दीजे ॥
रहें हों सब अेक ही साथ,
रहें हों हरदम शाद* ।
भ्रातृभाव उन सबमें,
प्रभु ! आप ही बढ़ा दीजे ॥
सब धर्मोंका हैं अेक मूल,
जुदा है सिर्फ फल और फूल ।
सबमें साया तेरा,
ये तत्त्व उनको सिखा दीजे ॥
तेरा है नाम शांतिमय,
तेरा है प्रेम सर्वमें ।
प्याला प्रेमका उनको,
प्रभु ! आपही पिला दीजे ॥

* આનંદમાં.

## 19

Why is the moth mad after the light?

Why does the seeker go up to the gallows?

If the moth were asked why it singes
itself with the light,
it will say,
'For in being thus burnt is the joy of life.'

Why do they whose heart burns with
compassion for humanity give up
comfort and ease?

Ask them and they will tell you,
'For such is the law of Truth.'

१९

शमा पे परवाझ क्यूँ पागल होता है ?
शूली पे सवार,
सालिक क्यूँ होता है ?
परवाझसे अगर कोई पूछे,
अुसको जलनेका सबब ।
अुसका जवाब ये—
ज़िंदगीका मज़ा ये ही है ।।
अैशो इशरत छोड़कर,
होते हैं फकीर ।
जिनके दिलमें आग,
मुहब्बते खुदा जली है ।।
कोई जो अुनसे पूछे,
अैसा वो क्यूँ हैं करते ।
अुनका जवाब ये—
राहे हक्कका कायदा है ।।

20

Enter once my heart, O Beloved
Prophet of Mecca, for, day and night my eyes are eager to see Thee.

Come and preach again Thy message,
'God is one without a second'.

Come and pray again,
'God is Great', 'God is just.'

Come and proclaim that all men are equal, rich or poor, and teach us again
that true religion consists in the service of humanity.

२०

आजा आजा मेरे दिलमें,
मेरे महबूब मदीनेवाले ।।
रातदिन हैं तरसती मेरी आँखें,
तुझको देखन अल्लाके प्यारे ।
इकबार फिर आके सुना जा,
वहदतका तेरा पयगाम ।।
या इलाह इल्लिल्लाह,
या इलाह अल रहमान ।।

## 21

I am off to Brindaban. My Krishna has sounded the stops on His flute and stolen my heart.

I must take the dust off His feet and besmear with it my forehead.

His face is fragrant with beauty; His eyes are envelopes of enchantment.

His image is in every home. And in every home there is Radha awaiting His embrace.

२१

सखी, मैं ब्रिंदावन चली ॥
क्रिषणकी बाँसरीने आज,
है मेरो चित्त हर ली ॥
कर उसको सर्वांग प्रेम-प्रणाम,
लोगे उसके चरणोंकी धूलि ॥
सुनो है, उस धूलिमें,
बड़ो ही जादु भरी ॥
वो धूलि अँखियनको सुंदर आँजन,
जिससे दीखे हर ठाँई ॥
उसकी मोहनिया मूरती,
यहाँ मेरे क्रिषण ताँही राधा ॥
कैसी अनोखी सुंदर सूरती ॥

## 22

I slept in the shadow of the wall of my house
when Thou, O Lord of my life,
camest to the door.

Woe betide me, I did not wake up and so,
finding the door closed,
Thou went back.

When at last I opened my eyes
I heard the sound of thy departing footsteps.
It was then that I realized with a pang
in my heart that Thou had'st come to the door.

२२

सोया था तले दीवार,
जब आये तुम दरवाज़े ॥
नींद खुली नहीं,
दरवाज़ा बंद रहा ।
फिरके चले गये तुम,
जीवननाथ मेरे ॥
जाग पड़ा जब नींदसे,
सुनी मैंने कदमोंकी आवाज़ ।
जान लिया तब मैंने,
आये थे तुम दरवाज़े ॥

23

Who came to my door at dawn?

The night had just ended when someone knocked at my door and I asked,
'Who is there?'

He answered, 'It is I, who have come today to you as your guest.
How will you entertain me?'

And I blushed with shame.

२३

आज प्रभातमें कौन आया ?

रात अबही खतम हुई थी,
किसीने आकर दर खटखटाया ;
पूछा तब मैंने अंदरसे ।
कौन मेरे घर आज आया ?

दिया जवाब प्रभुने ।
तेरा मेहमान मैं होके आया ;
क्या करोगे मेरी खातिर ।
यह कहके उसने मुझे शरमाया ।

## 24

The Beloved has come to my courtyard.

Leaving His palace, He has pitched
His tent in my courtyard.

He is a master-musician; He has come
to listen to my song.

He is an exquisite artist; He has come to
look at my picture.

२४

मेरे घर प्रीतम आया।
अपना महल छोड़के,
मेरे घर डेरा जमाया।
वो है अेक बड़ा रागी,
मेरा राग सुनने वो आया।
वो है अेक महान मुसव्वर,*
मेरी तसवीर देखने आया।

* ચિત્રકાર.

## 25

O Divine Dyer, have compassion on me
and dye my garment.

I have dyed it again and again, but, alas,
the colour has always come off.
But Thou art a skilful dyer and
all Thy colours are fast.

I like the kingly ochre colour best of all.

O Divine Dyer, dye Thou, then, my garment
in ochre.

२५

रंगवाले, कर कृपा, तू रंग दे।

अे चदरिया मैने रंगी बार बार,
रंग फिर फिर उतर गया,
तू रंग दे।

तू अेक कारीगर रंगरेज़,
और रंग तेरे सब ही हैं पके,
तू रंग दे।

मुझको ज्यादा पसंद है गेरुआ,
गेरुआ ही रंगरेज़,
तू रंग दे।

## 26

Today the Beloved has come to thy door;
fulfil thou His heart's longing.

He has come with the gift of His love,
which He has carried for thee age after age.

Launch out thy boat of life, then, with
Him as its helmsman.
In sunshine and in shadow, in rain
and in thunder, He will be thy guide.

Today the Beloved has come to thy house;
fulfil thou His heart's longing.

२६

आज तेरे घर प्रीतम आया,
उसके दिलकी चाह मिटा।
आज तेरे घर प्रीतम आया,
अपने प्रेमकी भेट वो लाया ;

वो तो तेरा जनम-जनम का,
उसके दिलकी चाह मिटा।
अब तू उसके संग हो ले,
और चला जीवनकी नाव ;

धूप-छाँव और बिजली वरषामें,
वोही तेरा नाखुदा।

२७

मैं हूँ तेरा तू है मेरा,
मैं गुलाम तू मालिक मेरा ।।
सब कुछ जब मैं अर्पूं तोहे,
पाऊँ पारस-प्रेम तेरा ।।
भव-सागर है अति-विस्तारा,
मेरी किश्ती नाम तेरा ।।
मैं तो तेरे चरणोंकी धूली,
चरण तेरे आश्रय मेरा ।।

२८

मैं कौन हूँ, मैं कौन हूँ,
मैं क्या जानुं मैं कौन हूँ ?

मैं तो हूँ एक इनसान,
जीसका पडोसी है भगवान।

धो सच्चिदानंद है,
मैं भी सच्चिदानंद हूँ।

मैं कौन हूँ मैं कौन हूँ ?
मैं सच्चिदानंद हूँ।

२९

तेरी कृपा ही मेरो आधार।
तेरी कृपा ही मेरो आहार।
शुक्र हो तेरा हजार बार॥

29

God's grace is my sole support,
God's grace is my sole sustenance,
A thousand times
heartfelt thanks, therefore,
to Him — to Him.

## ભજનોની ભૂમિકા

પૂ. ચાચાજીનાં ભજનો ઉતારતાં ઉતારતાં અમારા મનમાં એક પ્રશ્ન ઊઠયો અને અમે પૂ. ચાચાજીને વિનંતી કરી કે, 'ચાચાજી, આપનાં આ ભજનો આપશ્રીને કયા કયા સંજોગોમાં સ્ફુર્યાં એ જો અમને આપ જણાવો, તો અમને એ ભજનો સમજવામાં સહાયરૂપ થાય.' એટલે તેઓશ્રીએ એ પાછળની ભૂમિકા સમજાવતાં કહ્યું :

### १ जिसने अपनी खुदी गवाँई।

આ ગીત મને પંજાબની એક હૉસ્પિટલમાં સ્ફુર્યું હતું, જ્યારે એક ગરીબ માણસનું ઑપરેશન એક મોટો સર્જન પૈસા લીધા વિના કરી રહ્યો હતો અને હું ઑપરેશન થિયેટરની બહાર પ્રાર્થનામાં બેઠો હતો.

*

### २ मुरख है रे बंदा।

એક વાર કોઈ મિત્રના વર્તનથી હું ઘણો મૂંઝાયેલો અને દુઃખી હતો. પણ અચાનક જ્યારે જે ઓરડીમાં હું બેઠો હતો તેની એક બારીની પાસે ઊભો રહ્યો અને

દરિયાને જોવા લાગ્યો, ત્યારે મારી મૂંઝવણ અને મારું દુઃખ એક મુહૂર્ત વિલુપ્ત થઈ ગયાં. કારણ કે અનંતના Perspectiveમાં—સુવિશાળ અવકાશમાં મારા પોતાના નાનકડા દુઃખનું અસ્તિત્વ જ ન રહ્યું.

*

## ૩ तू ही सब कुछ जाने प्रीतम।

એક દિવસે મારી ટપાલમાં જાતજાતના કાગળો આવ્યા. એમાં મારા બે નિકટના સંબંધીઓનાં અવસાનના શોકજનક સમાચાર હતા. એકમાં મારા મિત્ર અને તેમનાં પત્ની જેમને લગ્ન કર્યાને લગભગ પંદર વર્ષ થઈ ગયાં હતાં તેમને પહેલી વાર પ્રભુએ એક બાળક પ્રદાન કર્યું હતું, એની ખુશખબર હતી. વળી એક બીજા પત્રમાં મારા એક પત્રમાં મારા એક મિત્રે એક બીમાર બહેન જે મૃત્યુશય્યા પર હતી તેને સહાનુભૂતિવશ થઈને આશ્વાસન આપતાં મેં તેના માથા પર ઘણા વહાલથી મારો જમણો હાથ ફેરવ્યો હતો એની કડક ટીકા કરી હતી અને મારા ચારિત્ર પર સખત આક્ષેપ કર્યો હતો.

ટપાલ વાંચવાનું પૂરું થયું અને હું એકદમ શાંત થઈ ગયો. તે વખતે આ ગીત મને સ્ફુર્યું હતું.

*

## ૪ ये जो सूरजकी किरण।

એક સવારે હું એકલો જંગલમાં ફરતો હતો, ત્યારે

સૂરજનાં પ્રથમ કિરણ એક ઊંચા વૃક્ષની ટોચને સ્પર્શ્યાં ને અનંત સૌન્દર્યના સ્પર્શથી મને ઘણો આનંદ થયો. તે આનંદના આવેશમાં આ ગીત મને સ્ફુર્યું હતું.

*

## ૫ श्वासोश्वास प्रभु तेरे संग है।

એક વાર જ્યારે હું અમુક શહેરના હરિજનવાસમાં સેવાનું કામ કરતો હતો, ત્યારે એક હરિજનભાઈ પર ભારે આફત આવી પડી હતી. ત્રણેક દિવસમાં જ પ્લેગને કારણે તેની મા, તેનો બાપ, તેની વહુ, તેના બે છોકરાઓ પરલોક સિધાવ્યાં! અને ચોથે દિવસે જ્યારે તે ફરીથી નોકરી પર ચડ્યો, ત્યારે તેને નોકરીમાંથી કાઢી મૂકવાની નોટિસ મળી; કારણ કે તે મંજૂરી વિના વધારે દિવસ રજા પર રહ્યો હતો. તેના દુઃખની દાસ્તાનથી હું ધ્રૂજી ઊઠ્યો હતો ત્યારે મને આ ગીત સ્ફુર્યું.

*

## ૬ अरे पक्षी! जरा बता तो सही।

એક સવારે પહેલગામ કાશ્મિરમાં હું હિમાલયની તળેટીમાં ફરતો હતો. એક અતિસુંદર પક્ષી એક ઝાડ પર આવીને બેઠું અને ગીત ગાવા લાગ્યું. તે ગીત સાંભળતાં સાંભળતાં હું તલ્લીન થઈ ગયો હતો, ત્યારે આ ગીત મને સ્ફુર્યું હતું.

*

### ૭ दिन पर दिन गुज़रे जाता।

એક વાર હું ઘણો ઉદાસ રહેવા લાગ્યો. તેનું કારણ કે, જાતજાતની સાધનાઓ — જે મારે કબૂલ કરવું પડશે મેં સ્થિર ભાવે અને શ્રદ્ધાપૂર્વક કોઈ લાંબા ગાળા સુધી કરી નહોતી — કર્યા પછી વારંવાર મને એવો વિચાર આવતો કે, હાય રે, હાય રે, કંઈ નથી મળ્યું ! તે વખતે એક રાતે આ ગીત સ્ફુર્યું હતું.

*

### ૮ आज मेरे घर कौन आया है ?

ગુરુદેવ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરને પરલોકવાસી થયાને એક વર્ષ પૂરું થયું હતું. તેમની પુણ્યતિથિને દિવસે હું મારી ઓરડીમાં એકાંતમાં રહ્યો. ગુરુદેવનું સ્મરણ ચાલુ હતું. અચાનક બપોરના ત્રણેક વાગ્યે તેમના મુખ જેવું એક ઉજ્જવળ મુખ બારીની બહાર મને દેખાયું, એમ મને લાગ્યું. કારણ કે, તે વખતે મારી ઓરડીની બહાર બધું નિર્જન હતું. તે અરસામાં આ ગીત મને સ્ફુર્યું હતું.

*

### ૯ प्रभु है अेक कलाकार।

એક વાર દક્ષિણમાં ઉતાકામંડમાં — જે પ્રાકૃતિક સૌન્દર્યથી ભરપૂર છે — હું એકલો ફરતો હતો. તે નિર્જનમાં એક માણસ ત્યાંથી અચાનક પસાર થયો. તે વખતે આ ગીત મને સ્ફુર્યું.

*

## १० प्रीतमको पहिचान बंदे।

એક વાર એક સંસ્થાના સંચાલકો પોતાની સંસ્થા બતાવવા મને લઈ ગયા. જ્યારે હું બધું જોઈ રહ્યો હતો, ત્યારે તેમણે બધા કાર્યકર્તાઓને એક જગ્યાએ એકત્ર કર્યા અને તે લોકોને બે શબ્દ કહેવા માટે મને કહ્યું. તે વખતે આ ગીત મને સ્ફુરી આવ્યું અને મેં ત્યાં એ ગીત ગાયું.

*

## ११ बैठा हूँ मंदिरके बाहिर।

એક વાર ભક્તોની એક મંડળીમાં હું બેઠો હતો. દરેક જણ પોતાનો અનુભવ કહી રહ્યો હતો. તે લોકોના અનુભવ સાંભળીને મને એવો એક વિચાર આવ્યો કે, મને પણ કોઈ દિવસ એવો અનુભવ થશે ખરો? સભા પૂરી થઈ અને હું પાછો ઘેર ગયો. તે વખતે રસ્તામાં આ ગીત મને સ્ફુર્યું.

*

## १२ मैं तो हूँ अेक नादान।

એક નિશાળમાં બચ્ચાંઓની સાથે હું પ્રાર્થનામાં બેઠો હતો. પ્રાર્થના પછી આચાર્યશ્રીએ મને વિદ્યાર્થીઓને કંઈ કહેવા માટે કહ્યું. તે વખતે આ ગીત મને સ્ફુર્યું.

*

## १३ मैं आया हूँ आज चरण चूमने।

એક વાર મધરાતે કરાંચીમાં દરિયાને કાંઠે મારા એક મિત્ર અને હું ધ્યાનમાં બેઠા હતા. ધ્યાન લગભગ સવાર સુધી ચાલ્યું. ધ્યાનમાંથી ઊઠતાં જ આ ગીત મને સ્ફુર્યું.

*

## १४ दिन अब खतम हुआ।

એક સાંજે હું કામ પરથી ઘેર જતો હતો, ત્યારે આ ગીત મને સ્ફુરી આવ્યું. તે દિવસોમાં મને લગભગ બે મહિના સુધી દરરોજ વીસ વીસ કલાક કામ કરવું પડ્યું હતું.

*

## १५ मैं तो तेरा दास।

એક દિવસે વૈરાગ્યની ભાવના મારા દિલમાં ઊભરાઈ આવી, ત્યારે આ ગીત મને સ્ફુર્યું.

*

## १६ मुरली मनोहर प्रीतम प्यारे।

એક વાર મુંબઈથી દિલ્હી હું મુસાફરી કરી રહ્યો હતો. જ્યારે ગાડી મથુરા પસાર કરીને પુલ પરથી જઈ રહી હતી, ત્યારે અચાનક શ્રીકૃષ્ણની યાદે મને ઘણો વ્યાકુળ કરી મૂક્યો. ત્યારનું આ ગીત છે.

*

## १७ जरा सुरत दिखा दोगे।

એક વૈશાખી પૂર્ણિમાએ ચાંદનીમાં બેસીને એકાંતમાં એકલો હું હિમાલય તરફ નજર કરી બેઠો હતો. 'बुद्धं शरणं गच्छामि'નો મંત્ર રટી રહ્યો હતો. તે વખતે આ ગીત મને સ્ફુર્યું હતું.

*

## १८ इस दुनियाके लोगोंको।

એક શહેરમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે એક વાર કોઈ વાત પર મોટો ઝઘડો ઊભો થઈ ગયો હતો અને બંને લોકો સેંકડોની સંખ્યામાં લાઠીઓ હાથમાં લઈને એક-બીજા ઉપર આક્રમણ કરવાની તૈયારી કરી રહ્યા હતા. તે દુઃખમય દૃશ્ય જોઈને મારા મનમાં જે ભાવ જાગ્યા એ આ ગીતમાં છે.

*

## १९ शमा पे परवाझ क्यूँ पागल होता है।

થિયૉસૉફિકલ સોસાયટીનાં સ્થાપનાર મૅડમ એચ. પી. બ્લેવેત્સ્કીની પુણ્યતિથિએ એક જાહેરસભામાં આ ગીત મને સ્ફુર્યું હતું.

*

## २० आजा आजा मेरे दिलमें।

એક શુક્રવારે કરાંચીમાં ઈદગાહ મેદાનમાં લગભગ

ત્રીસ હજાર મુસલમાનોને એકસાથે નમાજ પઢતાં જોઈને મને આ ગીત સ્ફુર્યું હતું.

*

## ૨૧ सखी, मैं बिंद्राबन चली।

એક વૈષ્ણવ ભક્તનું ભજન સાંભળતાં સાંભળતાં મને એક મુહૂર્ત માટે એમ લાગ્યું કે, હું એક ગોપીમાં બદલાઈ ગયો છું અને મારી અંદર 'ગોપીમતિ' અને 'ગોપીગતિ' તે વખતે હું અનુભવી રહ્યો હતો. તે વેળાએ આ ગીત મને સ્ફુર્યું હતું.

*

૨૨, ૨૩, ૨૪, ૨૫, અને ૨૬મા ભજનોની ભૂમિકા માટે જુઓ પ્રકરણ ૩૨મું.

*

## ૨૭ मैं हूँ तेरा तू है मेरा।

શાંતિનિકેતનમાં એક રાતે મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરની સમાધિની પાસે હું બેઠો હતો અને તેમનું સ્મરણ કરી રહ્યો હતો. તે વખતનું આ ભજન છે. જોકે ભજનની ભાવના અને પહેલી બે લીટીઓ મને સ્ફુરી આવી હતી જ્યારે મેં ગુરુદેવનાં પ્રથમ દર્શન કર્યાં હતાં.

*

## ૨૮ मैं कौन हूँ, मैं कौन हूँ।

આ ગીત સિમલામાં સ્ફુર્યું. એકાંતમાં બેઠો હતો તે વખતે શ્વાસનો અવાજ 'હું હું'માંથી 'તું તું'માં બદલાઈ ગયો હતો.

*

## ૨૯ तेरी कृपा ही मेरो आधार।

અમેરિકામાં પેન્ડલહિલમાં મળેલી સેમિનારમાં એક દિવસ Gilt and Grace — પાપ અને ઈશ્વરનો અનુગ્રહ — એ વિષય ઉપર ચર્ચા-વિચારણા થતી હતી. પરંતુ બધા કોઈ ખાસ નિરાકરણ પર આવી શકયા નહોતા. એટલે હમેશના નિયમ મુજબ બધા થોડો વખત મૌનમાં શાંત બેસી રહ્યા. તે વખતે અંદરથી મને આ લીટીઓ સ્ફુરી અને એની ધૂન હું પાંચ મિનિટ સુધી બોલતો રહ્યો. એ ધૂન પૂરી થતાં બધાને એમ લાગ્યું કે પોતાના મનનું કંઈક સમાધાન થયું છે. એ લોકો આ કડીનો અર્થ સમજતા નહોતા, એટલે મને એને અંગ્રેજીમાં સમજાવવાનું કહ્યું અને એનો અર્થ જાણતાં એ લોકોને લાગ્યું કે આ ભાવ જ આખી ચર્ચાના નિચોડરૂપ છે.

## FAREWELL BELOVED FRIENDS!

[ પૂ. ચાચાજી અમેરિકા-યાત્રા કરી આવ્યા ત્યારથી દર નાતાલે વિદેશી મિત્રોને પૂ. ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરનું એકાદ કાવ્ય કે એવું જ કંઈક છપાવીને મોકલે છે. ૧૯૬૫ની ૭મી મેને દિને પૂ. ચાચાજી સિત્તેર વર્ષના થયા હતા. એ વેળાએ તેઓશ્રીએ વિદેશી મિત્રોને એક પત્ર છપાવીને મોકલ્યો હતો, એ અહીં આપીએ છીએ.]

Dear Friends,

I am seventy years old to-day! As I look back at this long tract of time, one ever-enlarging realization stands out in bold relief. It is the truth, that it is the Divine Grace that has sustained me all through. May be, that is why at the end of a seminar on the theme of 'Guilt and Grace', convened at the Quaker Centre for study and contemplation in Pendle Hill, Wallingford, Pennsylvania, U.S.A. (at the seminar I was

only an observer, though), an irresistible urge prompted me to exclaim in accents almost of ecstasy:

'The Grace of God is my sole support,
The Grace of God is my sole sustenance,
A thousand times
heartfelt thanks, therefore,
to Him—to Him.'

And, indeed, where there is a consciousness of the Divine Grace, there is also the fervour of deep gratitude.

This Grace of God has revealed itself in an endless variety of ways. But in a special way it has descended on me in the form of many, many rich and rewarding friendship—East, West, North and South. The love of innumerable friends has been a window through which I have glimpsed the ever-radiant face of God,—God, who is Love. And a regular contact with them has been a source of perpetual blessing to me. But hereafter I am afraid I shall not be able to maintain this contact with my usual regularity owing to several limitation, mainly physical—an aftermath of a recent spell of

serious illness. Therefore, my friends, you will understand if in future I write to you only occasionally.

However, dear friends, believe me, when I say that the benedictory impact of your affection over the years will continue to surround me like the springtime of the soul, particularly when every morning and every evening I sit on the prayer-carpet. Your love, therefore, will also mingle in the ever-flowing stream of my salutation to God—the Giver of all graces and gifts. And if there is any one song of my revered teacher, the poet Rabindranath Tagore, which my soul often sings during the current, oncoming twilight of my life, it is the following song:

'In one salutation to Thee my God,
let all my senses spread out and touch
this world at Thy feet.

Like a rain-cloud of July hung low
with its burden of unshed showers
let all my mind bend down at Thy
door in one salutation to Thee.

Let all my songs gather together their
diverse strains into a single current

and flow to a sea of silence in one salutation to Thee.

Like a flock of homesick cranes flying night and day back to their mountain nests let all my life take its voyage to its eternal home in one salutation to Thee'


— **Gitanjali**

Farewell, then, beloved friends, and gratitude, too, to you for your most precious gift of heart-enlarging friendship.

With abiding love,

May 7, 1965

Yours sincerely,
**Gurdial Mallik**



આવરણ : સુરુચિ, બારડોલી-૨